
10
MANDIRJI DASHABDI
MAHOTSAV UK AUG 2025

બ્રહ્મનિર્ઝર
જે બ્રહ્મને જાણે તે પરમને પામે
સપ્ટેમ્બર ૨૦૨૫ * વર્ષ ૪૦ * અંક ૫ *

મંદિરજી દશાબ્દી મહોત્સવ સ્મૃતિ વિશેષાંક
ઑગસ્ટ, ૨૦૨૫ – યુ.કે.




**શ્રી અક્ષરપુરુષોતમ સ્વામિનારાયણ મંદિર, યુ.કે. દશાબ્દી પાટોત્સવ મહાપર્વે સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે શ્રી ઠાકોરજી મહારાજની સેવામાં સંતવૃંદ !**

અનુપમ મિશન




"
સત્સંગીઓનાં દીકરા-દીકરીઓ એ સત્સંગની અને
અનુપમ મિશનની મહામૂલી મૂડી છે.
આ યુવાઓનાં જીવન સત્સંગમય થાય તે આપણી ભક્તિ છે.
"

~ સંતભગવંત સાહેબજી

|| સ્વામી શ્રીજી ||

|| ૐ સ્વામિનારાયણ ||



નૂતન વર્ષાભિનંદન!
કાર્તિક સુદી-પડવો,
સંવત-૨૦૮૨



# નૂતનવર્ષ ૨૦૮૨ના આરંભે સંતભગવંત સાહેબજીના આશીર્વાદ

પ્રભુના લાડીલા સર્વ સંતો- અક્ષર મુક્તો...

નવા વર્ષના પ્રારંભે અમો સૌ સંતો-ભક્તોના ભાવભર્યા અભિનંદન! જયશ્રી સ્વામિનારાયણ!

આપણા ગુરુદેવ અને ઈષ્ટદેવને અંતરથી રાજી કરી લેવા છે એ આપણા સૌના જીવનનું એકમાત્ર ધ્યેય છે. જેમાં સઘળાં સુખો આવી જાય છે.

શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી વાતો કરતાં બોલ્યા છે કે,
ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે છે,
જે જોઈને મોટાસંત રાજી થાય છે...

તો, આખુંએ વર્ષ આપણે સૌ આ વાતને વર્તનમાં લાવવાનો આગ્રહ રાખીએ. આપણા સમૈયા-ઉત્સવો- સભાઓ કે શિબિરોમાં આ વાતને સંતો-અંતરંગ મુક્તો થકી પાકી કરી પ્રભુના બને તેવું જીવન જીવવાની પ્રેક્ટિસ કરીએ, એ પ્રાર્થના છે.

સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થપાય, અરસ પરસ સંવાદિતા વધે, આનંદ વધે અને સૌ તન, મન, ધન અને આત્માના સુખે સર્વ પ્રકારે સુખિયાં સુખિયાં બની રહે તેવા નવાવર્ષની અમો સૌ સંતોની ગુરુચરણે- પ્રભુચરણે પ્રાર્થનાઓ છે. રાજી રહેશો.

સૌને નૂતન વર્ષાભિનંદન સાથે
આપના જ અશ્વિનભાઈ, રતિભાઈ, મનોજભાઈ
સૌ સંતો સાથે જશભાઈના ભાવપૂર્વક
જયશ્રી સ્વામિનારાયણ!

૨૨ ઓક્ટોબર,
સન્-૨૦૨૫





સ્વામિશ્રીજી

# ગુરુનાં વચન જીવીને ગુરુને સદાય પ્રગટ રાખીએ !

**પરબ્રહ્મ** પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ, જેઓ પોતાના અક્ષરધામ-અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી મહારાજ સહિત આ પૃથ્વી ઉપરપધાર્યા અને આ પૃથ્વી પરનાં સર્વ જીવ-પ્રાણીમાત્ર ઉપર અને સવિશેષ કરીને મનુષ્ય ઉપર, મુમુક્ષુઓ ઉપર, ભક્તો ઉપર અપાર કૃપા કરી !

અક્ષરધામ સહિત પૂર્ણ પુરુષોત્તમ નારાયણ આ પૃથ્વી ઉપર પધાર્યા હોય તેવો આ પહેલો દિવ્ય પ્રસંગ બન્યો. શ્રીજી મહારાજ ને સ્વામી આ પૃથ્વી ઉપર પધાર્યા, જીવ-પ્રાણીમાત્રના અને સવિશેષ કરીને મનુષ્યયોનિમાં સર્વે અક્ષરમુક્તો, મુમુક્ષુઓનાં આત્યંતિક કલ્યાણના હેતુ સાથે પધાર્યા. આ વાત સ્વયં શ્રીજી મહારાજે જણાવી, 'हमारा प्रागट्य तो जीव का आत्यंतिक कल्याण करने के वास्ते हुआ है ।' અને, આ આત્યંતિક કલ્યાણની વાત સર્વ શાસ્ત્રોના સારરૂપે મહારાજ ને સ્વામીએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના સ્થાપીને પ્રવતાર્વી. મહારાજ ને સ્વામી પછી સર્વ ગુણાતીત સંત સ્વરૂપોએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના કાર્યને વહેતું રાખ્યું અને એ દિવ્ય કાર્યને આધુનિક યુગમાં નૂતન સ્વરૂપે ભગવા હૃદયના સાધુનાં સર્જન દ્વારા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સંતભગવંત સાહેબજી દ્વારા દિગદિગંતમાં પ્રસરાવ્યું.

સાહેબદાદાની સાથે જે આઠ દિવ્ય સત્પુરુષોએ-અનુપમ મિશનના મૂળ આઠ સદ્‌ગુરુ સંતોએ આ પૃથ્વી ઉપર મનુષ્યદેહ ધારણ કરીને જન્મ લીધો તે સર્વે આઠ મનુષ્યશરીર હતાં, પણ તેઓ સર્વમાં એક ચૈતન્ય, એક બ્રહ્મ એકાત્મભાવની સાથે પ્રગટ હતા. એ આઠ દિવ્ય સત્પુરુષોમાંના એક પરમ પૂજ્ય દિવ્ય સદ્‌ગુરુ સાધુ શાંતિદાદાનો ૨૭ ઑગસ્ટે પ્રાગટ્ય દિવસ ઉજવાયો. આપણાં સૌનાં જીવનમાં અને અનેક ચૈતન્યોનાં જીવનમાં અને નકેવળ મનુષ્યો, પણ આ પૃથ્વી પર આવીને તેઓ વનસ્પતિશાસ્ત્ર-બૉટોની ભણ્યા તો અનેક પ્રકારના જીવોનાં કલ્યાણ તેઓ દ્વારા થયાં.

આપણને સૌને તેઓની દિવ્યતા, તેઓનાં વાત્સલ્ય, તેઓના પ્રેમ, તેઓની હૂંફ, તેઓની પ્રાર્થનાની અગણિત અનુભૂતિઓ ને સ્મૃતિઓ છે. રોજેરોજ શાંતિદાદાની એ સ્મૃતિ આપણું હૃદય ને આંખો બંને ગદ્‌ગદભાવે ભીની કરી રહી છે.

કેવળ ભગવાનના દિવ્ય કાર્યના વાહકરૂપે પૂજ્ય શાંતિદાદાએ આ પૃથ્વી ઉપર જન્મ ધર્યો હતો તો જીવનના બાલ્યકાળથી લઈને જીવનના અંતિમ શ્વાસ સુધી ભગવાનનાં પ્રગટ સ્વરૂપો એવા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, કાકાજી મહારાજ, પપ્પાજી મહારાજ, હરિપ્રસાદ સ્વામી મહારાજ, અક્ષરવિહારી સ્વામી મહારાજ અને પોતાના ગુરુહરિ સંતભગવંત સાહેબજી મહારાજમાં અખંડ સમ્યક્ નિર્દોષબુદ્ધિ શાંતિદાદાએ રાખી . અને, એ આઠેઆઠ મૂળ સદ્‌ગુરુ સત્પુરુષોએ પણ રાખી. જીવનની પળેપળ સાહેબની મરજી, સાહેબને રાજી કરવાનો ભાવ, સાહેબમાં સમ્યક્ અખંડ નિર્દોષબુદ્ધિ અને ભગવાનનાં સંબંધવાળાં પ્રત્યેક જીવ-પ્રાણીમાત્ર ને મુમુક્ષુઓ, ચૈતન્યો, અક્ષરમુક્તો પ્રત્યે કેવળ દિવ્યભાવે સહિત સુહૃદભાવ, સૌ માટે નિરપેક્ષ પ્રાર્થના !

તો આપણે જોયું કે, ૬૦ વર્ષના ટૂંકા સમયમાં યોગીજી મહારાજે ભગવા હૃદયના સાધુરૂપે જે આધ્યાત્મિક ઉત્કાંતિ આરંભ કરી, તે આજે તો અત્યંત તેજસ્વી અભિયાન થઈને વિશ્વસમસ્તમાં ભગવાનના દિવ્ય કાર્યના વાહકરૂપ સંતો દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના કાર્યને વહેતું રાખી રહી છે.

આપણા હૃદયમાં સ્થિર શાંતિદાદા-જેની સાથે આપણે ઊછર્યા, રહ્યા, જમ્યા, હર્યા, ફર્યા, રમ્યા - તેઓના પાર્થિવદેહનાં આજે નરી આંખે દર્શન થતાં નથી તો સ્વાભાવિક છે કે એની પીડા, એનું દુઃખ થાય; કારણ કે, આપણે અને હું દેહભાવમાં છીએ એટલે એ પીડાનો અનુભવ કરીએ છીએ. પણ, આપણને સૌને એ વાતની પ્રતીતિ છે કે, શાંતિદાદા જેવા દિવ્ય સત્પુરુષ એ માત્ર શરીર નથી; ગુણાતીત અવસ્થાને પ્રાપ્ત કર્યાના કારણે એમનામાં સાક્ષાત્ ભગવાનનું તત્ત્વ અખંડ બિરાજમાન હતું, આજે પણ છે, અને આ પૃથ્વી ઉપર કાયમ રહેશે. જે જે ચૈતન્યો શાંતિદાદાના એ દિવ્ય તત્ત્વની સાથે જોડાયાં છે, તેઓએ જ્યારે જ્યારે પોતાના હૃદય પર હાથ મૂક્યો છે ને 'હે શાંતિદાદા !' બસ આટલો જ તીવ્ર પોકાર ને પ્રાર્થના કર્યાં છે તો શાંતિદાદા પ્રગટ થયા છે ; એ આપણા સૌની અનુભૂતિ રહી છે.

આ વર્ષે વિઘ્નવિનાયક શ્રી ગણપતિજી દેવ મહારાજની ચતુર્થીના મહાશુભ પર્વે જ્યારે ૨૭મી ઑગસ્ટ-શાંતિદાદાના પ્રાગટ્યમંગલનો યોગ થયો છે, તો શ્રી ઠાકોરજી મહારાજના ચરણે, સંતભગવંત સાહેબદાદાના ચરણે, સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા સહિત સર્વ સંતોનાં શ્રીચરણે પ્રાર્થના છે : વિઘ્નવિનાયક શ્રી ગણપતિજી દેવ મહારાજની કૃપા, કષ્ટભંજન શ્રી હનુમાનજી દેવ મહારાજના આશીર્વાદ, શ્રી ઠાકોરજી મહારાજનો અનુગ્રહ અને સંતભગવંત સાહેબદાદાનાં પ્રેમ, પ્રાર્થના ને આશીર્વાદથી આપણાં જીવનમાં ઉપસ્થિત એવી સર્વે આધિ, વ્યાધિ, ઉપાધિ હે પ્રભુ, શમી જાવ ! આધ્યાત્મિક ઉત્ક્રાંતિના વાહક તરીકે યોગીજી મહારાજના સંકલ્પને સિદ્ધ કરવા આપણે સૌ ભગવા હૃદયના સાધુ થઈ, સાહેબના સેનાનીરૂપે યોગીજી મહારાજ ને સાહેબદાદાનું દિવ્ય કાર્ય - અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું કાર્ય વહેતું રાખીએ તેવાં સૌને બળ, બુદ્ધિ, પ્રેરણા આપે તેવી મંગલ પ્રાર્થના !

શાંતિદાદાના દિવ્ય પ્રાગટ્યે શાંતિદાદાની સ્તુતિ કરીએ, તેમને હૃદયથી પ્રણામ કરીએ. તેમના દિવ્ય પ્રાગટ્યને અખંડ આપણા હૃદયમાં તેજસ્વી રાખીએ તેવી મંગલ ભાવના !

જેના અંતરમાં અહો નિવસતી, સ્વામી-શ્રીજીની છબી,
જેના શ્વાસોચ્છ્વાસમાં રણકતી, ભક્તિતણી નિર્ઝરી,
યોગીનાં વચને ધર્યાં જીવન ને, મનમોર સાહેબને,
શાંતિ જેના નામ ને જીવન છે, ધન્ય યતિ વંદીને. ◆

સ્વા.શ્રી...

~ સાધુ મનોજદાસ




## યુ.કે. મંદિરજી દશાબ્દી મહોત્સવ અંતર્ગત

# આંતરરાષ્ટ્રિય યુવા સંમેલન

૯-૧૦ ઑગસ્ટ ૨૦૨૫

**ગુરુદેવ** યોગીજી મહારાજે યુવાઓને પોતાના હૃદય સમાન ગણાવ્યા. સંતભગવંત સાહેબજી પણ યુવાઓને અપાર પ્રેમ આપી તેઓની શક્તિને ભક્તિમાં પરિવર્તિત કરી પ્રભુ પ્રસન્નતાનાં પાત્રો બનાવવા અથાક દાખડો કરે છે. યુવાપેઢી સત્સંગનું સુકાન સંભાળે અને ભવિષ્યને ઊજળું બનાવે તે હેતુથી તથા યુવાપેઢીનાં સર્વાંગી ઘડતર માટે ઈંગ્લૅન્ડ મંદિરજી દશાબ્દી મહોત્સવ અંતર્ગત ૯ અને ૧૦ ઑગસ્ટ ૨૦૨૫ એમ દ્વિદિવસીય આંતરરાષ્ટ્રિય યુવા સંમેલનનાં આયોજન થયાં, જેમાં અમૅરિકા, કૅનેડા, યુનાઈટેડ કિંગ્ડમ, ભારત, ઑસ્ટ્રેલિયાનાં સક્રિય યુવાન-યુવતીઓએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો. સંમેલનનો મુખ્ય વિષય હતો : 'શ્રી ગુરુઆજ્ઞા મહિમા !' આખું સંમેલન મુખ્ય છ સત્રોમાં વહેંચાયેલું હતું, જેમાં પ્રથમ દિવસે ત્રણ અને બીજા દિવસે ત્રણ સત્રો યોજાયાં !

## પ્રથમ સત્ર : ગુરુ અને ગુરુઆજ્ઞાનું માહાત્મ્ય

૯ ઑગસ્ટ ૨૦૨૫

૯ ઑગસ્ટના રોજ સવારે પ્રથમ સત્રનો આરંભ થયો. અમૅરિકાના યુવાનેતા મહર્ષિભાઈએ સમગ્ર સંમેલનની પ્રાસ્તાવિક રજૂઆત કરી. ત્યારબાદ યુવાનો-યુવતીઓએ ભેગાં મળી 'નારાયણી સેનાના અમે યોગીના યુવાનો' ભજન પર સંતભગવંત સાહેબજીના ભાવપૂર્ણ રૂડાં સ્વાગત કર્યાં. વિવિધ દેશોના પ્રતિનિધિ યુવાનોએ શ્રી ઠાકોરજી મહારાજ, ગુરુહરિ સાહેબદાદા તથા મંચસ્થ સંતો અને અક્ષરમુક્તોનાં સૌ વતી પૂજન કરી, હાર-કલગી અર્પણ કરી સ્વાગત કર્યાં. સંમેલનના પ્રારંભે સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. હિંમતદાસજી, પૂ. વાસુદેવદાસજી, પૂ. દિલીપદાસજી, પૂ. જયેશદાસજી આદિ સંતો, અનુપમ મિશન ઈન્ટરનેશનલ કમિટીના પ્રમુખ સતીશભાઈ ચતવાણી, અનુપમ મિશન-અમૅરિકાના



પ્રમુખ ડૉ. જિતુભાઈ પટેલ, અનુપમ મિશન-યુ.કે.ના ટ્રસ્ટી વિજયભાઈ ઠક્કર, અનુપમ મિશન-ઑસ્ટ્રેલિયાના પ્રમુખ દીપેનભાઈ રૂઘાણી તથા સક્રિય યુવાઓ ધ્રુવિત (યુ.કે.), વિવેક (કૅનેડા), હર્ષાંગ (ભારત), વત્સ (યુ.એસ.એ.), ગોપી (યુ.કે.), કેયા (કૅનેડા), ઋતા (ભારત), સિયા (યુ.એસ.એ.), નિમિષા (ઑસ્ટ્રેલિયા)એ દીપપ્રાગટ્ય કરી વિધિવત્ ઉદ્‌ઘાટન કર્યું. ત્યારબાદ સંતભગવંત સાહેબજીએ સૌ પર રૂડા આશીર્વાદ વરસાવ્યા. દેશ-વિદેશના સૌ યુવાઓનાં દર્શન કરી અત્યંત આનંદ વ્યક્ત કર્યો. ગુરુ અને પ્રભુ સાથેનું આધ્યાત્મિક જોડાણ પાકું કરવાનું અને ગુરુઆજ્ઞાનું મહત્ત્વ સમજી તેને પાળવાનું તાન રાખવા માટે અણમોલ માર્ગદર્શન આપ્યું.



મહર્ષિ



તેજલ



ભાવિશાબહેન



સહેલી

તેજલ (યુ.એસ.એ.)એ ગુરુઆજ્ઞા પાલનથી થયેલ ફાયદાઓ અંગે સ્વાનુભવો વ્યક્ત કર્યા. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આશીર્વાદમાં સૌની સેવાને બિરદાવી અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની સુંદર સમજ આપી. ત્યાર પછી કુલ ૯ ગ્રુપ્સમાં ઈન્ટરેક્ટિવ ઍક્ટિવિટીના ભાગરૂપે ગ્રુપ ડિસ્કશન થયાં, જેની વિશિષ્ટતા હતી કે, સૌ યુવાઓ ઉપસ્થિત સંતો અને વડીલ યુવાનેતાઓ સાથે સીધો વાર્તાલાપ કરી શકે. આરવ નામના કાલ્પનિક પાત્રની ગુરુઆજ્ઞા પાલનની આખી યાત્રાના આધારે દરેક સત્રોના વિષય પ્રમાણે તબક્કાવાર ચર્ચા કરી. યુવાનોએ સંતોને પ્રશ્નો પૂછીને પણ પોતાના મૂંઝવણ દૂર કરી.



સંતભગવંત સાહેબજીની આશિષવર્ષા

સત્રના અંતે સહેલી (યુ.એસ.એ.)એ સમગ્ર સત્રનો સંક્ષિપ્તમાં સાર અંગ્રેજીમાં કહ્યો. ત્યારબાદ સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી તથા સૌ સંતોનાં સાંનિધ્યે રક્ષાબંધન તહેવારની ઉજવણી થઈ. સાહેબદાદા તથા સૌ સંતોએ ઉપસ્થિત સૌ ભક્તોના હાથમાં રાખડી સ્વરૂપે રક્ષાસૂત્ર બાંધી આપ્યું. ◆

## દ્વિતીય સત્ર : આજ્ઞા પાલન માટે પ્રેરણા અને પ્રોત્સાહન

બપોરના આ સત્રમાં વિવેક (કૅનેડા), તૃષિલ (યુ.એસ.એ.)એ 'કોફી વિથ સંતો'રૂપી આધુનિક પોડકાસ્ટ સ્ટાઈલથી સાધુ પૂ. અર્પિતદાસજી અને સાધુ પૂ. રવિદાસજી સાથે પ્રશ્નોત્તરી કરી, જેમાં બંને સંતોએ પોતાના ગુરુઆજ્ઞા પાલનના અનુભવો વહેંચ્યા અને ગુરુઆજ્ઞા પાળવામાં ગુરુ માટેનો પ્રેમ અને મહિમા જેવાં પરિબળો તેમને મદદરૂપ થયાં તેની જુદા જુદા પ્રસંગો દ્વારા અદ્‌ભુત સમજ આપી. તે જ રીતે મોનિકા (યુ.એસ.એ.) અને નિમ્મી (યુ.કે.)એ યુવાન સાથીઓ શોભન નકારજા (યુ.કે.), મિહિર (કૅનેડા) અને રાજ (ભારત) સાથે પોડકાસ્ટ સ્ટાઈલ 'સત્સંગ કૅચઅપ' પ્રશ્નોત્તરી કરી. સૌ સંતો અક્ષરમુક્તોને આ સત્રમાં ખૂબ જ આનંદ આવ્યો. સંતભગવંત સાહેબજીએ તેઓના આશીર્વાદ દરમિયાન અત્યંત રાજીપો દર્શાવ્યો અને જણાવ્યું કે, 'આપણા જીવનનો મુખ્ય ધ્યેય આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણને રાજી કરવા છે, છે ને છે જ - તે જ રાખવો.' ◆



પોડકાસ્ટ રૂપે 'કોફી વિથ સંતો' પ્રશ્નોત્તરી



પોડકાસ્ટ સ્ટાઈલ 'સત્સંગ કૅચઅપ' પ્રશ્નોત્તરી

## તૃતીય સત્ર : જ્યારે ગુરુઆજ્ઞાના શબ્દો સાકાર થાય

તૃતીય સત્ર માટે સભામંડપમાં સૌ એકદમ સમયસર એકત્રિત થયાં. આ સત્ર પણ આગવું બની રહ્યું, કારણ કે, આ સત્રમાં સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ 'TED TALK' સ્ટાઈલ વક્તવ્ય રજૂ કર્યું, જેમાં તેઓએ ગુરુઆજ્ઞા પર અદ્‌ભુત વાતો કરી. ગુરુઆજ્ઞા એ પરાવાણી છે અને તે પાળવાનો ફક્ત પ્રામાણિક પ્રયત્ન કરીએ તો પણ તેનાં પરિણામો રૂડાં આવે છે તેની વાત તેઓએ ભક્ત શ્રી અર્જુન અને શ્રી કૃષ્ણ પરમાત્મા વચ્ચે બનેલ મહાભારતના શાશ્વત પ્રસંગોના આધારે કરી. યોગીજી મહારાજે જશુભાઈ સાહેબને કરેલી ભગવા હૃદયના સાધુ થવાની આજ્ઞા પાલનની, ગુરુમાં શ્રદ્ધા અને વિશ્વાસની અદ્‌ભુત રજૂઆત કરી. આ સાંભળી જાણે સમગ્ર વાતાવરણ ખૂબ દિવ્ય થયું હોય અને યુવાનોને નવું જોશ પ્રાપ્ત થયું હોય તેવું અનુભવાયું. ત્યારબાદ કરીના (યુ.એસ.એ.)એ આશકા (યુ.કે.) સાથે પોડકાસ્ટ સ્ટાઈલ 'સત્સંગ કૅચઅપ' પ્રશ્નોત્તરી કરી. સમગ્ર સત્રોનાં સંચાલન મહર્ષિ (યુ.એસ.એ.) અને ભાવિશાબહેન (યુ.કે.)એ કર્યાં. આમ પ્રથમ દિવસ ખૂબ ભક્તિભાવથી નવા જોશ અને ઉમંગ સાથે પૂર્ણ થયો. ◆



સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી



ભાવિશાબહેન અને મહર્ષિ દ્વારા સત્રોનાં સંચાલન



પોડકાસ્ટ સ્ટાઈલ 'સત્સંગ કૅચઅપ' પ્રશ્નોત્તરી

## ચતુર્થ સત્ર : આશરા અને નિષ્ઠામાં અડગ વિશ્વાસ

૧૦ ઑગસ્ટ ૨૦૨૫

૧૦ ઑગસ્ટ-સંમેલનના બીજા દિવસે સવારના સત્રમાં હેલી (યુ.એસ.એ.) અને સાત્વી (કૅનેડા)એ સૌ દીકરીઓનાં વ્હાલાં અને આદર્શ એવાં ભાવિશાબહેન (યુ.કે.) અને ડૉ. ઋજુબહેન (ભારત) સાથે પોડકાસ્ટ સ્ટાઈલ 'લૅમૉનેડ વિથ લૅડિઝ' પ્રશ્નોત્તરી કરી. જેમાં તેઓએ સૌને સંતભગવંત સાહેબજીનાં સ્વરૂપદર્શન કરાવ્યાં સાથે સાથે ગુરુઆજ્ઞા પાલન વખતે કસોટીઓ કે પ્રસંગોમાં પણ મનથી નબળાં પડ્યા વગર, ગુરુ પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસમાં સહેજ પણ ડગમગાટ નથી થયો તે અનુભવ સૌ સાથે વહેંચ્યા. ત્યારબાદ ચાંદની (યુ.એસ.એ.) અને યુવાન સાધુ પૂ. જયદાસજીએ આજ્ઞા પાલન દરમિયાન આવેલ કસોટીઓ અને તે વખતે ગુરુ અને પ્રભુને હિતકારી, કર્તા માની સફળ થવાના સ્વાનુભવની વાતો કરી. સતીશભાઈ ચતવાણી (યુ.કે.)એ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં યુવાસંમેલનના સૌ આયોજકોને અભિનંદન આપ્યાં અને 'સંતભગવંત સાહેબજીને રાજી કરવાની ભાવના છોડતા નહીં. એ આગ સદાય હૈયામાં પ્રજ્વલિત રાખજો' તેમ જણાવી યુવાનોને સુંદર માર્ગદર્શન આપ્યું.



પોડકાસ્ટ સ્ટાઈલ 'લૅમૉનેડ વિથ લૅડિઝ' પ્રશ્નોત્તરી

સંતભગવંત સાહેબજીએ સૌ સેવક યુવાન-યુવતીઓ પર અત્યંત રાજીપો વરસાવતાં કહ્યું કે, 'સંમેલનમાં હાજર રહેલાં એકેએક યુવક-યુવતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો તે



સાધુ પૂ. જયદાસજી



ચાંદની







'AM CARES' અને 'સાહેબજી યૂથ સૉશિયલ મીડિયા ડેવલપમેન્ટ' વિશે યુવાઓ દ્વારા પ્રૅઝન્ટેશન



સતીશભાઈ ચતવાણી

જ આ સંમેલનની સાચી સફળતા છે.' પછી જણાવ્યું કે, 'ભગવાનધારક ગુરુની આજ્ઞા પાળવાથી મન, બુદ્ધિ, ચિત, અહંકારના ભાવથી ઉપર ઊઠી જવાય છે. આજ્ઞા પાળો એટલે આપણી અંદર આધ્યાત્મિક પ્રક્રિયા ચાલુ થાય અને ધીમે ધીમે નકારાત્મકતાથી બહાર આવી જવાય.'

ત્યારબાદ યુ.એસ.એ.નાં યશ્વી અને જાન્વીએ સાનફ્રાન્સિસ્કો–અમેરિકામાં અનુપમ મિશન દ્વારા આયોજિત 'AM CARES' વિશે પ્રૅઝન્ટેશન દ્વારા વર્કશૉપ કર્યો. અને તેવી જ રીતે યુ.એસ.એ.નાં જાન્વી, જશ્વી, હેલી અને શિવ દ્વારા 'સાહેબજી યૂથ સોશ્યલ સોશિયલ મીડિયા ડેવલપમેન્ટ' વિષય પર અદ્ભુત પ્રૅઝન્ટેશન સાથે રસપ્રદ માહિતી રજૂ કરાઈ. ◆



સંતભગવંત સાહેબજીનાં દિવ્ય આશીર્દાન

## પાંચમું સત્ર : નિર્દોષબુદ્ધિ અને દિવ્યભાવનો દૃષ્ટિકોણ–સાહેબદાદાની આંખે



મિત્તલબહેન

આ સત્રની શરૂઆત વિશિષ્ટ ઈન્ટરઍક્ટિવ પ્રવૃત્તિ દ્વારા થઈ, જેનું નામ 'ટ્રૅઈનરેક' હતું. શ્રીલા (યુ.કે.) અને યશ્વી (યુ.એસ.એ.) દ્વારા આ નિમિત્તે એક સુંદર રમત રમાડાઈ. જેના અંતે જુદાં જુદાં ગ્રુપમાં સંતો સાથે ચર્ચા–ગોષ્ઠિ થઈ અને સ્વયં સાહેબજીએ પણ એક ગ્રુપમાં જોડાઈ ગોષ્ઠિનો લાભ આપ્યો. ત્યારબાદ સભામાં મિત્તલબહેન (ઑસ્ટ્રેલિયા) અને ડૉ. નીલ (યુ.એસ.એ.)એ પોતાના જીવન પ્રસંગો દ્વારા ગુરુમહિમા અને ગુરુઆજ્ઞા પાલનની વાતો કરી.



ડૉ. નીલ

ત્યારબાદ સૌને અત્યંત આનંદ થાય તેવી વિવેક (કૅનેડા) અને તૃષિલ (યુ.એસ.એ.)એ પોડકાસ્ટ સ્ટાઈલ 'ડીપ ટૉક' પ્રશ્નોત્તરી સાધુ પૂ. હિંમત સ્વામીજી, પૂ. અશોકદાસજી, પૂ. સંદીપદાસજી, પૂ. રાજુદાસજી, પૂ. જયેન્દ્રદાસજી સાથે કરી. આ સંતોએ પોતાના સ્વાનુભવો દ્વારા પોતાનાં જુદાં જુદાં સેવાક્ષેત્રોમાં સેવા બજાવતી વખતે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં માર્ગદર્શને તેઓ દ્વારા રખાતી નિર્દોષબુદ્ધિ અને સૌને દિવ્ય માની કરાતી સેવાના અનુભવો વ્યક્ત કર્યા.

સંતભગવંત સાહેબજીએ અત્યંત રાજીપો વરસાવ્યો અને આશીર્વાદ પ્રદાન કરતાં જણાવ્યું કે, 'ભગવાનની આપણા પર દૃષ્ટિ પડે એટલે સંસ્કાર પડે છે અને જ્યારે એવા રૂડા સાધુ સાથે આત્મબુદ્ધિ, પ્રીતિથી જોડાઈને, તેમની બે હાથ જોડી આજ્ઞા પાળીએ ત્યારે આપણું કલ્યાણ થાય છે.' આમ સંત-સમાગમનો અપાર લાભ લઈ સૌ ધન્ય થયાં. ◆



યુવાઓ દ્વારા સંતો સાથે પોડકાસ્ટ સ્ટાઈલ 'ડીપ ટૉક' પ્રશ્નોત્તરી

# છઠ્ઠું સત્ર : દરેક કદમે ગુરુ આજ્ઞા



મહર્ષિ



સુસ્મિતા



અક્ષર



વિહિતા



ૠષિલ



દ્યુતિ



તેજ



વેદ



સાવન



દીપેનભાઈ અને રાજશ્રીબહેન

યુવા સંમેલનના અંતિમ સત્રમાં અક્ષર (યુ.કે.), સુસ્મિતા (ઑસ્ટ્રેલિયા), ૠષિલ (યુ.કે.), વિહિતા (યુ.એસ.એ.), દ્યુતિ (ભારત), વેદ (ઑસ્ટ્રેલિયા), તેજ (ઑસ્ટ્રેલિયા), સાવન (ભારત) આદિ સૌ બાળકો, યુવાનો-યુવતીઓએ આ દ્વિદિવસીય યુવાસંમેલનનાં જુદાં જુદાં સત્રો અને કાર્યક્રમોમાંથી પોતાને જે ગમ્યું, જે શીખ્યાં અને ગુરુએ આપેલી આજ્ઞા અને તેનાં પાલન વિશેના સ્વાનુભવો સૌ સાથે વહેંચ્યા. ત્યારબાદ રાજશ્રીબહેન (દુબઈ) અને દીપેનલાઈ (ઑસ્ટ્રેલિયા)એ 'આ સંમેલન અનુપમ મિશન માટે ઐતિહાસિક બની રહેશે' તેવું જણાવી, પોતાના જીવન પ્રસંગો દ્વારા ગુરુઆજ્ઞા મહિમા વિશે રૂડી વાતો કરી.

અંતે સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ વરસાવ્યા અને સમગ્ર સંમેલનના આયોજક સેવકોને ખૂબ બિરદાવ્યા અને ભાગ લેનાર અમેરિકા, કેનેડા, યુ.કે., ભારત, ઑસ્ટ્રેલિયાના સંતો, પ્રમુખો, વડીલ અક્ષરમુક્તો, યુવાનો, યુવતીઓ, બાળકો સૌને અભિનંદન પાઠવ્યાં. તેઓએ જણાવ્યું કે, 'ગુરુઆજ્ઞા પાળવા ગુરુનો મહિમા સમજવો પડે. આપણા આત્મામાં પરમાત્મા રહ્યા છે પણ ઉપર માયાનું લૅયર છે એટલે પ્રકાશ પ્રગટતો નથી. પરંતુ ભગવાનધારક સાધુ આપણા પર દૃષ્ટિ કરીને આપણા આત્મામાં રહેલા પરમાત્માને પ્રકાશિત કરે છે. ગુરુ આપણી પરિસ્થિતિ જોઈને જ આપણને નિયમ કે આજ્ઞા આપતા હોય છે અને આપણને ભગવાનમાં જોડતા હોય છે.' આવો મહિમા સમજીને ગુરુની આજ્ઞા પાળી, ભગવાનને રાજી કરવાનાં તેઓએ માર્ગદર્શન આપ્યાં. આ પ્રસંગે ઉપસ્થિત વડીલોને ખાસ પ્રાર્થના કરી કે, 'યુવાનો આપણી ખરી મૂડી છે. તે સરસ બને તે પ્રભુની સર્વશ્રેષ્ઠ સેવા છે, તે આપણને સૌને મળી છે તે હોંશે હોંશે કરજો !' સંમેલનના અંતે સૌ યુવાન-યુવતીઓને એક 'આજ્ઞાકાર્ડ' આપવામાં આવ્યું, જેમાં તેઓ પોતે સમગ્ર જીવન દરમિયાન જે આજ્ઞા પાળશે તે લખીને, તેની પ્રોમિસ આપી તે આજ્ઞાકાર્ડ સૌએ સંતભગવંત સાહેબજીને અર્પણ કર્યું. દ્વિતીય દિવસના ત્રણેય સત્રોનાં સંચાલન મહર્ષિ (યુ.એસ.એ.)એ કર્યાં. સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે અને સંતોના સમાગમે આ બંને દિવસ યુવાઓએ અપાર આનંદ સાથે આધ્યાત્મિક ભાથું બાંધ્યું. આંતરરાષ્ટ્રીય યુવા સંમેલન સૌ માટે અદ્‌ભુત અને ચિરસ્મરણીય બની રહ્યું. ◆





## શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ

# મંદિરજી દશાબ્દી મહોત્સવ

## ૧૩ - ૧૭ ઑગસ્ટ ૨૦૨૫, યુ.કે.

**અનુપમ** મિશનના ભારતની બહાર અન્ય દેશના મંદિરમાં સર્વ પ્રથમ વખત શ્રી મુક્ત–અક્ષર–પુરુષોત્તમ મહારાજ આરસ પ્રતિમા સ્વરૂપે બિરાજ્યા હોય તેવું ઐતિહાસિક કાર્ય સંતભગવંત સાહેબજી દ્વારા સન ૧૯૮૯ના વર્ષમાં સાકાર થયું ! પ્રભુ આરસ પ્રતિમા સ્વરૂપે બિરાજ્યા તે સ્થાન હતું ઈંગ્લૅન્ડમાં આવેલ અનુપમ મિશનનું ડેન્હમ સ્થિત મંદિર ! અનુપમ મિશનના ઈતિહાસમાં પણ આરસની મૂર્તિ સ્વરૂપે શ્રી મુક્ત–અક્ષર–પુરુષોત્તમ મહારાજ સર્વ પ્રથમવાર ઈંગ્લૅન્ડમાં જ બિરાજમાન થયા. સમય પસાર થતાં સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી આ જ ભૂમિ પર સન ૨૦૧૫માં નૂતન મંદિરજીનું નિર્માણ થયું તેનો ઈતિહાસ પણ સૌ સંતો–ભક્તોની ભક્તિ અને સમર્પણથી ભરપૂર છે ! આ નૂતન મંદિરને આ વર્ષે દસ વર્ષ પૂર્ણ થયાં અને તેથી જ સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને કૃપાશિષથી શ્રી ગુરુઆજ્ઞા મહિમા પર્વના 'સર્વોપરી ઉપાસના' સોપાન અંતર્ગત ઈંગ્લૅન્ડ ખાતે ૧૩થી ૧૭ ઑગસ્ટ દરમિયાન મંદિરજી દશાબ્દી મહોત્સવ અત્યંત ભવ્યતા અને અપાર ભક્તિભાવ સાથે યોજાયો. આ પ્રસંગે ભારત, અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ અને ઈંગ્લૅન્ડના ભક્તોએ ખૂબ મોટી સંખ્યામાં જોડાઈને સત્સંગ, સમાગમ અને સાંનિધ્યનો લાભ લીધો.



મહોત્સવ આરંભે શ્રી ઠાકોરજી તથા ગુરુહરિ સાહેબજીની સ્વાગતયાત્રા

શ્રી ઠાકોરજી અને ગુરુહરિ સાહેબજીનાં નૃત્યભક્તિ દ્વારા સ્વાગત







સંતભગવંત સાહેબજી, પ્રદીપભાઈ ધામેચા અને અક્ષરમુક્તોએ દીપપ્રાગટ્ય દ્વારા મંદિરજી દશાબ્દી મહોત્સવ-યુ.કે. ૨૦૨૫ના દિવ્ય શુભારંભ કર્યા

## મહોત્સવ ઉદ્‌ઘાટન

**૧૩ ઑગસ્ટ ૨૦૨૫, બુધવાર**

**યુ.કે.** મંદિરજી દશાબ્દી મહોત્સવના શુભારંભ ૧૩ ઑગસ્ટ, ૨૦૨૫ની પાવન સંધ્યાએ થયા. આ ભવ્ય મહોત્સવના શુભારંભ પણ ભવ્યાતિભવ્ય રહ્યા. મંદિરજીના પ્રવેશદ્વારેથી કલાત્મક રીતે સુશોભિત કરાયેલા રથમાં બિરાજી આનંદમૂર્તિ સંતભગવંત સાહેબજીએ અલૌકિક દર્શન આપ્યાં. તેઓના રથની આગળ ભક્તો ઢોલ, મંજીરા, ખંજરી અને શંખનાદ કરતા ભક્તિમાં ઝૂમી રહ્યા. રથની બંને બાજુ સર્વે વ્રતધારી સંતોએ હૃદયના ખૂબ ઊંડા ભાવથી તેઓને આવકાર્યા. સભામંડપના પ્રવેશદ્વારે ઈંગ્લૅન્ડના વડીલ સંતો સાધુ પૂ. પંકજદાસજી અને સાધુ પૂ. ભૂપેન્દ્રદાસજીએ પૂજન તથા પુષ્પાર્પણ કરી શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીનાં વધામણાં કર્યાં. સંતભગવંત સાહેબજી સહિત સંતો અને માનવંતા મહેમાનોએ રંગબેરંગી ફુગ્ગાઓ નીલ ગગનમાં મુક્ત કરી મહોત્સવના જયઘોષ કર્યા. ત્યારબાદ સંતભગવંત સાહેબજી સભામંડપમાં પધાર્યા ત્યારે સ્વાગતપથની બંને બાજુ યુવાન-યુવતીઓએ નૃત્યભક્તિ સાથે અંતરના અત્યંત ઉલ્લાસથી સ્વાગત કર્યાં અને ઈંગ્લૅન્ડની યુવતીઓએ મંચ પરથી મહારાષ્ટ્રિયન શૈલીમાં જોશપૂર્વક સ્વાગતનૃત્યના સથવારે સૌનાં અંતર આનંદ અને ઉમંગથી છલકાવી દીધાં.



યુવાઓ દ્વારા વિશિષ્ટ ભક્તિ-સ્મૃતિભેટ અર્પણ

સંતભગવંત સાહેબજી મંચ પર શ્રી ઠાકોરજીને વંદન ધરી સ્વસ્થાને બિરાજ્યા બાદ મહોત્સવ ઉદ્‌ઘાટન સભા યોજાઈ. સભા સંચાલન કરતાં ભાવિશાબહેને મંચ પર બિરાજમાન દેશ-વિદેશથી પધારેલા સર્વે સંતો-ભક્તો, અનુપમ મિશનના વિવિધ દેશોના પ્રમુખશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ તથા ઈંગ્લૅન્ડના અતિથિવિશેષશ્રીઓ, શ્રેષ્ઠીશ્રીઓનો ખૂબ સુંદર પરિચય આપી, હૃદયના ઊંડા ભાવથી સ્વાગત કર્યાં.



સાહેબજીને કલાત્મક ઈલાયચીમાળા દ્વારા વંદના

સંતભગવંત સાહેબજીના સાંનિધ્યમાં મંચ પર સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. હિંમતદાસજી, પૂ. જયેશદાસજી તથા પ્રદીપભાઈ ધામેચા, રજનીભાઈ વિરોયા, તુષારભાઈ મોરજરિયા, નરેન્દ્રભાઈ ઠકરાર, શનિલભાઈ હિરાણી, સતીષભાઈ ચતવાણી, વિનુભાઈ નકારજા, અશ્વિનભાઈ પોપટ, ડૉ. જિતુભાઈ પટેલ (યુ.એસ.એ.), દીપેનભાઈ રૂઘાણી (ઑસ્ટ્રેલિયા), જોહનુભાઈ (ન્યૂઝીલૅન્ડ), દીપકભાઈ દાણી (કૅનેડા)નાં પૂજન કરી, પુષ્પહાર દ્વારા સ્વાગત કરાયાં. આ પ્રસંગે ઈંગ્લૅન્ડનાં પ્રથમ ગુજરાતી મહિલા મૅયર સુશ્રી અંજનાબહેન તથા ઉષાબહેનને પણ પૂજન-પુષ્પહાર અર્પણ કરી આવકાર્યાં. ત્યારબાદ સંતભગવંત સાહેબજી સાથે મંચ પર બિરાજમાન સૌ મહાનુભાવોએ દીપપ્રાગટ્ય કરી મહોત્સવ અને સભાના શુભારંભ કર્યા. આ શુભ પ્રસંગે અમૅરિકાના ઍલનટાઉન મંદિરે યોજાયેલ યોગી યૂથ કૅમ્પ-૨૦૨૫ના શિબિરાર્થીઓએ સ્વહસ્તે ‘સ્વામિનારાયણ’ મહામંત્ર લખી તૈયાર કરેલ વિશિષ્ટ સ્મૃતિભેટ સંતભગવંત સાહેબજીને અર્પણ કરી ભાવવંદન ધર્યાં.



સતીશભાઈ ચતવાણી



સાધુ પૂ. હિંમત સ્વામીજી

ઈંગ્લૅન્ડ મંદિરજીના મહંત સાધુ પૂ. હિંમત સ્વામીજીએ અત્યંત આનંદના ભાવ સાથે મંદિરજી દશાબ્દી મહોત્સવના આરંભનો ઉદ્‌ઘોષ કર્યો. આ પ્રસંગે વિશિષ્ટરૂપે તૈયાર કરાયેલ મશાલરૂપી મેમેન્ટો યુ.કે. ખાતે 'સર્વોપરી ઉપાસના સોપાન' ઊજવ્યા પછી આવનારાં વર્ષોમાં દેશ-વિદેશમાં વિવિધ સોપાન ઊજવીને પાંચમા વર્ષે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, ભારત પહોંચશે તે વાતનો આનંદ ભાવિશાબહેને વ્યક્ત કર્યો.



પ્રદીપભાઈ ધામેચા



સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી

સતીશભાઈ ચતવાણીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સર્વ પ્રથમ તો મંદિરજી મહોત્સવના પ્રેરણામૂર્તિ સંતભગવંત સાહેબજીનો અને છેલ્લાં કેટલાંય વર્ષોથી ધૂણી ધખાવી રહેલા મંદિરજીના મહંતશ્રી સાધુ પૂ. હિંમત સ્વામીજીનો હૃદયના ભાવથી આભાર માન્યો. સંતભગવંત સાહેબજીની સામર્થીનું વર્ણન કર્યું અને તેઓને રાજી કરવાના ભાવથી દેશ-વિદેશથી પધારેલાં યુવાન-યુવતીઓની ભક્તિને બિરદાવી ધન્યતા વ્યક્ત કરી.

પ્રદીપભાઈ ધામેચાએ આનંદ સાથે 'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ'ના પ્રૉજેક્ટમાં સાથ-સહકાર આપવાનો ખૂબ ઉત્સાહ દર્શાવ્યો.

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ 'ભારતીય હિંદુ સનાતન પરંપરામાં પ્રત્યેક મંદિરો એ આસ્થાનાં કેન્દ્રો અને શ્રદ્ધાનાં મૂળ છે'-એમ જણાવી ઈંગ્લૅન્ડમાં અનુપમ મિશનના મંદિરજી સાથે જોડાયેલી વિશેષ બાબતોનો ઉલ્લેખ કરી સૌને સ્મૃતિ કરાવી.



શીખ સમુદાયના ભક્તો દ્વારા સાહેબજીનાં અભિવાદન

આ પ્રસંગે શીખગુરુ બાબા અનહદરાજ સિંઘના ઉપસ્થિત ભક્તોએ ગુરુહરિ સાહેબદાદાને પુષ્પગુચ્છ અર્પણ કરી પ્રેમભાવ વ્યક્ત કર્યો.

શૌનક ઋષિદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ભગવદ્ ગીતાના ૧૩મા અધ્યાયનો આધાર લઈને અનુપમ મિશનમાં થતી અનુપમ ભક્તિની વાતો કરી.

સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ વરસાવી પ્રભુ પર વિશ્વાસ અને ગુરુઆજ્ઞાસભર જીવન દ્વારા અશક્ય કામો શક્ય બન્યાં છે તે પ્રસંગો વાગોળ્યા. 'સાધુ એ ભગવાન નથી, પણ ભગવાનને પ્રાપ્ત કરવા માટેનું માધ્યમ છે અને તેવા સાધુની બે હાથ જોડીને આજ્ઞા પાળીએ તો આસક્તિરહિત થઈ જવાય' તેમ જણાવી સુંદર સમજ આપી. ◆







સંતભગવંત સાહેબજીની ઉપસ્થિતિમાં મહોત્સવ સ્મૃતિકેન્દ્ર-ગિફ્ટ શૉપનાં ઉદ્‌ઘાટન તથા પ્રદર્શનીનાં મુક્તાર્પણ

# 'ગુરુઆજ્ઞા મહિમા પ્રદર્શની'નાં મુકતાર્પણ

**આ** ભવ્ય મહોત્સવ નિમિત્તે વિશિષ્ટ પ્રદર્શની તૈયાર કરવામાં આવી, જેનાં મુકતાર્પણ ૧૩ ઑગસ્ટના રોજ જ થયાં. સંતભગવંત સાહેબજી, મહાનુભાવો, સંતો અને ભક્તોની ઉપસ્થિતિમાં સાધુ પૂ. હિંમત સ્વામીજી, સાધુ પૂ. રમેશદાસજી, અસીદભાઈ (યુ.કે.), સહેલી (અમેરિકા), તેજ (ઑસ્ટ્રેલિયા), અનુપમભાઈ (ભારત), નેવી (કૅનેડા)એ દીપ પ્રગટાવી આ પ્રદર્શનીને ખુલ્લી મૂકી. મંદિરજી દશાબ્દી મહોત્સવ, ગુરુઆજ્ઞા મહિમા અને ઉપાસનાની થીમને પરિદર્શિત કરતી આ પ્રદર્શની અનેક રીતે વિશેષ હતી. સાધુ પૂ. રમેશદાસજી, સાધુ પૂ. અનિલદાસજીનાં માર્ગદર્શને અને ઈંગ્લૅન્ડનાં શયના પોપટ તથા ડેનિશાનાં નેતૃત્વે યુવાઓએ અદ્‌ભુત દાખડો કરીને સમગ્ર પ્રદર્શની તૈયાર કરી.

સભામંડપની અંદર, મંદિરમાં અને પરિસરમાં સર્વત્ર મહોત્સવના થીમને આધારિત વિવિધ સ્વરૂપે પ્રદર્શનીના વિભાગો રચવામાં આવ્યા હતા, જે સૌને સતત પ્રભુ અને ગુરુની સ્મૃતિ અને અનુસંધાનમાં જોડતા હતા. મંદિરજીની દસ વર્ષની યાત્રામાં શ્રી ઠાકોરજીનાં દિવ્ય દર્શનને કલાત્મક રીતે દસના આંકડામાં ગોઠવી સભામંડપમાં સુશોભિત કરાયા હતા. વળી, દીપક કોટેચા, જયંત કોટેચા અને અભય કોટેચા દ્વારા રચિત સુંદર વિડીયો ડૉક્યુમેન્ટરી પણ સૌનાં દર્શન માટે ઉપલબ્ધ હતી, જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, ગુરુદેવ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીએ ઈંગ્લૅન્ડને આપેલ દિવ્ય સંબંધ અને સત્સંગ-વિકાસયાત્રાનાં અદ્‌ભુત દર્શન કરાવાયાં. તદ્‌ઉપરાંત, 'ગુરુઆજ્ઞા મહિમા પ્રદર્શની'માં ભગવાન શ્રી સ્વામિનારાયણથી સંતભગવંત સાહેબજી સુધીનાં સૌ સ્વરૂપોએ કરેલ ગુરુઆજ્ઞા પાલનની અદ્‌ભુત પ્રસ્તુસ્તિ કરવામાં આવી હતી, જેને માણી સૌ ભક્તોએ ગુરુઆજ્ઞા અને તેનાં પાલનની મહત્તાને જાણી. ભારત ઉપરાંત પશ્ચિમના દેશોમાં સંતભગવંત સાહેબજીની આજ્ઞા અને પ્રેરણાથી થતી અઠવાડિક સત્સંગસભાઓ અને સત્સંગ પ્રવૃત્તિઓની સ્મૃતિ પણ ફોટોગ્રાફ્સ સ્વરૂપે પ્રસ્તુત કરાઈ હતી. સમગ્ર પ્રદર્શનીમાંથી ભક્તિનો સંદેશ રેલાતો હતો, જે દર્શન કરનાર સૌનાં હૈયાંને સ્પર્શતો હતો. ◆



પ્રદર્શની તૈયાર કરનાર સેવકોને સાહેબજીનાં આશીર્દાન

# મહોત્સવ સ્મૃતિકેન્દ્ર-ગિફ્ટ શૉપનાં ઉદ્‌ઘાટન

મહોત્સવના આરંભે ૧૧ ઑગસ્ટના રોજ વેચાણકેન્દ્ર-ગિફ્ટ શૉપનાં પણ ઉદ્‌ઘાટન થયાં. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. હિંમત સ્વામીજી, ભાવિશાબહેનનાં માર્ગદર્શને શોભન નકારજા અને યશસ્વી મહેતાનાં નેતૃત્વે સમગ્ર વેચાણકેન્દ્રનું સર્જન અને વ્યવસ્થાપન થયું. વિવિધ દેશના ઉપસ્થિત યુવાઓએ આ ગિફ્ટ શૉપની વ્યવસ્થામાં સહકાર અને સેવાઓ આપી. મહોત્સવમાં પધારેલ સૌ ભક્તોએ વેચાણકેન્દ્રમાંથી અનેક પ્રકાશનો, આર્ટિકલ્સ સ્મૃતિસ્વરૂપે ખરીદ્યાં. ◆

# સાંસ્કૃતિક ભક્તિવંદના : ‘બ્રહ્માનંદમ્ પરમ સુખદમ્’

**મહોત્સવના** પ્રથમ દિવસની ઢળતી સંધ્યાએ ‘બ્રહ્માનંદમ્ પરમ સુખદમ્’ નામે ભવ્ય અને અધ્યાત્મપ્રચુર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા તૈયાર કરાયેલ વિડીયોદર્શનની સાથે નૃત્યનાટિકાનો અદ્ભુત સમન્વય સ્થપાયો હતો. અન્ય વિશેષ બાબત હતી કે, આ કાર્યક્રમમાં ઈંગ્લૅન્ડની સાથે ભારત, અમેરિકા, કૅનેડા અને ઑસ્ટ્રેલિયાનાં બાળકો, યુવાઓ અને ગૃહસ્થોએ ભાગ લઈને ભક્તિ અદા કરી. આ કાર્યક્રમ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના મૂળભૂત પાંચ સિદ્ધાંતોને સિદ્ધ કરવા ગુરુઆજ્ઞા પાલન દ્વારા બ્રહ્મનો આનંદ અને પ્રભુના પરમ સુખની અનુભૂતિ કરવાના માર્ગને પ્રશસ્ત કરનારો હતો. સંતભગવંત સાહેબજીનાં સંકલ્પ ને પ્રેરણા, સાધુ પૂ. હિંમત સ્વામીજીની પ્રાર્થના ને સહકાર તેમજ સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શનથી કાર્યક્રમની રૂપરેખા અને સ્ક્રિપ્ટ તૈયાર કરવામાં આવી. આ ઉપરાંત, આ કાર્યક્રમની સફળતા માટે ભારતથી સાધુ પૂ. દિવ્યેશદાસજી અને IT ટીમનાં કૌશલ્ય, સાધુ પૂ. ઉત્પલદાસજી, રાહુલભાઈ અને ઑડિયો વિભાગના સેવકોની સેવા તથા યુવાન સંતો સાધુ પૂ. નીરવદાસજી, પૂ. હરમીતદાસજી, પૂ. ગૌરવદાસજી અને વિડીયો વિભાગના સેવકોની સેવા તેમજ નૃત્ય સંયોજન માટે ઈંગ્લૅન્ડનાં મેઘનાબહેન અને દીપ ભરૂચી, અમેરિકામાં અર્ચનાબહેન અને જાન્વીબહેન તથા ભારતમાં શ્રુતિબહેનનાં દિગ્દર્શન પ્રાપ્ત થયાં. સૌએ અદ્વિતીય સમન્વય અને સંવાદિતા સાથે કાર્યક્રમની ભક્તિરૂપ પ્રસ્તુતિ કરી, જેને નિહાળી સૌએ અપાર પ્રસન્નતા દર્શાવી. સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતભગવંત સાહેબજીએ પણ ખૂબ રાજીપો વરસાવી રૂડા આશીર્વાદ પાઠવ્યા. ◆










મંદિરજી દશાબ્દી મહોત્સવ પ્રસંગે દેશ-વિદેશના યુવાઓ અને ગૃહસ્થ ભક્તો દ્વારા પ્રસ્તુત કરાયેલ ભવ્યાતિભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમની દિવ્ય સ્મૃતિ





# મંદિરજી દશાબ્દી મહોત્સવ : સર્વોપરી ઉપાસના સત્ર

**૧૪ ઑગસ્ટ ૨૦૨૫, ગુરુવાર**

**૧૪** ઑગસ્ટ ૨૦૨૫, ગુરુવાર–મહોત્સવના દ્વિતીય દિવસે સવારે શ્રી ગુરુઆજ્ઞા મહિમા પર્વના 'સર્વોપરી ઉપાસના' સત્રની મુખ્ય સભા યોજાઈ. સભાના આરંભે ઈંગ્લૅન્ડના સંતો સાધુ પૂ. જયેન્દ્રદાસજી અને સાધુ પૂ. નીલેશદાસજીએ શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબજી તથા કુમકુમ મંદિર, અમદાવાદના સંતો શાસ્ત્રી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી અને શ્રી પ્રેમવત્સલદાસજી સ્વામીનાં પૂજન–હાર અર્પણ કરી સ્વાગત કર્યાં. ઑસ્ટ્રેલિયા, ઈંગ્લૅન્ડ, અમૅરિકા, કૅનેડા અને ભારતથી પધારેલ વિવિધ દેશોના અનુપમ મિશનના ટ્રસ્ટીશ્રીઓએ આ બંને સંતોને મેમેન્ટો, શાલ અને ખેસ અર્પણ કરી વિશિષ્ટ સન્માન કર્યાં. શ્રી પ્રેમવત્સલદાસજી સ્વામીએ આશીર્વાદમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરીતા અને સંતો–ભક્તોનાં સમર્પણનું અદ્‌ભુત વર્ણન કર્યું તેમજ અનુપમ મિશન દ્વારા સાકાર થઈ રહેલ ક્રિમેટોરિયમના પ્રોજેક્ટ વિશે આનંદ અને ધન્યતાની લાગણી વ્યક્ત કરી. ત્યારબાદ તેઓના વરદ હસ્તે 'સ્વામિનારાયણ નિત્ય–સ્વામિનારાયણ મહામંત્ર ધૂન'ના ઑડિયો પ્રકાશનનું મુક્તાર્પણ કરવામાં આવ્યું. આ ઉપરાંત, અ.નિ. રોનક ઠક્કરની સ્મૃતિમાં વિજયભાઈ ઠક્કર અને પરિવારજનોના સૌજન્યથી ગુરુહરિ સાહેબદાદાનાં આશીર્વચનોના અર્કનો ભાવિશાબહેન દ્વારા અંગ્રેજીમાં સંકલિત ગ્રંથ 'સીડ્સ ઓફ ચૅન્જ–ભાગ ૨'નું મુક્તાર્પણ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. ભાવિશાબહેને આ ગ્રંથ વિષે માહિતી આપી અને વિજયભાઈ પ્રતિ આભાર વ્યક્ત કર્યો.



શ્રી પ્રેમવત્સલદાસજી સ્વામી



સંતોનાં સ્વાગત–સન્માન



'સ્વામિનારાયણ નિત્ય' મહામંત્ર ધૂન આલ્બમનું મુક્તાર્પણ



સંતો દ્વારા સંતભગવંત સાહેબજીનાં અભિવાદન





સંતભગવંત સાહેબજીની શુભાશિષ

સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આશીર્વાદમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પાંચ સિદ્ધાંતો પર વિસ્તૃતમાં સમજ આપી. 'સીડ્સ ઓફ ચેન્જ-ભાગ ૨' ગ્રંથની એક વાતનો આધાર લઈને 'જીવનમાં પરમ સુખ, પરમ શાંતિ અને પરમ આનંદ મેળવવાનો સૌથી સરળ અને સહેલો માર્ગ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે પ્રવર્તાવેલ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના છે' તેમ જણાવી સુંદર માર્ગદર્શન આપ્યાં.



સાધુ પૂ. પીટરદાસજી



સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી

ત્યારબાદ સતીશભાઈ ચતવાણીએ 'વચનામૃત'ના આધારે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની સુંદર રીતે છણાવટ કરી.



સતીશભાઈ ચતવાણી

સંતભગવંત સાહેબજીના અભ્યાસકાળના પરમ મિત્ર અ.નિ. સૂર્યકાંતભાઈ પટેલની દિવ્ય સ્મૃતિમાં તેઓના અમેરિકા સ્થિત દીકરા પ્રિયેનભાઈ અને પરિવારજનોના સૌજન્યથી અનુપમ મિશન દ્વારા સાહેબદાદાનાં આશીર્વચનોના અર્કનો ગુજરાતીમાં સંકલિત ગ્રંથ 'અધ્યાત્મનાં પ્રકાશબીજ-ભાગ ૧'નું મુક્તાર્પણ સાધુ પૂ. હિંમતસ્વામીજીના વરદ હસ્તે થયું.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં સૌ પ્રથમ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના થીમ પર યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે અઢળક રાજીપો દર્શાવ્યો. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ શુદ્ધ ઉપાસનાના પ્રવર્તન માટે જે ભીડો વેઠ્યો તેના પ્રસંગોની અદ્ભુત સ્મૃતિ કરાવી અને 'હું અક્ષર છું, દેહ નહિ...' તે ધ્યેયમંત્ર સૌનાં જીવનમાં સાકાર થાય તેવી પ્રાર્થના ધરી.

આ સભામાં ખાસ પધારેલા લોહાણા કૉમ્યુનિટીના પ્રમુખશ્રી સુભાષભાઈ ઠકરારનાં શાલ, ખેસ અને મેમેન્ટો દ્વારા વિશિષ્ટ સન્માન કરાયાં. તેઓએ પ્રાસંગિક ઉદ્બોધનમાં અનુપમ મિશનમાં આવવાથી પરમ આનંદ અને સંતોષની અનુભૂતિ થાય છે તેની વાત કરી સંતભગવંત સાહેબજીનો આભાર માન્યો. આમ, સર્વોપરી ઉપાસના સત્ર અનેક રીતે સર્વોપરી બની રહ્યું. ◆



'અધ્યાત્મનાં પ્રકાશબીજ ભાગ-૧' ગ્રંથનાં મુક્તાર્પણ



'સીડ્સ ઑફ ચૅન્જ ભાગ-૨' ગ્રંથનાં મુક્તાર્પણ

# સદ્‌ગુરુ સંત જીવન માહાત્મ્યદર્શન સભા

૧૪ ઑગસ્ટની સાંજે અપાર આદરભાવ સાથે એક વિશિષ્ટ સભાનું આયોજન થયું. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાનાં અનેક વર્ષોનાં વિચરણ, પ્રેમ-પ્રાર્થના ને આશીર્વાદથી સૌને જીવનમાં પરમ સુખ, શાંતિ ને આનંદ પ્રાપ્ત થયાં અને સત્સંગ-સમાગમ દ્વારા સૌનાં આધ્યાત્મિક ઉત્થાન થયાં તે બદલ સમગ્ર સમાજ તેઓ પ્રતિ નતમસ્તક ભાવે તેઓનાં ઋણ ચૂકવવાના ભાગ રૂપે આ સભામાં તેઓનાં જીવન-માહાત્મ્યનાં ગાન થયાં અને અર્ઘ્ય અર્પણ કરાયા. સભામાં મધ્યાસને સંતભગવંત સાહેબજી અને તેઓની બંને બાજુ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા દિવ્ય મૂર્તિ સ્વરૂપે બિરાજમાન હતા. પૂજન અને પુષ્પાર્પણરૂપી ભાવવંદના કર્યા બાદ સદ્‌ગુરુ સાધુ પૂ મનોજદાસજીએ બંને સદ્‌ગુરુ સંતોના મહિમાના શ્લોકોનાં ગાન કરી, ધર્મશાસ્ત્રોમાં ઉલ્લેખિત ગુણોનું વાંચન કર્યું. આ ઉપરાંત, ગુણાતીત અવસ્થાના સંતના ગુણોની વાત કરી જણાવ્યું કે, 'આ સઘળા ગુણો પૂ. અશ્વિનદાદા-પૂ. શાંતિદાદામાં અનુભવ્યા છે.' બંને સદગુરુ સંતોના પોતાના ગુરુમાં સમ્યક્ નિર્દોષબુદ્ધિ, સર્વ પ્રતિ સુહૃદભાવ, અપ્રતિમ દાસત્વભક્તિ અને નિતાંત પ્રેમનાં તેઓએ અદ્વિતીય અને અનુપમ વર્ણન કર્યાં, જેનાં શ્રવણથી સૌ ધન્ય અને પરિતૃપ્ત થયાં.

આ પ્રસંગે જોહનુભાઈ (ન્યૂઝીલૅન્ડ), હેતનભાઈ (મુંબઈ), ભાવિશાબહેને સદ્‌ગુરુ સંતોના મહિમાનાં અને સંતભગવંત સાહેબજીની સામર્થીનાં અવિસ્મરણીય અને મનનીય વર્ણન કર્યાં. દીપેનભાઈ રૂઘાણી (ઑસ્ટ્રેલિયા)ના વરદ હસ્તે 'છે માહાત્મ્યસભર વાણી સદા ભાગ-૯', ડૉ. પાર્થિવભાઈ મહેતા (અમદાવાદ)ના વરદ હસ્તે પૂ. શાંતિદાદાની આશિષ પરાવાણી 'સંતસમાગમ ભાગ-૯' તથા દીપકભાઈ દાણી (કૅનેડા)ના વરદ હસ્તે પૂ. અશ્વિનદાદાની આશિષ પરાવાણી 'સંતસમાગમ ભાગ-૧૦' ઑડિયો આલ્બમ્સનાં મુક્તાર્પણ થયાં.

અંતે, સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી બંને સદ્‌ગુરુ સંતો પ્રતિના તેઓના પ્રેમને વર્ણવતાં હૃદયોદ્‌ગાર ઉચ્ચાર્યા : 'બંને સદ્‌ગુરુ સંતો યોગીબાપાએ આપેલ અણમોલ ભેટ છે, તેઓ અનુપમ મિશનની ડાબી અને જમણી આંખ છે ! બંનેને ઓળખો તો જ અનુપમ મિશનનું સાચું દર્શન થાય. બંને એકબીજાના પૂરક, બંનેને એકમેક માટે અસાધારણ પ્રેમ, બંનેની કાર્યશક્તિનો સૌ સંતો પર અલૌકિક પ્રભાવ છે. તેઓએ જીવનમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોમાં કદી કોઈ બાંધછોડ કરી નથી.' આવું અદ્‌ભુત મહિમાદર્શન કરાવી સૌને ભાવવિભોર કરી દીધાં. હિન્દુ મંદિર, નેટવર્કથી પધારેલા સંતોનાં સ્વાગત કર્યા બાદ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની યુ.કે.ની ધર્મયાત્રાની સ્મૃતિઓ પર યુવાનોએ બનાવેલ વિડીયોદર્શનને માણી સૌ ધન્ય થયાં.



ભાવિશાબહેન

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી

જોહનુભાઈ

હેતનભાઈ પટેલ





પૂ. અશ્વિનદાદા–પૂ. શાંતિદાદાને પૂજન અને પુષ્પહારરૂપી ભાવવંદના





પૂ. અશ્વિનદાદા–પૂ. શાંતિદાદા માહાત્મ્યદર્શન સભાનાં મંચદર્શન

સભા બાદ સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સાધુ પૂ. હિંમત સ્વામીજીએ સૅલ્ફી પૉઈન્ટ્સનાં ઉદ્‌ઘાટન કર્યાં. સૌ ભક્તોને મહોત્સવની કાયમી સ્મૃતિઓ શાશ્વત કરી લેવાના હેતુથી આ કલાત્મક સૅલ્ફી પૉઈન્ટ્સનાં સર્જન કરવામાં આવ્યાં હતાં. 'રિવર ઑફ ડિવિનિટી' એટલે કે, દિવ્યતાની સરિતા ! યુ.કે.ની તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાંથી એક નાનકડી નદી વહે છે, જેનું સૌંદર્ય અદ્‌ભુત છે ! આ દિવ્ય નદીમાં શ્રી નીલકંઠ વર્ણીજીની મૂર્તિ પધરાવી તેની આસપાસ હંસો વિહરતા કરાયા, જાણે માનસરોવરમાં પધારેલા શ્રી નીલકંઠ વર્ણીજીનાં સ્વાગત માટે પરમહંસો ભેગા થયા હતા–તેવાં અદ્‌ભુત દર્શનની સ્મૃતિ અપાવતું આ પૉઈન્ટ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું. તેવી જ રીતે મહોત્સવના લોગોનું કટઆઉટ મૉડેલ અને સૅલ્ફી ફ્રેમ પણ ફોટોગ્રાફી માટેનાં આકર્ષક કેન્દ્ર બની રહ્યાં. સૌ સંતો–ભક્તોએ સૅલ્ફી પૉઈન્ટ્સ પાસે અઢળક ફોટોગ્રાફ્સ પડાવી મહોત્સવની ધન્ય સ્મૃતિઓને પોતાના ફોન અને કેમેરામાં કાયમ માટે સાચવી લીધી. આ સૅલ્ફી પૉઈન્ટ્સના સર્જનમાં સાધુ પૂ. રમેશદાસજી, પૂ. અનિલદાસજીનાં માર્ગદર્શને તથા શયના પોપટ અને ડેનિશાબહેનની આગેવાની હેઠળ ઈંગ્લૅન્ડ, ભારત, અમેરિકા અને અન્ય દેશોના સ્વયંસેવકોએ અદ્‌ભુત સેવા બજાવી. ◆



સૅલ્ફી પૉઈન્ટની દિવ્ય સ્મૃતિ



શ્રી નીલકંઠ વર્ણીજી અને પરમહંસોની પ્રતિકૃતિનાં દર્શન





માહાત્મ્યદર્શન સભામાં સંતભગવંત સાહેબજીના આશીર્દાન





સાહેબજી સંગે મહોત્સવ લોગોની પ્રતિકૃતિ પાસે અલૌકિક સ્મૃતિ



# મંદિરજી દશાબ્દી મહોત્સવ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના મહાયાગ

**૧૫ ઑગસ્ટ ૨૦૨૫, શુક્રવાર**

**ડેન્હમ-યુ.કે.** સ્થિત મંદિરજીમાં બિરાજમાન શ્રી મુકત-અક્ષર-પુરુષોત્તમ મહારાજના ૧૦મા પાટોત્સવ પર્વે ભવ્ય મહાયજ્ઞવિધિ અર્પણ થઈ. આ શુભ અવસરે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની દિવ્ય સ્મૃતિ સાથે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં પ્રત્યક્ષ સાંનિધ્યે સૌએ અદ્‌ભુત લાભ લીધો. પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શને સાધુ પૂ. અશોકદાસજી, પૂ. રાજુદાસજી, પૂ. રવિદાસજી તથા ડૉ. ઋજુબહેન અને ડૉ. પૂર્વીબહેને આચાર્યરૂપે ખૂબ ભાવથી સર્વે યજમાનો પાસે શુધ્ધ મંત્રોચ્ચારનાં ઉચ્ચારણ સાથે મહાયજ્ઞવિધિ કરાવી. દેશ-વિદેશથી પધારેલ લગભગ ૪૦ જેટલી યુવતીઓએ ઋષિકન્યારૂપે સેવાનો લાભ પ્રાપ્ત કર્યો. યજ્ઞ આરંભ પૂર્વે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી તથા વડીલ સંતોએ પૂજન, કંકણબંધન કરી આચાર્યો તથા ઋષિકન્યાઓને યજ્ઞસેવા માટે અધિકાર આપ્યા. સર્વે યજમાનોને વ્યક્તિગત રીતે યજ્ઞવેદીમાં આહુતિઓ અર્પણ કરવાનાં સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયાં. આ મહાયજ્ઞમાં લગભગ ૪૫૦ ભક્તોએ યજમાનરૂપે સંમિલિત થઈ લાભ લીધો. યજ્ઞમાં જ્યારે સંતભગવંત સાહેબજી અને સંતો-ભક્તો દ્વારા પૂર્ણાહુતિનાં શ્રીફળ અર્પણ કરાયાં ત્યારે સમગ્ર વાતાવરણમાં સૌને એક અલૌકિક દિવ્યતાનો અનુભવ થયો.



મહાયાગની સેવામાં આચાર્યશ્રીઓ



મહાયાગની સેવામાં ઋષિકન્યાઓ





શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના મહાયાગમાં બિરાજમાન દેશ-વિદેશના પ્રતિનિધિ અક્ષરમુક્તો



સંતભગવંત સાહેબજીની કૃપાશિષ

મહાયાગમાં પૂર્ણાહુતિનાં શ્રીફળ અર્પણ

મહાયાગ બાદ સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને આ પ્રસંગે ઉપસ્થિત શ્રીમાન પ્રદીપભાઈ ધામેચાએ તેઓના પિતાશ્રીના જન્મદિવસે જે સેવાઓ અર્પણ કરી તે માટે આભાર માન્યો. યોગીબાપા કહેતા કે, આત્મા વાસનારહિત થઈ, હઠ-માન-ઈર્ષાના ભાવોથી મુક્ત થાય તે જ સાચી સ્વતંત્રતા છે. યજ્ઞમાં બિરાજમાન સૌને આવી સ્વતંત્રતા પ્રાપ્ત થાય તે માટે પ્રભુચરણે પ્રાર્થનાઓ કરી. ત્યારબાદ ભાવિશાબહેને યજ્ઞવ્યવસ્થાની પૂર્વતૈયારી માટે સાધુ પૂ. રાજુદાસજી સાથે ભારતમાં સેવામાં જોડાયેલા સર્વે ભક્તોનો હદયના ભાવથી આભાર માન્યો. આમ, મંદિરજી દશાબ્દી મહોત્સવમાં યોજાયેલ ઐતિહાસિક મહાયજ્ઞમાં સંમિલિત સૌ યજમાનોએ આ દિવ્ય આધ્યાત્મિક અનુષ્ઠાનમાં સહભાગી થવાના ધન્યભાવ સાથે દિવ્ય આનંદ વ્યક્ત કર્યો. ◆

## ભારત સ્વાધીનતા મહાપર્વ

**યુ.કે.** મંદિરજી દશાબ્દી મહોત્સવ પ્રસંગે પધારેલા તથા ઉપસ્થિત સૌ ભારતીયો માટે પોતાના દેશ પ્રત્યે ભક્તિ અદા કરવા માટેનો શુભ અવસર આ મહોત્સવ દરમિયાન પ્રાપ્ત થયો. ૧૫ ઑગસ્ટના રોજ ભારતનો ૭૯મો સ્વાધીનતા મહાપર્વ યુનાઈટેડ કિંગડમની ધરતી પર સંતભગવંત સાહેબજીની દિવ્ય નિશ્રામાં તથા માનવંતા મહેમાનોની ઉપસ્થિતિમાં સૌ સંતો-ભક્તોએ ખૂબ ભક્તિભાવથી ઊજવ્યો. અનુપમ સૂરવૃંદ તથા હંસાબેન ચતવાણીએ દેશભક્તિ ગીતનાં ગાન કરી સૌને રાષ્ટ્રભક્તિમાં લીન કર્યાં. સ્વાગત અને પ્રાસંગિક પ્રવચન સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી દ્વારા કરાયું. ત્યારબાદ લોહાણા કૉમ્યુનિટીના પ્રમુખશ્રી ભરતભાઈ સોઢાનાં સ્વાગત અને પરિચય બાદ તેઓએ પોતાના વક્તવ્યમાં ભારતના ૭૯મા સ્વાધીનતા પર્વ અને મંદિરજી દશાબ્દી પર્વમાં હાજર રહી તેની ઊજવણી કરી રહ્યા છે તે માટે ગૌરવ અને કૃતજ્ઞતાના ભાવ ધર્યા.







ભારતના સ્વાધીનતા મહાપર્વે દેશભક્તિ વંદના અર્પણ કરતાં હંસાબહેન ચતવાણી, દીપ્તિબહેન, દ્યુતિબહેન, અમિતભાઈ, દીપભાઈ તથા સાધુ પૂ. હરેશદાસજી




આ પ્રસંગે મુખ્ય મહેમાન સ્વરૂપે પધારેલ ભારતની લોકસભાના સભ્ય અને કેન્દ્રિય સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી શ્રી રામદાસ આઠવલેજી તેમનાં ધર્મપત્ની શ્રીમતી સીમાબહેન તથા તેમના સહાયક પૃથ્વીરાજસિંઘ ભટ્ટી સાથે પધાર્યા ત્યારે સભામંડપમાં સૌ દ્વારા તેઓનાં સ્વાગત થયાં. મીનલભાઈ (યુ.કે.) અને સાધુ પૂ. હિંમત સ્વામીજી દ્વારા શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબજી તથા અતિથિવિશેષ શ્રી રામદાસજી અને મંચસ્થ મહાનુભાવો શ્રી ભરતભાઈ સોઢા, શ્રી સી. બી. પટેલ, શ્રી નંદાજીનાં પૂજન અને હાર અર્પણ દ્વારા સ્વાગત થયા.

અનુપમી સ્વજન ડૉ. લલિતભાઈ સોઢા ચૅરિટી અર્થે માનસરોવરની પદયાત્રા યોજે છે, તેઓએ તે યાત્રા દ્વારા ઉપાર્જિત થનાર સેવારાશિ ઑમ ક્રિમેટોરિયમ માટે અર્પણ કરવાના ભાવ ધર્યા અને તે અંતર્ગત પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપી. સતીશભાઈ ચતવાણીએ શ્રી લલિતભાઈ સોઢાના આવા સુંદર વિચાર બદલ અભિનંદન પાઠવ્યાં અને ઑમ ક્રિમેટોરિયમના આ દિવ્ય કાર્યમાં જેમણે પણ સેવાઓ આપી છે અને સાથ-સહકાર આપી રહ્યા છે તેઓ પ્રત્યે હૃદયના ધન્યભાવ રજૂ કર્યા.

શ્રી રામદાસ આઠવલેજીએ તેઓના વકતવ્ય દરમિયાન સૌ પ્રથમ તો સાહેબદાદાને મળવાનો હર્ષ વ્યક્ત કર્યો અને પોતાની આગવી શૈલીમાં કહ્યું કે, 'જો કરતે હૈ આપ સભી કા પૂરા વાદા, ઉનકા નામ હૈ સાહેબદાદા !' તેઓશ્રીએ ભારતનાં વિકાસ ને ગૌરવની પ્રેરક વાતો કરી તથા અનુપમ મિશનની દિવ્યતાની અનુભૂતિ વહેંચી. આ પ્રસંગે શ્રી રામદાસ આઠવલેજી તથા શ્રી પૃથ્વીજીને શાલ, ખેસ, સ્મૃતિભેટ અર્પણ કરી ધન્યભાવ સાથે તેઓનાં અભિવાદન કરાયાં.



શ્રી ભરતભાઈ સોઢા



ડૉ. લલિતભાઈ સોઢા

ત્યારબાદ સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ વરસાવતાં જણાવ્યું કે, 'અમારા ગુરુ યોગીજી મહારાજે ધર્મપ્રેમ સાથે દેશપ્રેમ પણ શિખવાડ્યો, તેથી અમારા જીવનમાં દેશભક્તિ અને ગુરુભક્તિનો સમન્વય થયો. ભારતની આર્મી આખા દેશનું રક્ષણ કરે છે તેમ યુવાનોનું, તેમના સંસ્કારનું રક્ષણ થાય તે માટે ભગવાનધારક સંતો કાર્યરત છે. ખરી સ્વતંત્રતા અંતરની સ્વતંત્રતા છે, જે મંદિર અને સંતો સાથે જોડાવાથી મળે છે.' અંતે મંચસ્થ આમંત્રિત મહેમાનો શ્રી ભરતભાઈ સોઢા, શ્રી સી. બી. પટેલ, શ્રી નંદાજી, ડૉ. લલિતભાઈ સોઢાને શાલ, ખેસ, સ્મૃતિભેટ અર્પણ કરી ધન્યભાવ સાથે અભિવાદન કરવામાં આવ્યાં.



માનનીય શ્રી રામદાસ આઠવલેજી



સતીશભાઈ ચતવાણી









ડૉ. લલિતભાઈ સોઢાનાં સન્માન



માનનીય મંત્રીશ્રી રામદાસ આઠવલેજીનાં સન્માન



શ્રી સી.બી.પટેલ અને શ્રી નંદાજીનાં સન્માન

ત્યારબાદ ધ્વજવંદન કાર્યક્રમ માટે સૌ મંદિરજીના પ્રાંગણમાં એકત્ર થયાં. પ્રથમ ઈંગ્લૅન્ડનો રાષ્ટ્રધ્વજ–યુનિયન જેક પૂ. ભરતભાઈ સોઢાએ ફરકાવ્યો ત્યારે ઈંગ્લૅન્ડના રાષ્ટ્રગીતનાં ગાન થયાં અને સૌએ સલામી આપી. ત્યારબાદ ભારતના રાષ્ટ્રધ્વજને મુક્ત ગગનમાં ભારત સરકારનાં કેબિનેટ મંત્રી માનનીય શ્રી રામદાસ આઠવલેજી અને સમર્પિત યુવાન ગૌરાંગ પટેલ (અમદાવાદ) દ્વારા ફરકાવવામાં આવ્યો, ત્યારે સૌએ ભારતના રાષ્ટ્રગીતનાં ગાન સાથે ત્રિરંગાને સલામી આપી. ભારત માતાના જયઘોષ સાથે કાર્યક્રમ સંપન્ન થયો. ◆

## ભજનસંધ્યા

**૧૫ ઑગસ્ટની** સાંજે પ્રસ્તુત થયેલી ભજનસંધ્યા અત્યંત વિશિષ્ટ બની રહી, કારણ કે તેમાં અમૅરિકાનાં જાન્વી, જયતી, દિયા, વિશ્વા, ચાંદની, હેલી તથા ઑસ્ટ્રેલિયાનાં મિત્તલબહેન, નિમિષાહેન, દીપ્તિબહેન અને ઈંગ્લૅન્ડનાં મેઘનાબહેન, ભાવનાબહેન, નિમ્મી, યશસ્વી, પારમિતા, શોભનભાઈ, દીપકભાઈ, સહજ, અક્ષર, ઋષિલ અને દીપ તેમજ ભારતનાં દીપ્તિબહેન, ઋજુ બહેન, દ્યુતિબહેન, અમિતભાઈ, સાધુ પૂ. હરમીતદાસજી આદિ સૌ સૂરવૃંદના સેવકોએ એક સાથે મળીને શ્રી ઠાકોરજી મહારાજ અને સંતભગવંત સાહેબજી મહારાજને પ્રસન્ન કરવા માટે સુંદર ભજનોની રમઝટ બોલાવી. લગભગ ૩૫ કરતાંય વધારે અક્ષરમુકતોએ મંચ પર પ્રસ્તુતિ કરી. આ પ્રસંગે અતિથિ સ્વરૂપે પધારેલ વંદનાબહેન સોમૈયાએ પણ લગભગ ચારેક રચનાનાં ગાન કર્યાં, જેમાં તેઓએ ગણેશસ્તુતિ, શંકર ભગવાનની સ્તુતિ અને ભગવાન શ્રી કૃષ્ણ તથા ભગવાન શ્રી રામના મહિમાનાં ભજનો દ્વારા સૌને ભક્તિમાં રસતરબોળ કર્યાં. તેઓની સાથે ભક્તરાજ હંસાબહેન ચતવાણી પણ જોડાયાં અને તેઓએ એક મધુર કીર્તન ગાયું. વળી, અક્ષરમુક્ત બારીન્દ્રભાઈએ એક જૂનું કીર્તન ‘મારી નાડ તમારે હાથ હરિ...’ ગાઈ અદ્‌ભુત આનંદ કરાવ્યો. અંતે બધા જ અક્ષરમુક્તોએ સાથે મળીને "શ્રી હરિ અષ્ટોત્તરશત હરિનામ" સ્તોત્રમ ગાઈને સભાની પૂર્ણાહુતિ કરી. સૌને આનંદ દેનારી આ સંકીર્તન સંધ્યા અત્યંત મનનીય બની રહી. ◆





# શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર દશાબ્દી પાટોત્સવ પૂજન

**૧૬ ઑગસ્ટ ૨૦૨૫, શનિવાર**

**૧૬ ઑગસ્ટ** ૨૦૨૫ની મંગલ પ્રભાતે-ઇંગ્લૅન્ડમાં ડેન્હમ સ્થિત અનુપમ મિશનના મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજીની મૂર્તિ-સ્થાપનના દસમા વર્ષે સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે પાટોત્સવ પૂજન સંપન્ન થયાં. સંતભગવંત સાહેબજીએ શ્રી સહજાનંદ સ્વામી, સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને સાધુ પૂ. હિંમત સ્વામીજીએ શ્રી ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન કર્યાં. તેમજ અન્ય ઉપસ્થિત વડીલ સંતો પૂ. ભરતભાઈ (પવઈ), પૂ. દિલીપદાસજી, પૂ. વાસુદેવદાસજી, પૂ. ગૌતમદાસજી, પૂ. જયેશદાસજી, પૂ. રમેશદાસજી-ઝા, પૂ. પંકજદાસજી-નકારજા આદિએ અન્ય સ્વરૂપોની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન કર્યાં. આ પ્રસંગે દેશ-વિદેશના મોટી સંખ્યામાં ભક્તોએ યજમાનપદે બિરાજી પાટોત્સવ વંદન ધર્યાં. સાધુ પૂ. અશોકદાસજી, પૂ. રાજુદાસજી અને પૂ. રવિદાસજીએ શાસ્ત્રોક્ત ઢબે પૂજનવિધિ કરાવી. આ પ્રસંગે શ્રી નીલકંઠ અભિષેક મંડપમાં ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજની મૂર્તિઓનાં સ્થાપન કરાયાં. સંતભગવંત સાહેબજીએ પ્રતિષ્ઠાપૂજન કર્યાં અને સંતોએ પુષ્પહાર અર્પણ કરી વંદના ધરી, મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરી. શ્રી ઠાકોરજીના શણગાર દરમિયાન અનુપમ સૂરવૃંદના સેવકો દ્વારા મનનીય કીર્તનોનાં ગાન કરાયાં. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આશીર્વાદ વરસાવ્યા અને પ્રાસંગિક આનંદ તથા મહિમા વ્યક્ત કર્યો. શણગાર થઈ રહ્યા અને પટલ ઊઘડ્યા ત્યારે સંતોએ છડી પોકારી, જેને સૌએ ખૂબ ભાવથી ઝીલી. અત્યંત રમણીય અને મનોહર મૂર્તિનાં દર્શનમાં સૌ ગરકાવ થઈ ગયાં. આ દિવ્ય પ્રસંગે ભક્તોએ ખૂભ ભાવથી તૈયાર કરેલ અનેક વાનગીઓનો થાળ પ્રભુને ધરાવાયો. ત્યારબાદ પાટોત્સવની આરતીનો લાભ પામી સૌ ધન્ય થયાં. દસ-દસ વર્ષથી જે મૂર્તિ ભક્તોના ભાવ સ્વીકારે છે, પ્રાર્થના સાંભળે છે, કોડ પૂરા કરે છે અને મનવાંછિત ફળ આપે છે તે મૂર્તિના પાટોત્સવના આનંદે સૌ ભાવવિભોર બન્યાં. ◆



શ્રી ઠાકોરજીનાં પાટોત્સવ પૂજન





સાહેબજી દ્વારા પાટોત્સવ આરતી અર્પણ



પાટોત્સવવિધિમાં બિરાજમાન યજમાન સંતો-ભક્તો



બ્રહ્મસ્વરૂપો શ્રી શાસ્ત્રીજી મહારાજ તથા શ્રી યોગીજી મહારાજની નૂતન મૂર્તિઓનાં ગુરુહરિ સાહેબજી દ્વારા પૂજન



ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ-ગુરુદેવ યોગીજી મહારાજની મૂર્તિઓનાં સ્થાપન




# મંદિરજી દશાબ્દી પાટોત્સવ મહાપર્વ સભા

૧૬ ઑગસ્ટ, શનિવારના રોજ ડેન્હમ, ઇંગ્લૅન્ડની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સર્વ ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓના ૧૦મા પાટોત્સવની મુખ્ય સભા ખૂબ ભવ્ય રીતે યોજાઈ. સભાના પ્રારંભે ઇંગ્લૅન્ડના યુવાનો વેદ અને રાકેશે શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબજી, પવઈથી પધારેલ પૂ. ભરતભાઈ, પૂ. વશીભાઈ તથા સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, અતિથિવિશેષ શ્રી તુષારભાઈ મોરજરિયાનાં પૂજન, હાર અર્પણ કરી સ્વાગત કર્યાં. ગુણાતીત જ્યોત અને પવઈ મંદિરેથી પધારેલ સંત બહેનોનાં પૂજન-હાર અર્પણ મેઘનાબહેન અને શયનાબહેને કર્યાં. શ્રી મંદિરજીના દશમા પાટોત્સવ પ્રસંગે ખાસ જલારામ મંદિરના ટ્રસ્ટીશ્રી પ્રફુલ્લભાઈ રાડિયાએ સંતભગવંત સાહેબજીના શ્રી ચરણોમાં ભેટ અર્પણ કરી. ત્યારબાદ અતિથિવિશેષશ્રી તુષારભાઈ મોરજરિયાનાં વિશિષ્ટ સ્વાગત જુદા જુદા દેશોમાંથી પધારેલા અનુપમ મિશનના ટ્રસ્ટીશ્રીઓએ ખેસ, શાલ અને મેમેન્ટો દ્વારા કર્યાં. સભાનો દોર આગળ વધારતાં પ્રારંભે વિનુભાઈ નકારજા અને સતીશભાઈ ચતવાણીએ મંદિરજીના ઇતિહાસની ગાથાનું અદ્ભુત વર્ણન કર્યું. ત્યારબાદ તુષારભાઈએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં મંદિરજીમાં સેવા કરતા સંતો-ભક્તો વચ્ચે સંપ, સુહૃદભાવ અને એકતાનાં જે દર્શન-અનુભવ કર્યાં છે, તેની હૃદયસ્પર્શી વાતો કરી. ડૉ. જિતુભાઈ પટેલ (અમેરિકા)એ યુ.કે. મંદિરજી દશાબ્દી મહોત્સવમાં સેવા કરનાર સૌ વિભાગોના સ્વયંસેવકોની સેવા-ભક્તિને બિરદાવી ધન્યતા વ્યક્ત કરી.


તુષારભાઈ મોરજરિયા


સતીશભાઈ ચતવાણી


વિનુભાઈ નકારજા


ડૉ. જિતુભાઈ પટેલ

પૂ. ભરતભાઈ (પવઈ)એ આશીર્વાદ પાઠવ્યા અને સ્વામિનારાયણ ભગવાને સંતોની અદ્ભુત ભેટ આપી સૌ પર કેવી મોટી કૃપા કરી છે તે વાતની સુંદર સમજ આપી. સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આ પ્રસંગે સૌને શ્રી ઠાકોરજીની મૂર્તિ અને પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી પ્રત્યે શ્રદ્ધા અને મહિમા વિશેષ ને વિશેષ વધતાં રહે તેવી કૃપાશિષની યાચના કરી. અંતે, સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં અનુપમ મિશન, ઇંગ્લૅન્ડના શ્રી સ્વામિનારાયણ મંદિરના વિકાસમાં સમર્પિત થયેલા સદ્ગુરુ સાધુ પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદા તથા સંતો-ભક્તોની સ્મૃતિ કરી, તેઓની પ્રભુ તરફથી નિ:સ્વાર્થ ભક્તિને બિરદાવી. 'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ'ની નિર્માણ પ્રક્રિયાની વાત કરીને તે કાર્ય માટે દાન કરનાર દાતાશ્રીઓ અને સેવકોને સંપ, સુહૃદભાવ, એકતાના સિદ્ધાંતને રાખીને સેવા કરતા જોઈને ખૂબ પ્રસન્નતા દર્શાવી અંતરની આશિષ વરસાવી. નિર્દોષભાવે કરેલી સેવા પ્રભુની પ્રસન્નતા અપાવે છે અને પ્રભુની પ્રસન્નતા જ


પૂ. ભરતભાઈ (પવઈ)


સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી





# ગુરુઆજ્ઞા મહિમા પર્વ સભા

**શ્રી** કૃષ્ણ જન્માષ્ટમી અને ઈંગ્લૅન્ડના ડેન્હમ સ્થિત મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજીના ૧૦મા પાટોત્સવ પર્વની ઢળતી સંધ્યાએ ગુરુઆજ્ઞા મહિમા પર્વની ઉજવણી ખૂબ ભક્તિભાવપૂર્વક થઈ. આ સભામાં અતિથિવિશેષ સ્વરૂપે લોહાણા મહાજન કૉમ્યુનિટીના પ્રમુખશ્રી પ્રવીણભાઈ કોટક ખાસ ઉપસ્થિત રહ્યા. સાધુ પૂ. પીટરદાસજીએ તેઓનો પરિચય આપી, તેઓના મહિમાની સુંદર વાતો કરી. ત્યારબાદ વિવિધ દેશોમાંથી પધારેલા અનુપમ મિશનના સંતો અને ટ્રસ્ટીશ્રીઓએ તેમનું શાલ, ખેસ અને મેમેન્ટો આપી સન્માન કર્યું તેમજ તેમની સાથે પધારેલા સંજયભાઈ શાહનાં પણ સન્માન કર્યાં. શ્રી પ્રવીણભાઈ કોટકે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી કૃષ્ણ જન્મના પાવનકારી પર્વે અને પાટોત્સવપર્વે અનુપમ મિશનમાં આવવાનો જે મોકો પ્રાપ્ત થયો તેની ધન્યતા અને આનંદની લાગણી વ્યક્ત કરી. ત્યારબાદ ભાવિશાબહેને ગુરુઆજ્ઞા મહિમાની વાત ખૂબ સુંદર રીતે વર્ણવી. તેમજ અ.નિ. રોનક ઠક્કરની બીમારી દરમિયાન ગુરુહરિ સાહેબદાદાએ પળેપળ પડખે ઊભા રહી બળ પૂર્યાં તેના હૃદયસ્પર્શી પ્રસંગો જણાવ્યા અને તેની સ્મૃતિમાં માતા-પિતા વિજયભાઈ-દર્શનાબહેન ઠક્કર દ્વારા 'અનુપમ રોનક ધ્યાનમંડપ' તૈયાર કરાયું છે તેની ભક્તિસભર વાતો કરી. ત્યારબાદ રાજશ્રીબહેને 'સીડ્સ ઓફ ચેન્જ' ગ્રંથનો આધાર લઈને પ્રાસંગિક મહિમાનાં ગાન કર્યાં. અંતે, સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કર્યા અને વિજયભાઈ ઠક્કર-દર્શનાબહેનના પરિવાર પર શ્રી ઠાકોરજી અને માતા-પિતા અને ગુરુજનોની વિશેષ કૃપાથી પાંગરેલા ભક્તિના સંસ્કારને બિરદાવી ખૂબ રાજીપો દર્શાવ્યો. જન્માષ્ટમીના પાવન પર્વે ભગવાન શ્રી કૃષ્ણની શીખના આધારે ભગવાનનું શરણું લઈ, ભગવાનધારક સાધુની બે હાથ જોડી આજ્ઞા પાળી, સંસારમાં રહેવા છતાં છતી દેહે ભગવાનનું સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ દર્શાવ્યો. સભા બાદ સૌ 'અનુપમ રોનક ધ્યાનમંડપ'નાં ઉદ્‌ઘાટન માટે પધાર્યાં. સંતભગવંત સાહેબજીના વરદ હસ્તે શ્રી ઠાકોરજીનાં પૂજન કરી આ ધ્યાનમંડપ મુક્તાર્પણ પામ્યો. સંતો અને ભક્તો ત્યાં બિરાજી ધ્યાન, ધૂન અને તપ કરી શકે તેવા હેતુથી રચાયેલ આ ધ્યાનમંડપ પરિસરની આગવી શોભા બની રહ્યો. ◆



રાજશ્રીબહેન



ભાવિશાબહેન



'અનુપમ રોનક ધ્યાનમંડપ'નાં મુક્તાર્પણ



'અનુપમ રોનક ધ્યાનમંડપ'માં શ્રી ઠાકોરજીનાં પૂજન



ધ્યાનમંડપમાં સાહેબજી સંગ ભક્તો

# જન્માષ્ટમી ઉત્સવ

**શ્રી** કૃષ્ણ જન્માષ્ટમીની રાત્રે સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે દિવ્ય બ્રહ્માનંદ રેલાયો. ભાઈઓ અને બહેનોએ અલગ-અલગ વિભાગમાં સતત ૨ કલાક સુધી ગરબાનો આનંદ માણ્યો. એલ.ઈ.ડી. સ્ક્રીન પર પ્રભુ સંતો અને ભક્તો સાથે રાસ રમતા હોય તેવાં દર્શન સુશોભિત કરાતાં હતાં અને તે અનુરૂપ જ સંતભગવંત સાહેબજીએ સંતો સાથે દાંડિયાના તાલ મેળવી સુંદર સ્મૃતિ આપી. ત્યારબાદ ભાઈઓ અને બહેનોએ પોતપોતાના વિભાગમાં ભગવાન શ્રી કૃષ્ણની સ્મૃતિ સાથે મટકી ફોડી આનંદ કર્યો. સંતભગવંત સાહેબજીએ પ્રભુપ્રાગટ્યનો આનંદ સદાય સૌના જીવનમાં ઊછળતો રહે તેવા આશીર્વાદ પાઠવ્યા. અંતે સૌએ આરતી ઉતારી ભક્તિ અદા કરી. અવર્ણનીય આનંદસભર સ્મૃતિ સાથે સૌ વિસર્જિત થયાં. ◆






## પરમ દિવ્ય પ્રેરણામૂર્તિ સાધુ પૂ. હિંમત સ્વામીજી પ્રાગટ્યપર્વ
## મંદિરજી દશાબ્દી મહોત્સવ પૂર્ણાહુતિ સત્ર

**૧૭ ઑગસ્ટ ૨૦૨૫, રવિવાર**



સાધુ પૂ. હિંમત સ્વામીજીનાં પૂજન




પૂ. હિંમત સ્વામીજી પ્રતિ સંતોના પ્રેમનાં દર્શન

**મહોત્સવનો** અંતિમ દિવસ-૧૭ ઑગસ્ટ એ અતિ પવિત્ર મંગલકારી દિન ! કારણ કે, પરમ દિવ્ય પ્રેરણામૂર્તિ, દાસત્વભક્તિનું સ્વરૂપ, ઈંગ્લૅન્ડ મંદિરના મહંત એવા દિવ્ય સાધુ પૂ. હિંમત સ્વામીજીનો ૭૦મો પ્રાગટ્યદિન અને મહોત્સવની પૂર્ણાહુતિ ! આજની સભાની શરૂઆત આવાહ્ન, ધૂન, ભજન દ્વારા થઈ. સાધુ પૂ. જયેશદાસજીએ માહાત્મ્યદર્શન પ્રવચન કર્યું અને સ્વામી સાથેના સાધનાની શરૂઆતના પ્રસંગો અને સ્વામીના જીવનમાંથી જે ભક્તિપાઠ શીખ્યા તેનાં વર્ણન કર્યાં. ત્યારબાદ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠાથી લઈને ૧૦મા પાટોત્સવ સુધીની યાત્રા તથા પૂ. હિંમત સ્વામીજી પ્રાગટયદિન નિમિત્તે યુવાનો દ્વારા બનાવેલ માહાત્મ્યદર્શન વિડીયોનાં દર્શન કરી સૌ ધન્ય થયાં. આ વિડીયો પ્રિયસી- નિષ્ઠા (યુ.એસ.એ.), દેવ-હિરવા (યુ.કે.) દ્વારા અપાર ભક્તિભાવે તૈયાર કરાયા હતા. સાધુ પૂ. હિંમત સ્વામીજીએ શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબજીનાં પૂજન અને પુષ્પહાર અર્પણ કરી પ્રાગટ્યદિનના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. સાધુ પૂ. જયેન્દ્રદાસજીએ પૂ. હિંમત સ્વામીજીનાં પૂજન કર્યાં. ઈંગ્લૅન્ડના યુવાનો દ્વારા તૈયાર થયેલ ‘શ્રી સ્વામિનારાયણ મહામંત્ર’ લિખિત વિશિષ્ટ હાર સૌ સંતોએ ભેગા મળી સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સાધુ પૂ. હિંમત સ્વામીજીને અર્પણ કર્યા. આ સમયે વાતાવરણમાં ખૂબ દિવ્યતા અને સહજ આનંદનાં દર્શન થઈ રહ્યાં હતાં. સૌ સંતોએ પૂ. સ્વામીના પ્રાગટયદિનનો હર્ષ અને ઉલ્લાસ વિશિષ્ટ રીતે એટલે કે પૂ. હિંમત સ્વામીજીને ખભા પર ઊંચકીને વ્યક્ત કર્યો.

પૂ. દિનકરભાઈ, પૂ. વશીભાઈ તથા પવઈ ભક્તસમાજની સ્મૃતિ સાથે પૂ. ભરતભાઈ અને પૂ. અશ્વિનભાઈએ સંતભગવંત સાહેબજી અને પૂ. હિંમત સ્વામીજીને હાર અર્પણ કરી શુભકામનાઓ પાઠવી. ત્યારબાદ દીપકભાઈ દાણી (કૅનેડા) અને ડૉ. પાર્થિવભાઈ મહેતા (ભારત), હિતેશભાઈ ભરખડા (યુ.કે.), દીપેનભાઈ રૂઘાણી (ઑસ્ટ્રેલિયા) દ્વારા પ્રાસંગિક માહાત્મ્યગાન થયાં. આ પ્રસંગે વડીલ ગૃહસ્થ મંડળ તેમજ ઈંગ્લેન્ડના યુવાન ટ્રસ્ટીશ્રીઓએ પૂ. હિંમત સ્વામીજીને હાર અર્પણ કરી પ્રાગટ્યદિનનાં અભિનંદન પાઠવ્યાં. ત્યારબાદ સમગ્ર સમૈયામાં રાત-દિવસ જોયા વગર જેઓએ સેવાઓ કરી તેવા વૅમ્બલી, ઈસ્ટ લંડન, કિંગ્સ્ટન મંડળના સૌ અક્ષરમુક્તોએ પૂ. સ્વામીજીનાં પૂજન કરી, હાર અર્પણ કર્યા અને પૂ. સ્વામીજીને ખભા પર ઊંચકીને





સાધુ પૂ. જયેશદાસજી



સતીશભાઈ ચતવાણી



તૃષિલ



ડૉ. પાર્થિવભાઈ મહેતા



ઊર્જા

હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો. ત્યારબાદ ઑસ્ટ્રેલિયા-ન્યુઝીલૅન્ડ મંડળના અક્ષરમુક્તોએ પૂ. સ્વામીજીનાં પૂજન અને હાર અર્પણ કર્યાં. ઘનશ્યામ ફળિયાનાં દેશ-વિદેશનાં બાળકોએ પણ મંચ પર પધારી સ્વામીદાદાને બૂકે અર્પણ કરી, પોતાની ભક્તિ અદા કરી.

નાનકડી દીકરી ઊર્જાએ પોતાની કાલીઘેલી ભાષામાં સૌના વ્હાલા પૂ. સ્વામીદાદાના પ્રાગટ્યદિન નિમિત્તે મહિમાગાન કર્યું. તૃષિલ (યુ.એસ.એ.), કીર્તિબહેન (યુ.કે.), ધનેશ્વરીબહેન (યુ.કે.), સતીશભાઈ ચતવાણીએ મનનીય મહિમાગાન કર્યાં. ફ્લૉરિડા-યુ.એસ.એ. મંડળના મુક્તો, દુબઈ મંડળના ભક્તો, વૈશ્વિક યુવાનો-યુવતીઓ વતી દેશ-વિદેશના યુવાનેતાઓએ મંચ પર પધારી પૂ. હિંમત સ્વામીજીને પ્રાગટ્યદિનની શુભકામનાઓ પાઠવી. આ ઉપરાંત, ઉપસ્થિત બાળકો, યુવાઓ અને ભક્તોએ પણ સ્મૃતિભેટ, શુભેચ્છા કાર્ડ અને પુષ્પો દ્વારા પૂ. હિંમત સ્વામીજીને વધાવ્યા. આ સભામાં શ્રી શશિભાઈ વેકરિયા, શ્રી રજનીભાઈ કિરોયા, તૃપ્તિબહેન પટેલ (હિન્દુ ફૉરમ, બ્રિટનનાં પ્રમુખ) આદિ પધાર્યાં, તેઓનાં સ્વાગત કરાયાં. તેઓ સૌ વતી તૃપ્તિબહેન પટેલે પ્રાસંગિક પ્રવચનમાં સાધુ પૂ. હિંમત સ્વામીજીની દાસત્વભક્તિનાં દર્શન કરાવ્યાં.

ત્યારબાદ પૂ. હિંમત સ્વામીજીએ પ્રાસંગિક ધન્યભાવ વ્યક્ત કરતાં કહ્યું કે, 'સાહેબદાદા, અશ્વિનદાદા, શાંતિદાદાની છેલ્લાં ૫૦



દીપકભાઈ દાણી



ભાવિશાબહેન



હિતેશભાઈ ભરખડા



કીર્તિબહેન



દીપેનભાઈ રૂઘાણી



તૃપ્તિબહેન પટેલ



ધનેશ્વરીબહેન




વર્ષોની તપશ્ચર્યા, પ્રેમ અને જતનનું જ આ બધું પરિણામ છે. સદ્‌ગુરુ સંતોને આગળ રાખીને બધું કરીએ તો તેઓ જ બધું ગોઠવી દે છે, અશક્ય વસ્તુઓ શક્ય બને છે.'


આશિષયાચના અને માર્ગદર્શન : સાધુ પૂ. હિંમત સ્વામીજી

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં સાધુ પૂ. હિંમત સ્વામીના જીવન-માહાત્મ્યને વર્ણવી રાજીપો વરસાવ્યો. વિશેષ તો, મહોત્સવનાં સફળ આયોજન અને સુંદર વ્યવસ્થાપનમાં સૌ સંતો અને સેવકોની સેવા-ભક્તિ અને સમર્પણને બિરદાવી પ્રસન્નતા વ્યક્ત કરી. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના કાર્યને વહેતું રાખવા માટેના ભાવ વહાવી સૌને માર્ગદર્શન અને બળ પ્રદાન કર્યાં. 'ૐ અંત્યેષ્ટિ સંસ્કારધામ'ના આવતા વર્ષે ૧૫ જુલાઈ-સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિને મુકતાર્પણ કરવાના ઉદ્‌ઘોષ કર્યા ને સમાજ માટેના આ અપ્રતિમ સેવાપ્રકલ્પ માટે સૌને સાથ-સહકાર આપવા અપીલ કરી. આવતા વર્ષનાં ઉત્સવ આયોજન માટે સૌને સેવા-ભક્તિ કરવા બળ મળે તેવી પ્રાર્થના શ્રી પ્રભુચરણે, શ્રી ગુરુચરણે ધરી. આમ, અલૌકિક આનંદ, અપાર સ્મૃતિ અને પરમ દિવ્યતાની અનુભૂતિ સાથે મહોત્સવ સુપેરે સંપન્ન થયો. ન માત્ર આયોજન કે વ્યવસ્થાપન, પરંતુ આધ્યાત્મિક જ્ઞાનને અંતરમાં દઢપણે અંકિત કરનાર આ મહોત્સવ સૌ માટે ચિરંજીવ અને યાદગાર બની રહ્યો.

સમગ્ર સમૈયામાં યુવાઓએ લીધેલ જવાબદારી, તેઓ વચ્ચે સંપ, સુહૃદભાવ અને એકતા તથા ટીમ સ્પિરિટથી થતાં સેવાકાર્યોનાં અદ્‌ભુત દર્શન થયાં. પ્રત્યેક વિભાગમાં યુવાઓએ અદમ્ય શ્રદ્ધા અને મહિમાથી ભક્તિ અદા કરી. સમૈયો ઈંગ્લૅન્ડમાં હતો, પરંતુ, ભારત, અમૅરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા આદિ દેશોના યુવાઓએ પણ જવાબદારી સ્વીકારી અદ્‌ભુત ભક્તિ અદા કરી. સૌના અંદરોઅંદરના આવા સમન્વયને સંતભગવંત સાહેબજીએ બિરદાવી ખૂબ રાજીપો વરસાવ્યો. ટ્રાન્સપોર્ટેશન, પાર્કિંગ, સભા અને મંચવ્યવસ્થા, યજ્ઞ વ્યવસ્થા, ઑડિયો અને વિડીયો વિભાગ, ટૅક્નિકલ સેવા, રસોડા વિભાગ, સુશોભન વિભાગ, ઉતારા વિભાગ, પ્રદર્શન અને વેચાણ કેન્દ્ર, પ્રકાશન, સાંસ્કૃતિક કાર્યક્રમ, ઈલેક્ટ્રિક વિભાગ આદિ દરેક ક્ષેત્રે અલૌકિક સેવાઓ વહી. સૌનાં હૈયાંમાં એકમાત્ર ભાવના ધબકતી હતી કે, 'સઘળું સંતભગવંત સાહેબજીને રાજી કરવા જ કરવું છે.' અને તે ભાવના સહજ સૌને સ્પર્શી; જેના ખૂબ રૂડા પ્રતિભાવ અને પ્રતિસાદ પ્રાપ્ત થયા. ◆


સંતભગવંત સાહેબજીની દિવ્ય આશિષવર્ષા



# સેવા સરવાણી અને ધન્યતાની કહાણી !

## મંદિરજી દશાબ્દી મહોત્સવ, યુ.કે.-૨૦૨૫

**મંદિરજી** દશાબ્દી મહોત્સવ, યુ. કે.-૨૦૨૫ શ્રી ઠાકોરજી મહારાજની કૃપા અને સંતભગવંત સાહેબજીના આશીર્વાદને પરિણામે સર્વ પ્રકારે સફળ રહ્યો અને નિર્વિઘ્ને પાર પડ્યો ! આ મહોત્સવની વિશેષતા એ હતી કે, સમગ્ર આયોજનનું નેતૃત્વ સદ્ગુરુ સંતો, દેશ-વિદેશના પ્રમુખશ્રીઓ, વડીલો અને સંતોનાં માર્ગદર્શને આંતરરાષ્ટ્રિય યુવાઓએ સંભાળ્યું. સાધુ પૂ. હિંમત સ્વામીજી અને ટ્રસ્ટીશ્રીઓનાં માર્ગદર્શને યુ.કે.ના સાધુ પૂ. પંકજદાસજી, પૂ. કિરણદાસજી, પૂ. જયેન્દ્રદાસજી, હિતેશભાઈ ભરખડા, અસીદભાઈ, ભાવિનભાઈ, હર્ષિદભાઈ, શોભનભાઈ, અજયભાઈ, ભાવિશાબહેન, કીર્તિબહેન, દર્શનાબહેન, ધનેશ્વરીબહેન, અભીપ્સા, નિમ્મી, અમેરિકાના મહર્ષિ, તૃષિલ, ડૉ. નીલ, મિહિર, ઋત્વિક, કૅનેડાના વિશાલભાઈ, વિવેકભાઈ, ભારતના દિવ્યાંગભાઈ, ગૌરાંગભાઈ, ઑસ્ટ્રેલિયાના દીપેનભાઈ, મૌલિકભાઈ આદિ વિવિધ દેશોના યુવાનેતાઓએ એક વર્ષ પહેલાંથી મહોત્સવ અંગેનું બારીકીભર્યું પ્લાનિંગ શરૂ કરી દીધું હતું. ડિજિટલ પ્લૅટફૉર્મના માધ્યમથી સમયાંતરે એકત્ર થઈ, ગહન તથા અધ્યાત્મપ્રચુર ચર્ચાઓ કરી સંતભગવંત સાહેબજી રાજી થાય તે પ્રકારે મહોત્સવ ઊજવાય તેનું ઝીણવટભર્યું આયોજન તૈયાર કર્યું. તેઓની આ ચીવટતા સહજ જ સઘળી વ્યવસ્થાઓમાં છલકાતી હતી અને સૌનાં હૈયે સ્પર્શતી હતી ! વળી, ઇંગ્લૅન્ડના યુવાનો સાથે મળીને ભારતની IT ટીમે ઑનલાઇન રજિસ્ટ્રેશન સિસ્ટમ તૈયાર કરી, જેના કારણે દેશ-પરદેશથી પધારતા સૌ સંતો-ભક્તોનાં ઉતારા, ભોજન, ટ્રાન્સપૉર્ટ, યજ્ઞ આદિ સઘળી વ્યવસ્થાઓ સુપેરે કરી શકાઈ.

ટ્રાન્સપૉર્ટેશન વિભાગના યુવાઓની સેવા ગજબની હતી ! ભક્તો પોતાના દેશથી ઇંગ્લૅન્ડ આવવા પ્રસ્થાન કરે તે પહેલાં તો તેમની પાસે વિગત આવી ગઈ હોય કે, તેઓને ઍરપૉર્ટ પણ કોણ લેવા આવશે અને ક્યાં લઈ જશે ! અને બન્યું પણ એવું જ હોય ! ભક્તો ઍરપૉર્ટ પર પધારે તે પહેલાં જ સેવક યુવાન પહોંચી ગયા હોય ! ઘણી વખત તો પૂ. હિંમત સ્વામીજી અને સંતો પણ ભક્તોને ભાવથી સત્કારવા માટે યુવાનો સાથે ઍરપૉર્ટ પહોંચી જતા. ટ્રાન્સપૉર્ટેશન વિભાગના સ્થાનિક સૌ સેવકોને સતત દોડાદોડી રહેતી. ભક્તોને તેઓના ઉતારાથી બ્રહ્મજ્યોતિથી સવાર-સાંજ લાવવા-મૂકવાની સેવા તેઓએ દેહને ગણ્યા વગર અદા કરી. તેઓની આવી સેવાને સૌ કોઈ વંદી રહ્યાં.

ઉતારા વિભાગની સેવા પણ બહુ ધીરજ અને ચોકસાઈ માંગી લે તેવી હતી. વહેલા-મોડા જ્યારે પણ ભક્તો પધારે ત્યારે તેઓને આરામદાયક ઉતારો મળી રહે, સવારે ઉતારે જ ચા-નાસ્તો મળી રહે, બ્રહ્મજ્યોતિ પર મંદિરે જવા-આવવા માટે ટ્રાન્સપૉર્ટ મળી રહે તેની સુંદર વ્યવસ્થા સાધુ પૂ. જયેન્દ્રદાસજી, હર્ષિતભાઈ, કીર્તિબહેન આદિએ બહુ ચીવટપૂર્વક કરી, જેનો સૌ ભક્તોને ખૂબ સંતોષ થયો અને સૌ સેવકોનો ખૂબ ગુણ આવ્યો.

આવી પડકારભરી સેવા તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર પાર્કિંગ અને ટ્રાફિક મૅનેજમેન્ટની હતી. નિર્માણાધીન ક્રિમેટોરિયમને કારણે ઘણો મોટો વિસ્તાર તેમાં રોકાયેલો હતો. તેથી ઓછી જગ્યામાં પણ યોગ્ય રીતે પાર્કિંગ થાય તે માટે સાધુ પૂ. કિરણદાસજી, પૂ. હિતેનભાઈ અને યુવકોએ વહેલી સવારથી મોડી રાત્રિ સુધી ઠંડી-ગરમી-વરસાદમાં પણ ખડે પગે આ સેવા બહુ ધીરજપૂર્વક સંભાળી. વળી, બ્રહ્મજ્યોતિ પર ગાડી-વાન અને મોટી બસો જેવાં વાહનોના પ્રવેશ માટે ખૂબ વ્યસ્ત એવા ઇંગ્લૅન્ડના મુખ્ય ધોરીમાર્ગ A40 થી પ્રવેશ અને બીજા રસ્તેથી બહાર લઈ જવાના ટ્રાફિકનું સંચાલન પણ આ ટીમે અત્યંત ચોકસાઈથી સંભાળ્યું.

રસોડા વિભાગની જવાબદારી સંભાળતા સાધુ પૂ. પંકજદાસજી અને સૌ ભક્તોને પણ અનંત વંદન છે ! ૯થી ૧૭ ઑગસ્ટ એટલે ૯ દિવસ અને મહોત્સવ પહેલાં તથા પછીના દિવસો ગણીએ કેટલાય દિવસો સુધી એકધાર્યું રસોડું દિવસ-રાત સતત કાર્યરત રહ્યું ! સ્થાનિક વડીલ અક્ષરમુક્તો યોગેન્દ્રભાઈ-મીનુબહેન, રેખાબહેન અને ઈસ્ટ લંડનના સૌ ભક્તો, ભારતના સાધુ પૂ. દિનેશદાસજી, પૂ. જિજ્ઞેશદાસજી સાથે સ્થાનિક અને દેશ-વિદેશના નાના-મોટા સૌ સેવકોએ અથાક સેવા કરીને સવારનો અલ્પાહાર, સવાર-સાંજનાં ભોજન માટે વૈવિધ્યસભર વ્યંજનો જાતે જ તૈયાર કર્યાં. શરમ કે નાનપ અનુભવ્યા વગર નીચી ટેલની સેવા હોય કે અચાનક આવી પડતી સેવા હોય, તેમાં સૌ અપાર ભક્તિભાવે જોડાઈ જતાં ! સાધુ પૂ. પરેશદાસજી, પૂ. હરેશદાસજી, પૂ. રમેશદાસજી-કપિલ તથા ભાવિનભાઈ અનેયુવાનો દ્વારા મહાનુભાવો, મહેમાનો અને ભક્તોને મહાપ્રસાદ પીરસવાની જે સેવા અર્પણ કરાઈ તેને જોઈ સંતભગવંત સાહેબજીએ પણ અપાર પ્રસન્નતા વ્યક્ત કરી.

મહોત્સવ દરમિયાન રોજેરોજનાં દરેક સત્રોના કાર્યક્રમનાં ઝીણવટભર્યાં આયોજન સાધુ પૂ. સંદીપદાસજી અને ભાવિશાબહેને કર્યાં અને તેઓ સાથે મંચસહાય ટીમના આનંદ પોપટ, બાદલ અને યુવાનોએ દેશ-વિદેશના સૌ પ્રમુખો, મહાનુભાવો, મહેમાનો આદિ સૌનાં સ્વાગત, સરભરા અને સન્માન સુધીની સઘળી વ્યવસ્થાઓ અદ્ભુત રીતે સંભાળી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર યુવાઓ જુદા જુદા દેશો, રાજ્યો અને પ્રદેશોના હતા. તેઓએ

પોતપોતાના સ્થાને પ્રૅક્ટિસ કરી, મહોત્સવ દરમિયાન તેનો સમન્વય કરી એક મંચ પરથી ભાવભરી પ્રસ્તુતિ આપી તે ખરે જ સંપ, સુહૃદભાવ અને એકતાનાં પ્રમાણ છે ! પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શને અને મેઘનાબહેન, શ્રીલા, અર્ચનાબહેનનાં નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમ અવિસ્મરણીય બની રહ્યો. મહોત્સવ અંતર્ગત પ્રસ્તુત કરેલ પ્રદર્શની અને વેચાણકેન્દ્રનાં સર્જનમાં પણ યુવાનોએ સુંદર આયોજન કર્યાં. મુલાકાત લેનારને પ્રદર્શનીનો ભાવ હૃદયસોંસરો ઊતરી જાય તેવી આકર્ષક અને આહ્લાદક પ્રસ્તુતિ યુવાઓની માહાત્મ્યસભર ભક્તિના અનુભવ કરાવતા હતા.

મહોત્સવનાં સુશોભન આધુનિક ટૅક્નોલૉજીના ઉપયોગ દ્વારા એલ.ઈ.ડી. સ્ક્રીન પર કરવામાં આવ્યાં, જે અત્યંત રમણીય અને મનનીય હતાં. સાધુ પૂ. રમેશદાસજી, પૂ. નીરવદાસજી, પૂ. હરમિતદાસજી, પૂ. ગૌરવદાસજી, અસીદભાઈ અને યુવાઓની ટીમ દ્વારા પ્રસ્તુત થયેલ કૌશલ્યસભર સુશોભન મહોત્સવના દરેક સત્રના મૂળ સંદેશને વધુ અસરકારક રીતે પ્રસરાવતા હતા. મંચવ્યવસ્થામાં પણ સંતોના આંખના ઈશારે યુવાઓ ખડેપગે સેવાપ્રવૃત્ત રહ્યા, તેઓની સૂઝ, કાર્યશક્તિ અને ઉત્સાહના પરિણામે સમગ્ર મહોત્સવ દરમિયાન મંચસ્થ સૌ મહેમાનોની સર્વ પ્રકારની વ્યવસ્થા સંતોષકારક જળવાઈ.

મહાયજ્ઞ અને પાટોત્સવની પૂજાવિધિ તથા વ્યવસ્થા હૃદયસ્પર્શી રહ્યાં. પૂજાવિધિમાં ઉચ્ચારાતાં સ્પષ્ટ શ્લોકગાન, તેની પાછળનું આધ્યાત્મિક વિજ્ઞાન અને વાતાવરણની દિવ્યતા સાધુ પૂ. રાજુદાસજી, પૂ. સંદીપદાસજી, પૂ. રમેશદાસજી-દયાળુ અને સેવકોની અંતરની ભક્તિનાં દિવ્ય દર્શન કરાવતાં હતાં. મહોત્સવમાં પ્રકાશિત કરવા ઑડિયો અને પ્રિન્ટ પ્રકાશનોની સેવામાં સાધુ પૂ. સંદીપદાસજી, સાધુ પૂ. ઉત્પલદાસજી અને ભાવિશાબહેન, ડૉ. ધનંજયભાઈ તથા સેવકો દ્વારા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શન અનુસાર ખૂબ ખંત અને ચીવટતાપૂર્વક ભક્તિ અદા કરવામાં આવી. 'ઘનશ્યામ ફળિયું'ના માધ્યમથી સાધુ પૂ. યોગેશભાઈ, મીનલભાઈ, દર્શિતા અને સેવાપ્રવૃત્ત સેવક ભક્તો દ્વારા નાનાં બાળકોની સરસ સંભાળ લેવામાં આવી. સાધુ પૂ. જયેન્દ્રદાસજી, દેવ, વેદ અને યુવા સેવકો દ્વારા ઑડિયો-વિડીયો-ફોટોગ્રાફીની સેવા સુપેરે કરવામાં આવી. સાધુ પૂ. પંકજદાસજી, નિમ્મી સહિત મૅડિકલ સહાયમાં સદાય તત્પર આરોગ્ય નિષ્ણાતોની ભક્તિ પણ અપ્રતિમ રહી. મહોત્સવ દરમિયાન શ્રી ઠાકોરજી મહારાજનાં મનોહર દર્શન, તેઓની સેવા-પરિચર્યા તથા ગર્ભગૃહ સુશોભનમાં સાધુ પૂ. નીલેશદાસજી, સંજયભાઈ, બાદલ આદિની સેવા સહજ જ નોંધપાત્ર હતી. સાધુ પૂ. જયેન્દ્રદાસજી, અજયભાઈ કોટેચા અને સેવકો દ્વારા ઈંગ્લૅન્ડ તથા યુરોપની યાત્રા દરમિયાન સઘળી વ્યવસ્થા તથા પ્રવાસનાં આયોજન પણ અભૂતપૂર્વ રહ્યાં.

દરેક વિભાગના સેવકોની કહાણી અનુપમ છે. સાધુ પૂ. હિંમતદાસજી, પૂ.પંકજદાસજી, પૂ. કિરણદાસજી, પૂ. યોગેશદાસજી, પૂ. ભૂપેન્દ્રદાસજી, પૂ. જયેન્દ્રદાસજી આદિ સંતોએ ઈંગ્લૅન્ડના સૌ ભક્તો-યુવાનોમાં માહાત્મ્યનાં અદ્‌ભુત સિંચન કર્યાં છે, તેનાં પરિણામે તેઓ સાથે અસીદભાઈ, મિલનભાઈ અને સેવકોની ટીમ દ્વારા દરેક વિભાગની વ્યવસ્થા અર્થે જે પ્રબંધન કરાયાં તે આદર્શ ઉદાહરણ બની રહ્યાં. સૌ કોઈ સાનુકૂળતાથી સેવા કરી શકે તે માટેનાં પ્રત્યેક સાધન-સંસાધનો આ ટીમ દ્વારા ખૂબ સમયસર ઉપલબ્ધ કરાવાયાં અને વળી, સમય પહેલાં જ તે અંગેની પૂર્વતૈયારીઓ સંપન્ન કરી દેવાઈ. સમગ્ર પરિસરમાં ઈલેક્ટ્રિસિટી, પાણી, પ્રસાધન આદિની વ્યવસ્થામાં તલસ્પર્શી વિચારણા, આયોજન અને વ્યવસ્થાપન છુપાયાં હતાં. મહોત્સવમાં પધારતા પ્રત્યેક ભક્તનાં સ્વાગત-પ્રસ્થાનની તથા સૌની અવર્ણનીય સેવાની સ્મૃતિઓને મૉબાઈલ ફૉનના કૅમેરાથી કંડારી વિશ્વસમસ્ત સુધી પહોંચાડવાની તથા સેવામાં રોકાયેલા સંતોની લૉન્ડ્રીની સુહૃદ સેવા સાધુ પૂ. ભૂપેન્દ્રદાસજીએ અપાર ભક્તિભાવે અદા કરી.

મહોત્સવની સેવામાં પરોવાયેલા વિવિધ દેશોના સેવક યુવાઓને ભાગે આરામ કે ઊંઘનો સમય જ નહિ મળતો હોય તેમ લાગે ! જ્યારે જુઓ ત્યારે એક યા બીજી સેવામાં તેઓ પ્રવૃત્ત જ હોય ! ઈંગ્લૅન્ડના સ્થાનિક ભક્તો પણ મોડી રાત સુધી સેવાઓ કરે, સૌનું સઘળું સચવાય પછી લાંબું ડ્રાઈવ કરી પોતાના ઘરે પધારે, ઘરેથી કરવાનાં કાર્યો પૂરાં કરી આરામમાં જાય ત્યાં તો સવાર થઈ ગઈ હોય. એટલે વળી પાછા ભક્તો જાગે તે પહેલાં મંદિરે સેવા માટે પહોંચી જાય ! દરેક દેશોના યુવાઓએ પોતાની નોકરીમાંથી આટલા બધા દિવસોની રજાઓ લઈને મંદિર અને સત્પુરુષ અર્થે અકલ્પ્ય ભક્તિ અદા કરી. તેઓ દ્વારા જે સેવા થઈ, તે માત્ર સેવા ન હતી પણ માહાત્મ્યપૂર્ણ ભક્તિ હતી ! સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ કરેલાં જતન, કાળજી અને વાવેલાં સંસ્કારબીજનું સાકાર સ્વરૂપ હતું !

ઈંગ્લૅન્ડમાં સાધુ પૂ. હિંમત સ્વામીજી અને સંતોના અથાક દાખડાની તથા ભારત અને અમૅરિકાથી સેવા માટે પધારેલા સંતોની ભક્તિને શબ્દોમાં લખવી કે વર્ણવવી શક્ય નથી. જેઓને મન પ્રભુ અને ગુરુહરિ સિવાય અન્ય કશું જ પ્રધાન નથી તેઓનાં જીવન સૌને સહજ જ પ્રેરણા આપે તે સહજ બાબત છે ! આવી મહિમાસભર સેવા અને પ્રેરક ગુરુભક્તિથી ભર્યો ભર્યો રહ્યો મંદિરજી દશાબ્દી મહોત્સવ ! આવનારા સમયમાં યુવા-ઉત્થાન અને યુવાનોનાં સર્વાંગી ઘડતર તથા તેઓ દ્વારા થનારાં અકલ્પ્ય ઐતિહાસિક કાર્યોના પાયારૂપ બની રહ્યો મંદિરજી દશાબ્દી મહોત્સવ !

મહોત્સવની દિવ્યતા, સંતભગવંત સાહેબજીના પ્રાપ્ત થયેલા સમાગમની ધન્યતા, અદ્‌ભુત વ્યવસ્થા તથા સૌમાં પરસ્પર વ્યાપેલાં સંપ, સુહૃદભાવ અને એકતાનાં દર્શન-અનુભવ અંગે અગણિત પ્રતિભાવો પ્રાપ્ત થયા, જે પૈકી કેટલાક આ સાથે સમાવ્યા છે. ◆

Jai Shri Swaminarayan ! We want to take a moment to recognize the Sahebji Youth here in the UK. On the surface, it may have looked like international youth came in and picked up seva, but the truth is, the backbone, the foundation, the real strength of this Mahotsav was the UK youth.

For this celebration, so many of them stepped into deputy leadership roles—for some, it was their very first time doing seva like this, their first time on paper being called a leader. And yet, they carried themselves with such maturity, calm, and faith. Most are in their 20s—a stage of life when so much can feel uncertain... school, work, friendships, relationships. But in this Mahotsav, there was no hesitation at all. They were crystal clear about one thing: giving everything they had to earn Guruhari Sahebdada's rajipo.

Even our senior leaders had to learn how to guide these deputy leaders, because this was new ground for everyone. But what amazed us was how the youth responded when there were gaps, when things got tough, when patience was tested—not once did these youth complain. They folded their hands, kept their heads down, and just kept serving with their focus locked on Sahebdada and Sadhu P. Himmatdasji.

A glimpse of their seva (though no words can capture it fully):

- Nimmi : Admin seva, coordinating volunteers, welcoming haribhakto, resolving concerns with love, balancing even First Aid... she did it all, never losing her smile.
- ☐ Shyam & the Parking Team : One of the toughest sevas, standing outside and staying the course for the entire Mahotsav. Their grit and commitment carried this seva.
- ☐ Shivani : Transport seva is no small task, especially when patience runs thin. She stayed composed and did everything possible to meet every need.
- ☐ Hirva & Badal : Stage seva is non-stop changes, but they adapted with precision. Because of them, the stage flowed seamlessly.
- ☐ Ved : Hours at a time standing behind the camera, always alert to capture the perfect moment. His quiet focus brought the whole event to life.
- ☐ Shreela & Team : The cultural program wasn't just good—it was unforgettable. A standing ovation. To unite so many people and regions in one program takes incredible patience and heart.
- ☐ Deniesha : The exhibition was creativity at its finest. She transformed mahima into something we could see and feel.
- ☐ Dhruvit : We don't think we ever saw him sit down except to eat for a few minutes. His energy in kitchen seva kept it running non-stop.
- ☐ Yashahvi : Juggling so many hats, yet always present in Vechan Kendra and Publications. True commitment.
- ☐ Aashka & Dhara : Yagna seva was handled with so much care, precision, and devotion. Their coordination of the Rushi Kanya team was beautiful.
- ☐ Dev : The glue of the Mahotsav. He was everywhere at once—filling gaps, encouraging peers, and leading by example.

And that's only a few. Others like Jeson, Shyam, Sahaj, Akshar, Upasana, Rushil, Gopi, Keya, Maulika, Kishan, Parmita, Manas—and so many more—proved what true leadership looks like. They didn't need titles. They didn't need recognition. They just served as true das, with humility and strength.

If we've missed names or details, please forgive us. What matters most is this: we all witnessed the darshan of youth whose relentless pursuit of Sahebdada's rajipo will stay with us forever. And we can all agree: they most certainly earned it.

**~ Sahebji Youth North America**

આભારના ભારથી સર્વની નિષ્કામ ભક્તિસેવાનું મૂલ્યાંકન ઓછું કરવું નથી પણ દાદાના દિવ્ય સાંનિધ્યમાં યુવાશક્તિ અને સેવામાં જોડાયેલા સહુ હરિભક્તોએ નાની નાની બાબતોમાં પણ ચોક્સાઈ રાખી, 'ભક્તોને માથાના મુગટ માનવા' - તેને જીવન-વર્તનમાં ઉતારી, અમ સહુનાં મન પર અદ્‌ભુત સ્મૃતિ અને હૃદયે ભાવભીની કાંઈક એવી અવિસ્મરણીય પળો અંકિત કરી છે. **~ પૂજા અને બિમલ શેઠ - પિયોરિયા (USA)**

I am thankful & grateful for the superlative sewa of UK satsangis. Mohotsav was a divine, uplifting, and rejuvenating experience ! Sharing unique moments with our international Anoopam family was a profound joy.

**~ Parul Patel (USA)**

No words are enough to express any words for Global youth excellent divine seva, dedication, organizing an extraordinary way the whole MDM and the youth convention 2025.

**~ Viral, Bhavita, Diya, Vihan (USA)**

Excellent samaiya we were fortunate to attend for 2 days with Saheb Dada with Devotees and really achieved vision of Divinity, Satishbhai Chatvani speech for P. Himmat Swami was very heart touching. It was really good to observe the seva of all departments bhakto

**~ Bharatbhai, Ashwinbhai**
**Madhuriben Krupaben-Powai, Tardeo**

MDM has just concluded, with our emotions overflowing with "Bhakti" & "Pride" to be a part of amazing Anoopam Mission Parivaar. The entire campus was soaked in Haribhaktos' warmth & divinity. Thank you can be at best, the lowest form of expression, for there aren't words to fully describe experience. **~ Hetanbhai (INDIA)**

All good times may come to an end, but the memories and blessings will forever remain. MDM 2025 London has concluded, leaving us overflowing with bhakti and pride to be part of this incredible Anoopam Mission Parivaar.

**~ Anupambhai Patel (INDIA)**

No words to thank Pujya Swami and UK team for everything they have done for us ! Adbhut Adbhut Adbhut in all ways.

**~ Dipak Dani (Canada)**

Each sevak had paid attention to the smallest detail. We could see they were all trying to do their very best to take care of all haribhaktos. These memories will last till Sahebdada's Shatabdi samaiyo. **~ Mukti-Ninad (U.S.A.)**

Even though this was my very first visit to the UK Mission, it never felt like the first. I felt as if I already knew everyone — such was the bond of oneness. The positive energy in missing is truely unbelievable. It cannot be describe in words. The entire event and visit to Mandir strengthened my belief and faith even more.

**~ Abhijeet Pramod Kotkar**

ADHBHUTAM ! ADHBHUTAM ! ADHBHUTAM ! ALL the TEAMS performed their SEVA in Divine Unison - only and only to get SAHEBDADA RAJIPO Koti Koti Salute Sah ABHINANDAN. Awesome seva with Samp, Suhradbhav, Ekta.

**~ Sadhu P. Jayeshdasji**

We all could see the hard work for carving and crafting of all Sevaks by Sant Bhagwant P.P. Sahebdada and all Santo since last 50+years. The Dandvat Pranam to their unconditional bhakti and Mahatmya.

**~ Johnu Shah, Amita Shah (New Zealand)**

It was truly an unimaginable event and example of what can we achieve by following teachings and principles of Sant Bhagwant SAHEBDADA; Samp - Suhradbhav - Ekta.

Learning points for likes of us remains...

- ☐ Meticulous planning and execution - from long before actual event
- ☐ Detailing and attention to every point - with SAHEBDADA's Rajipo as the centre point
- ☐ Engaging content and programming - with youth given freedom
- ☐ Exceptional efforts in hospitality and logistics - comfort for Haribhakto as the centre point
- ☐ Maximising use of technology for complete coordination

**Shruti & Parthiv Mehta (Ahmedabad)**

Dear Youth,

We could not have done this without the help from all of YOU from the far flung corners of the world. Whether you are children, youths or the more mature of us, you all found a seva to do....all with the intention of pleasing our Guru and Shreeji Maharaj. You took no notice of your late nights and early starts and marched ahead with your sevas. Your actions and Bhakti has been a sincere demonstration of your love for each and every Bhakto, for Sant Bhagwant Sahebdada and for our borderless parivar. We bow our heads to your devotion and to you selfless seva.

**~ Sevak Shobhanbhai (UK)**

Hats off to leadership team, all committees for their tireless efforts and work to serve us. Thank you for everything. Special thank you and Bow down to our evolving santos, youth Leaders and youth for their tireless seva.

**~ Komal, Vipul, Anjalee, Alisha and Luna**

Leadership of Sadguru Sadhu Pujya Manojdasji and Sadhu pujya Himmat Swami made the event into a tirthyatra of our lifetime.

**~ I myself, Dr Meera and Dr Maulika**

Great events end but for us it is a new beginning of spiritual upliftment today and every day after UK Mandirji Dashabdi Mahotsav 2025. **~ Narendra, Devangi, Misri & Aarsh (Canada)**

Such a deep spiritual experience and Bhakti Done with so much love, care and kindness. **~ Ritu Nigam (USA)**

I'm grateful for the bonds we've formed, the laughter we've shared, and the collective effort that made our programs, from traditional dances to spiritual chanting, a celebration of our diversity and unity. This embodies the spirit of our Anoopam Mission. Our volunteers, despite age and health challenges, have shown remarkable dedication and compassion. Serving together has not only fostered personal and spiritual growth but also given us the opportunity to give back to the community. Through selfless service and connection, we've discovered the true meaning of Saheb's words. **~ Jyotiben Sharma (INDIA)**

It is once in a lifetime opportunity to witness Anoopam mission United and borderless on the land of Anoopam Mission UK during Mohotsav in the divine presence of Guruhari Sahebdada !

**~ Mona (USA)**







સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

ગુરુપૂનમ પર્વની પૂર્વસંધ્યાએ આશીર્દાન
૯ જુલાઈ ૨૦૨૫, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી

*મુને વા'લું જોગીડા તારું મુખડું રે,*
*ઉપર ઓવારું સ્વર્ગનું સુખડું રે...*
*તારો મહિમા ગાવાનો મને લાગ છે રે,*
*કહો 'કાગ'ના તે કેવાં મોટાં ભાગ્ય છે રે...*

સાધુને ઓળખતા આપણને નથી આવડતું. જગતમાં મોટપ વિશે કોઈ કહે કે, 'અમારા ગામમાં આ બહુ મોટો માણસ છે.' મોટો એટલે જેનો બંગલો સારો હોય, લાંબી પહોળી જમીનો હોય એને આપણે મોટો કહીએ. એટલે એ બૅરોમીટર સાધુ માટે પણ લગાડતા હોઈએ છીએ. બહુ જાહોજહાલી હોય, લાખો શિષ્યો માનતા હોય, વાહ વાહ થતી હોય; તો કહીએ કે, આ મોટા સાધુ છે. જગતની રીતે આ મોટપ છે, પરંતુ આધ્યાત્મિક મોટપ એ સાધુતાની મોટપ છે. પણ સામાન્ય માણસને સાધુને ઓળખતા આવડતું નથી. જેમની સાધુની દૃષ્ટિ હોય એ સાધુને ઓળખે છે.

દુલા ભાયા કાગે આ ભજન બનાવ્યું છે. યોગીબાપાના સમયમાં દુલા ભાયા કાગ એ ભક્તહૃદય કવિ હતા. આખા સૌરાષ્ટ્રમાં એમનાં ભજનોથી તેઓ જાણીતા કવિ હતા. યોગીબાપાનું અમૃતપર્વ ઊજવ્યું ત્યારે દુલા ભાયા કાગને મહેમાન તરીકે બોલાવેલા. તે સભામાં હકડેઠઠ માનવમેદની હતી. મોટું સ્ટેજ હતું. ફિલ્મના ડાયરેક્ટરે આખા સ્ટેજની સુંદર સજાવટ કરેલી. દુલા ભાયા કાગે આ બધું જોયું પણ ઈમ્પ્રેસ ના થયા. મહિના પછી તેઓ રાજકોટ-ગોંડલ રોડ ઉપરથી જૂનાગઢ તરફ જતા હતા ત્યારે યોગીજી મહારાજનાં દર્શન કરવા અક્ષરદેરી-મંદિરમાં આવ્યા. ગાડીમાંથી ઊતરીને તેઓ પગથિયાં ચઢીને ઉપર સભામંડપમાં ગયા. ત્યારે ઘઉંની સીઝન હતી તેથી સભામંડપમાં વચ્ચે ઘઉંનો મોટો ઢગલો કર્યો હતો અને આજુબાજુ પાંચ-દશ સાધુઓ, પાંચ-પંદર સૌરાષ્ટ્રના હરિભક્તો અને એ બધાની વચ્ચે યોગીબાપા નીચે કોથળા ઉપર બેઠેલા. થાળીમાં ઘઉં લઈ કાંકરા ને કચરો વીણતા હતા અને બધાને આનંદ કરાવતા હતા. દુલા કાગ તો આ જોઈને આશ્ચર્યમાં જ પડી ગયા, દંડવત્ કર્યા અને બોલ્યા, 'આ ખરી સાધુતા છે !' દસ-પંદર દિવસ પહેલાં લાખો ભક્તોમાં જેમનો જયજયકાર થતો હતો, લાખો ભક્તો ભેગા થયા હોય તો બીજા કોઈ હોય તો ફૂલ્યા-ફૂલ્યા ફરે. વળી, ગાદીપતિ કોઈ દિવસ આવું કામ ના કરે. જ્યારે આ સાધુને તો એવું કાંઈ છે જ નહીં. સામાન્ય માણસની જેમ બધા જોડે પલાંઠી વાળીને કોથળા ઉપર બેસીને ઘઉં સાફ કરવા બેઠા છે. કેવા નિર્લેપ પુરુષ છે !

દુલા કાગનો પોતાનો સિદ્ધાંત હતો કે, કોઈ પણ જીવિત વ્યક્તિ ઉપર ભજન ના બનાવે. પણ આ દુલા ભાયા કાગે આજે પોતાના સિદ્ધાંતમાં ફેરફાર કર્યો અને 'યોગીજી મહારાજને ૭૫ વર્ષ થયાં તો હવે એમની હયાતીમાં એમનાં ૭૫ ભજન બનાવીશ' એમ એમણે કહ્યું. એમાં પહેલું ભજન ગાયું, 'જોગીડાને જોવા ગયા રે, તે જોનારા ઝડપાણા...' એટલે હું યોગીબાપાનાં દર્શન કરવા ગયો હતો, પણ હું એમનો થઈ ગયો. બીજું ભજન, 'દેતો દેતો ને દેતો, જોગીડો દેતો દેતો ને દેતો...' એમ, આ ભજન 'મુને વા'લું જોગીડા તારું મુખડું રે...' એમણે રચ્યું છે.

પૂર્વજન્મનાં પુણ્ય હશે, માતાપિતાના આશીર્વાદ, ભગવાનનો સંબંધ કે કો'ક સત્કર્મ થઈ ગયું હશે તો આપણી ઉપર યોગીબાપાની દૃષ્ટિ પડી ગઈ ને આપણે ફાવી ગયા ! આ અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ



> દસ ટકા સમયનો પણ ધર્માદો કરો.
> ૨૪ કલાક એટલે ૧૪૪૦ મિનિટ થાય.
> એના દસ ટકા એટલે ૧૪૪ મિનિટ.
> ૧૪૪ મિનિટ એટલે અઢી કલાક.
> આખા દિવસમાં અઢી કલાક
> સત્સંગ થવો જોઈએ.

ને આ સંતો બાપાએ બનાવેલા સંતો છે, તેઓ મળ્યા તો આપણે ધન્ય થઈ ગયા !

યોગીબાપાને કોઈએ પ્રશ્ન પૂછ્યો કે, 'સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'સત્સંગ' શબ્દ બહુ પ્રચલિત છે. તો સત્સંગ એટલે શું ?' યોગીજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની વાત સંભારી જવાબ આપ્યો કે, 'સત્સંગ એટલે મોટા પુરુષને બે હાથ જોડવા અને તેઓ કહે એમ કરવું એ સત્સંગ !' મોટા પુરુષને બે હાથ જોડવા સહેલા છે, પણ તેઓ કહે એમ કરવું એ અઘરું છે. એમ, 'તન-મન-ધન પ્રભુના ચરણોમાં...' એ ભજન બધા ગૃહસ્થો બોલો છો, પણ જો કાલે અશ્વિનભાઈ કહે કે, 'બધું અહીં મૂકી દો' તો તમે શું કરો ? ત્યારે તમને બધાં સાંસારિક કામો યાદ આવે. 'આપી તો દેવું છે પણ આ બધું છે એનું શું કરવું ? બધું પતાવીને પછી આવીએ' એવું થાય. એટલે બાપા કહેતા, 'શિર અર્પ્યા વિના શ્યામ રીઝશે નહીં.' તેઓ કંઈ બધાનાં માથાં માગે છે ? બધા માથાં અહીં મૂકી દેશે તો સેવા કોણ કરશે ? પણ દૃઢતા કરવાની કે, મારું જે કંઈ છે એના માલિક શ્રી સ્વામિનારાયણ ભગવાન છે, બધું એમનું જ છે. ગુરુપૂર્ણિમાના દિવસે આટલો નિર્ણય કરો. તેઓ તમારું કંઈ લઈ નહીં લે, પણ વધારશે-યાદ રાખો ! ટ્રસ્ટીશિપની ભાવના રાખવાની કે, તમારી પાસે જે કંઈ છે, જે કંઈ પ્રાપ્ત થયું છે, જે કંઈ વારસામાં મળ્યું છે એ ભગવાને આપેલું છે; તમે એના ટ્રસ્ટી છો, માલિક નથી. આપણી ઈચ્છા હોય એમ વાપરવાનું નહીં, પણ જરૂરિયાત પ્રમાણે વાપરવાનું અને બાકી બીજું બધું જે છે તે જરૂર પડે તો સેવામાં વાપરવાનું. મહારાજને કંઈ આપણું બધું લઈ લેવું નથી. મહારાજે એટલે 'શિક્ષાપત્રી'માં લખ્યું કે, આવકના ૧૦મા-૨૦મા ભાગની સેવા કરો. એમ કરીએ એ એમને અર્થે જીવન કરી રાખ્યું કહેવાય, સાચો સત્સંગ એને કહેવાય.

હરિભક્ત હોય તેણે રોજ સવારના પહોરમાં ઊઠીને પૂજા કરવી, પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરવું અથવા તો ઘરમંદિર હોય તો એની સામે બેસીને ઓછામાં ઓછી ૧૧ માળા કરવી, અડધો કલાક ધૂન કરવી. ચાતુર્માસમાં રોજ ૧૧ માળા ફેરવીશું, અડધો કલાક 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરીશું. અઠવાડિક સત્સંગસભા અચૂક કરીશું અને સભા ના થતી હોય તો પોતાના ઘરે શરૂ કરીશું. એક 'વચનામૃત' ને દસ 'સ્વામીની વાતું' વાંચીશું. ડાયાબિટીસ ના હોય, શરીરની તકલીફ ના હોય તો ચાતુર્માસ અથવા તો શ્રાવણ માસ એક ટાઈમ જમીશું; આમ તપ કરો. અને કોઈની ખટપટ, નિંદા, માથાકૂટ, અમહિમા, ભાવફેર નહીં કરવાનો નિયમ લો. શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું, 'હું મળ્યો, સાધુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ એટલે હથેળીની રેખાઓ બધી ભુંસાઈ ગઈ, પ્રારબ્ધ બધું બળી ગયું. પ્રારબ્ધનું કોઈ દુઃખ તમને રહેશે નહીં.

ભગવાનની કૃપાથી બધું થાય છે. તો ખેતીમાં, નોકરીમાં, ધંધામાં, વ્યાપારમાં જે કંઈ કમાણી કરો એના પાંચ ટકા-દસ ટકા ભગવાનને ચરણે ધરો અને દસ ટકા સમયનો પણ ધર્માદો કરો. આ જિંદગીમાં તમને ૮૦-૮૫ કે ૯૦ વર્ષ થાય તો તમારાં આઠ વર્ષ સત્સંગ માટે ગયાં હોવાં જોઈએ. ૨૪ કલાક એટલે ૧૪૪૦ મિનિટ થાય. એના દસ ટકા એટલે ૧૪૪ મિનિટ. ૧૪૪ મિનિટ એટલે અઢી કલાક. આખા દિવસમાં અઢી કલાક સત્સંગ થવો જોઈએ. અડધો કલાક ધૂન, પૂજા, 'વચનામૃત', 'સ્વામીની વાતું' આ બધું કરો તો આપણા અઢી કલાક થઈ જાય. ૧૦ ટકા આયુષ્યનો ધર્માદો, ૧૦ ટકા પોતાની આવકનો ધર્માદો- આટલું જો આપણે કાઢીએ તો આપણાં પ્રારબ્ધ બધાં જ ધોવાઈ જાય. છતાં પણ પ્રારબ્ધનું દુઃખ આવે છે. તે કયું પ્રારબ્ધ ? તો 'શિક્ષાપત્રી' ના પાળીએ, એટલે કે, ભગવાનની આજ્ઞાની બહારનું વર્તન કરીએ, સત્પુરુષની આજ્ઞા ન પાળીએ, ભક્તો-સંતોની ખટપટ, નિંદા, માથાકૂટ, અમહિમા-ભાવફેરમાં પડી જઈએ એ પ્રારબ્ધ-જે ક્રિયમાણ પ્રારબ્ધ છે તે આપણને દુઃખી કરે છે. અને તે પ્રારબ્ધ તમારે ભોગવવું

પડે. માળા ફેરવો, ધૂન કરો તો એ પ્રારબ્ધ ધોવાઈ જાય. અડધો કલાક ધૂન એટલે કરવાની, યાદ રાખો ! જાણે-અજાણ્યે ભગવાનને ચૂકીને ભગવાન રાજી ના થાય એવી કો'ક વસ્તુ થઈ ગઈ હોય, ભગવાન કે ભગવાનના ભક્તનો દ્રોહ થઈ ગયો હોય, કોઈ પ્રારબ્ધ ઊભું થયું હોય એ પ્રારબ્ધ બળી જાય. અને એનાથી વધારે ધૂન કરો તો અંદર દિવ્યતા ખીલી ઊઠે. એટલે સર્વે ભક્તોને પ્રાર્થના કે, જેમ હાથ ઉપર મોટો પથ્થર પડે તો ધીમે રહીને હાથ કાઢી લઈએ, એમ ભગવાનના ભગત સાથે કંઈ તકલીફ થાય તો કળથી હાથ કાઢી લેવો, પણ ભગતનો અમહિમા, ભાવફેર, માથાકૂટ, ખટપટ કરી એને વગોવવો નહીં; એટલું ખાસ ધ્યાન રાખવું તો કોઈ પ્રારબ્ધ આપણને નડશે નહીં. અને ૧૦ ટકા આયુષ્યનો ધર્માદો અને ૧૦ ટકા આવકનો ધર્માદો કરીને આપણે જે સત્કર્મ કરીએ તો એનાથી આપણા જીવનમાં ઘણાં સરસ કામો થશે, સરસ આનંદ ને શાંતિ થશે અને પાછું આપણા આખા કુટુંબમાં સંવાદિતા થશે, સૌ સુખિયાં થઈ રહીશું.

અડધો કલાક ધૂન, અઠવાડિક સત્સંગસભા, પૂજા, અગિયાર માળા ને ચાર મહિના અથવા તો શ્રાવણ માસમાં એક ટાણું જમજો. પણ ખટપટ, માથાકૂટનો તો નિયમ જ રાખજો કે એમાં પડવું જ નથી. કોઈ પાડવા આવે તો પણ નહિ પડવાનું. કોઈએ બાપાને પૂછ્યું કે, 'બાપા, કોઈ મોટો માણસ ખટપટ, નિંદા કરવા આવે તો ?' બાપા કહે, 'આપણે ઊભા થઈ જવું.' 'પણ ઘણા બેસાડી રાખે તો ?' બાપા કહે, 'કાનમાં આંગળીઓ નાખી દેવી એટલે પેલાને ખબર પડે કે આને ગમતું નથી.' પણ અમહિમા, ભાવફેર, માથાકૂટની વાત કરવી પણ નહીં અને સાંભળવી પણ નહીં. આટલો વિશિષ્ટ નિયમ રાખવો.

ત્રીજો વિશિષ્ટ નિયમ કે, આપણે સૂઈ જઈએ ત્યારે માનસીમાં વિચારવાનું કે, આપણા ઘરમાં જેટલાં પાત્રો રહેતાં હોય તેઓ 'દિવ્ય છે, દિવ્ય છે, દિવ્ય છે.' કોણ દિવ્ય છે ? ઘરવાળાં દિવ્ય છે, છોકરાં દિવ્ય છે, મમ્મી દિવ્ય છે, પપ્પા દિવ્ય છે. પછી જેમની સાથે કામ કરીએ છીએ તેઓ દિવ્ય છે, જેમની સાથે અથડામણ થાય છે તેઓ દિવ્ય છે, આપણને ના ગમતાં પાત્રો-જેમને જોઈને આપણને ચીડ ચડતી હોય એવાં પાત્રો દિવ્ય છે, દિવ્ય છે, દિવ્ય છે. એવું માની એમને સંભારીને, શ્રી ઠાકોરજીના ચરણોમાં મૂકીને, પગે લાગીને કહેવું કે, મહારાજ આમના વિશે દિવ્યભાવ રખાવજો. આવાં ૫-૫૦ પાત્રો જ હશે કે જેમની સાથે આપણને રોજબરોજ કામકાજ થતું હશે. એવાં પાત્રોને વિશે દિવસમાં કોઈ કામકાજને લીધે અથડામણ થઈ હોય, વ્યવહારને લીધે અથડામણ થઈ હોય, સમૈયા-ઉત્સવમાં સેવામાં અથડામણ થઈ હોય એવાં પાત્રો માટે સ્પેશ્યલ ભગવાન પાસે બેસીને તેઓ દિવ્ય છે, દિવ્ય છે, દિવ્ય છે તેવી પ્રાર્થના કરવી. આવો એક પ્રયોગ ચાર મહિના કરીએ. દિવાળી ઉપર તમે જોજો તમે કેટલા હલકાફૂલ હશો. આ વિશિષ્ટ નિયમને ફૉલો કરજો. ગુરુપૂર્ણિમાના મંગલ પર્વે ભગવાનને આ સ્પેશ્યલ ભેટ મૂકવી છે કે, આ નિયમો લઈને અમે તમારા તરફની વિશેષ ભક્તિ અદા કરીએ છીએ.

બીજું, આજે બહુ મોટો દિવસ છે. આજે ગુરુદેવ યોગીજી મહારાજ વિજ્ઞાન સ્વામી સાથે પાંચ સંતો ને ત્રણ પાર્ષદો જૂનાગઢથી નીકળી શાસ્ત્રીજી મહારાજને રાજકોટમાં મળ્યા તે મહામંગલકારી દિવસ છે. જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં ભગતજી મહારાજ, જાગા સ્વામી, બાલમુકુંદ સ્વામી, વિજ્ઞાન સ્વામી એવા થોડા સાધુઓ હતા જેમને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની ગેડ હતી. ગુણાતીતાનંદ સ્વામીની હયાતીમાં ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે એવું જડબેસલાક માનીને એ ભાવથી ગુણાતીતની સેવા કરતા, ગુણાતીતનાં દર્શન કરતા, ગુણાતીતની સાથે રહીને એમની આજ્ઞા પાળતા; તો તેઓ ગુણાતીતભાવને પામ્યા. જાગા સ્વામીના હેતને લઈને કૃષ્ણજી અદા પણ અક્ષરપુરુષોત્તમ ઉપાસના દૃઢ પાળતા.

અક્ષર-પુરુષોત્તમની
ઉપાસના જેમને સમજાઈ છે
એવા સાધુની પ્રાપ્તિ થાય
પછી જ દોષ રહિત થવાય છે.





> જેમના વિશે તમને આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ છે, જેમને તમે ગુરુ માનો છો, આજ્ઞા એમની પાળવાની, યાદ રાખો ! પણ સેવા સૌની કરવાની, ગુણગાન સૌનાં ગાવાનાં, દર્શન સૌનાં કરવાનાં; તો ભગવાનની પ્રસન્નતાનાં પાત્રો બની જઈશું.

યોગીજી મહારાજ ઝીણા ભગત હતા, હજુ સાધુ નહોતા થયા ત્યારે વિજ્ઞાન સ્વામી સાથે કૃષ્ણજી અદાના ઘરે રાજકોટ આવતા. ત્યારે વિજ્ઞાન સ્વામી કૃષ્ણજી અદાના સમાગમમાં હતા એને લઈને શરૂઆતમાં યોગીજી મહારાજ કૃષ્ણજી અદાને પોતાના ગુરુ માનતા. અને જ્યારે કૃષ્ણજી અદાએ વિજ્ઞાન સ્વામીને કહેવડાવ્યું કે, 'હવે સમય ના બગાડો, સાધુ થયા છો તો ભગવાનનો જે સંકલ્પ છે, ભગવાનનું જે કાર્ય છે એ કરવા માંડો. અહીંયાં રહેવાથી એ નહીં થાય, સાધુ યજ્ઞપુરુષદાસ-શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ ઉપાસના માટે જે આહ્લેક જગાડી છે એમની સાથે આવીને જોડાઈ જાવ.' એટલે જૂનાગઢથી સવારમાં ૫:૩૦ વાગ્યે મંગળા આરતી પછી પાંચ સાધુઓ ને ત્રણ ભગતો નીકળી, જૂનાગઢ સ્ટેશનથી રાજકોટ કૃષ્ણજી અદાને ત્યાં આવ્યા. કૃષ્ણજી અદાએ શાસ્ત્રીજી મહારાજને સમાચાર આપ્યા કે, તમે પધારો, આ સંતોને તમારી સાથે વિદાય કરીએ. એટલે શાસ્ત્રીજી મહારાજ રાત્રે ૧૧:૩૦ વાગ્યે રાજકોટ પહોંચ્યા. અને પછી વિજ્ઞાન સ્વામીનું મંડળ સારંગપુર ગયા એ તારીખ ૯મી જુલાઈ હતી એટલે બહુ મહામંગલકારી પર્વ !

હું ઘણીવાર એક પ્રસંગ કહું છું. છાત્રાલયના પાયા ખોદાયા ત્યારે આખો દિવસ છોકરાઓ શ્રમયજ્ઞ કરે. છાત્રાલયના પાયા ખોદીને બધા જુદા જુદા પ્રોગ્રામ કરીએ. કોઈ દિવસ નલિની કૉલેજની લૉનમાં કરીએ, શાળાની પ્રાર્થનાસભામાં કરીએ. યોગીબાપાના સાંનિધ્યમાં સંગીતના, કથા-વાર્તાના પ્રોગ્રામ રાખીએ. એવી એક સભા શારદા હાઈસ્કૂલના પ્રાર્થના હૉલમાં રાખી હતી. ત્યારે હર્ષદભાઈ દવે, દાદુકાકા, પ્રમુખ સ્વામી, મહંત સ્વામી ને અમે બધાએ ભેગા થઈને હૉસ્ટેલનું નામ નક્કી કર્યું હતું - 'જ્ઞાનયજ્ઞ છાત્રાલય'. પછી પ્રમુખ સ્વામી મને કહે, 'તું બાપા પાસે આ નામ ફાઈનલ કર પછી આપણે કાલે સભામાં ડિક્લેર કરીએ કે હૉસ્ટેલનું નામ 'જ્ઞાનયજ્ઞ છાત્રાલય' છે.' સંગીતસંધ્યા પતી પછી હૉલમાંથી બાપા મારો હાથ ઝાલીને બહાર નીકળ્યા. કારમાં બાપાને બેસાડવા જતો હતો, ત્યારે બાપાને મેં પૂછ્યું કે, 'આ પાયા ખોદીએ છીએ એ હૉસ્ટેલનું નામ શું રાખીએ ?' તો બાપા કહે, 'હર્ષદભાઈ, દાદુભાઈ, પ્રમુખ સ્વામી, મહંત સ્વામી એ બધાને પૂછ, એ બધાને શું નામ પાડવું છે ?' એટલે મેં કહ્યું, 'બાપા આજે કમિટીની મીટિંગ થઈ હતી તે બધાએ નામ નક્કી કર્યું છે, આપ હા પાડો તો તે રાખીએ.' તો કહે, 'શું નામ નક્કી કર્યું છે ?' મેં કહ્યું, 'જ્ઞાનયજ્ઞ છાત્રાલય', બાપાએ મારો હાથ પકડ્યો હતો તે હાથ છોડી દીધો, એટલે હું તો આભો બની ગયો. એટલામાં અમે ગાડી પાસે આવી ગયા. એટલે ગાડીનો દરવાજો ખોલી, દરવાજા ઉપર હાથ મૂકી બાપા મને કહે, 'જો, આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજ વડતાલમાં હતા ત્યારે એટલી બધી માનમોટપ હતી, સાધુઓમાં-ભક્તોમાં એમનું એટલું બધું માન હતું. શાસ્ત્રીજી મહારાજ જ્યાં બેસે ત્યાં દોઢસો-બસો માણસોની સભા થઈ જાય એટલું બધું શાસ્ત્રીજી મહારાજનું આકર્ષણ હતું. ગોવર્ધનભાઈ કોઠારી બધા મંદિરનો વહીવટ કરે, પણ શાસ્ત્રીજી મહારાજને પૂછતા; એટલો બધો શાસ્ત્રીજી મહારાજ પર વિશ્વાસ, શાસ્ત્રીજી મહારાજ માટે પ્રેમ. એ શાસ્ત્રીજી મહારાજ માન, મોટપ બધાંનો ત્યાગ કરીને, બહાર નીકળ્યા ત્યારે કેટલાં બધાં અપમાન થયાં-જ્યાં જાય ત્યાં બધા ગાળો ભાંડે. પૈસાની, માણસોની કેટલી બધી તકલીફ ? સુખમાંથી આવી તકલીફો આપણા ગુરુએ શા માટે વેઠી ? કેવળ અક્ષરપુરુષોત્તમ ઉપાસના માટે. અક્ષરપુરુષોત્તમની ઉપાસના માટે એમણે આટલું બધું સહન કર્યું છે તો આપણી ગુરુભક્તિ એ છે કે, આપણા ગુરુએ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તનનું જે મિશન ઉપાડ્યું છે, એ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો આપણે ગોકીરો કરવો. માટે, અક્ષરપુરુષોત્તમનું નામ ગાજતું થાય એટલે 'અક્ષરપુરુષોત્તમ છાત્રાલય' નામ આપો 'જ્ઞાનયજ્ઞ છાત્રાલય' નહીં. એટલે 'અક્ષરપુરુષોત્તમ છાત્રાલય' નામ પાડ્યું.

ત્યારથી અશ્વિનભાઈ, શાંતિભાઈ ને અમે બધાએ નક્કી કર્યું કે, આપણે પણ ઉપાસના પાછળ જ મંડવું છે. એટલે વર્ષો પહેલાં મનોજભાઈ લિખિત પહેલાંમાં પહેલો 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના કથામંગલ' ગ્રંથ આપણે બહાર પાડ્યો. 'અક્ષરપુરુષોત્તમ કથામંગલ' એ ગ્રંથ વાંચવા જેવો છે. અત્યારે બી.એ.પી.એસ. સંસ્થામાં મહંત સ્વામી અને સંતો પણ અક્ષરપુરુષોત્તમ ઉપાસના, સંપ-સુહૃદભાવ-એકતા, કોઈની ખટપટ-નિંદા-માથાકૂટ કરો નહીં, થાય એટલી સેવા કરો-એવી યોગીબાપાની અભિપ્રાયની ભક્તિ કરાવી રહ્યા છે. આપણે પણ તેઓની પાછળ પાછળ એ જ માર્ગે ચાલવું છે અને ગુરુભક્તિ અદા કરવી છે. એ ગુરુપૂર્ણિમાની આપણી પ્રાર્થના છે !

પ્રભુરૂપ થવું હોય, હઠ-માન-ઈર્ષ્યા ને કામ-ક્રોધાદિક દોષ રહિત થવું હોય તો ભગવાન ધારક સત્પુરુષ-એવા જે સાધુ કે જેઓ ભગવાનમાં રહે છે અને પોતાના સંબંધમાં જે કોઈ આવે છે એને ભગવાનમાં જોડે છે. એવા જે સાધુ, તેઓ ભગવાન કેમ કરીને રાજી થાય એવી સમજદારી આપીને આપણને જીવન જીવતાં શિખવાડે છે. આપણને હઠ-માન-ઈર્ષ્યાના ભાવોથી ઉપર ઉઠાવી, આપણે કામ-ક્રોધાદિક દોષ રહિત થઈએ એના માટે આપણી પાસે માહાત્મ્યયુક્ત સેવાઓ કરાવે છે અને પુણ્ય ચાલ્યું ના જાય એટલે ખટપટ, માથાકૂટ, નિંદા, અમહિમા, ભાવફેરમાં આપણે પડીએ નહિ એ માટે ભજનથી, કથા-વાર્તાથી, હેત-પ્રેમ કરીને આ સાધુ કાળજી રાખતા હોય છે. અક્ષર-પુરુષોત્તમની ઉપાસના જેમને સમજાઈ છે એવા સાધુની પ્રાપ્તિ થાય પછી જ દોષ રહિત થવાય છે. એવા સાધુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય, બે હાથ જોડી એમની આજ્ઞા પાળે અને કોઈની ખટપટ, નિંદા, માથાકૂટ કરે નહીં તો પછી એ ગૃહસ્થ હોય કે ત્યાગી હોય, દૂર રહેતો હોય કે નજીક રહેતો હોય, ખેતીવાળો હોય કે ઈન્ડસ્ટ્રિયાલિસ્ટ હોય, સાઈકલ પર ફરતો હોય કે મર્સિડીઝ ગાડીમાં ફરતો હોય, પ્લેનમાં ફરતો હોય કે ચાલીને ફરતો હોય એની સાથે કોઈ નિસબત નથી; પણ જો આવું જીવન જીવે તો એ સુખિયો થાય થાય ને થાય જ !

કૃષ્ણજી અદાનું એક કીર્તન બાપા ખાસ બોલતા-'નાને સે હો નાને રહીએ, જૈસી નાની દૂબ; ઘાસફીસ સબ ઊડ ગયા...' પછી બાપા એનો અર્થ કહેતા કે, નદીમાં જ્યારે પાણીનો ફૉર્સ બહુ આવે ત્યારે વચ્ચે જે ઝાડ સીધાં અક્કડ ઊભાં હોય એ ઝાડ પાણીના પ્રવાહમાં ખેંચાઈ જાય. પણ પાણી આવે ને જે ઝાડ કે નાનું ઘાસ નમી પડે, એ કોઈ દિવસ પાણીના પ્રવાહમાં ખેંચાય નહીં. પાણી આવે એટલે એ નીચું નમી જાય અને પાણી ઉપરથી જતું રહે અને એટલે એ સુરક્ષિત રહે. એમ, જે નાનામાં નાનો થઈને રહે એ ભગવાનનો કૃપાપાત્ર બની જાય, એને કોઈ પ્રારબ્ધ નડે નહીં. બાપા શિખવાડતા કે, આપણે નાનામાં નાનું રહેવું, દાસના દાસ થવું; તેવું ક્યારે થવાય ? તો ભગવાનનું માહાત્મ્ય હોય, સાધુનું માહાત્મ્ય હોય, આ ભક્તો બહુ મોટા છે-સામાન્ય નથી, એવું જો માનીએ તો એમની સાથે નાના થઈને રહેવાય. એટલે એમના વિશે ભાવફેર ના થાય, એમના વિશે આડુંઅવળું ના થાય એવો એમનો મહિમા સમજાય તો એમની સેવા થાય, સેવા કરવામાં આનંદ આવે. એટલે કૃષ્ણજી અદાની એ સાખી બાપા કાયમ બોલતા અને કૃષ્ણજી અદાની બહુ વાતો કરતા.

કૃષ્ણજી અદાને જ્યારે દેહ છોડવાનો સમય આવ્યો ત્યારે સારંગપુરથી શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ ને સંતો આવ્યા. યોગીજી મહારાજ દાસભાવે પાછળ બેઠા. કૃષ્ણજી અદાએ બાપાને સંભાર્યા એટલે શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને આગળ બેસાડ્યા. કૃષ્ણજી અદાએ બેઠા થઈને આશીર્વાદ માટે યોગીજી મહારાજને માથે હાથ મૂક્યો. ત્યારે નિર્ગુણ સ્વામી બોલ્યા કે, 'યોગીજી મહારાજ, સાક્ષાત્ પ્રભુ તમારા માથે હાથ મૂકે છે.' કૃષ્ણજી અદા કહે, 'એ પ્રભુ જેવો જ સાધુ છે, એટલે માથે હાથ મૂકું છું.' ને પછી કૃષ્ણજી

ભગવાન અને સાધુ આપણા જીવનમાં
અગત્યના છે,
એમને રાખીને તમે વ્યવહાર
કરો તો વ્યવહાર
બંધનરૂપ નહીં થાય, યાદ રાખો !





**સૌ દિવ્ય મનાય, દિવ્ય દેખાય-**
**'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે...'**
**તો માનજો કે**
**આપણે દેહભાવથી પર થઈ ગયા.**
**આપણે મંદિરરૂપ થઈ જઈશું.**

અદાએ દેહ છોડી દીધો. એટલો બધો બાપા માટે એમને પ્રેમ હતો ને બાપાને પણ એમના માટે પ્રેમ હતો.

બાપાને તમે જુઓ, શાસ્ત્રીજી મહારાજને ગુરુ માન્યા, ને તેઓની સાથે રહ્યા. "શાસ્ત્રીજી મહારાજ બોલાવે-'યોગી' તો મોઢામાં કોળિયો મૂકતો હોઉં તો નીચે મૂકીને ઊભો થઈ જાઉં. કંઈ લખતો હોઉં ને 'યોગી' કહે તો લખવાનું અધૂરું રાખું ને ઊભો થઈ જાઉં." શાસ્ત્રીજી મહારાજની હાકલ પડે એ જ મિનિટે, એ જ સૅકન્ડે ઊભા થઈ જાય. એટલી બધી શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાઓ અદ્ધર ઝીલી. શાસ્ત્રીજી મહારાજ શેમાં રાજી છે તેનું સતત અનુસંધાન રાખીને તેઓ જીવ્યા છે. છતાં પણ કૃષ્ણજી અદા, જાગા સ્વામી, ભગતજી મહારાજનો પણ બાપાને ભારોભાર મહિમા હતો. બાપાએ એ શિખવાડ્યું કે, જે મોટા પુરુષો થઈ ગયા ને અત્યારે પ્રમુખ સ્વામી, મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, દાદુકાકા, પપ્પાજી મોટા પુરુષો છે. ભલે આપણે અશ્વિનભાઈ, શાંતિભાઈ તે બધાને ગુરુ માનીએ, પણ એમના જેવો ને જેવો મહિમા આપણા હૈયામાં આ દિવ્ય પુરુષોનો હોવો જોઈએ; કારણ કે, એમણે યોગીબાપાને, શાસ્ત્રીજી મહારાજને રાજી કર્યા છે, અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવામાં હોમાયા છે. તેઓનો જેટલો મહિમા સમજાય એટલા ભગવાન રાજી થશે. જેમના વિશે તમને આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ છે, જેમને તમે ગુરુ માનો છો, આજ્ઞા એમની પાળવાની, યાદ રાખો ! પણ સેવા સૌની કરવાની, ગુણગાન સૌનાં ગાવાનાં, દર્શન સૌનાં કરવાનાં; તો ભગવાનની પ્રસન્નતાનાં પાત્રો બની જઈશું.

આજે ખાસ યોગીબાપાનો દિવસ છે અને ગુરુપૂનમનું મહામંગલકારી પર્વ છે. આપણા માટે જીવનમાં ગુરુપૂર્ણિમા, ગુરુનો જન્મદિવસ, ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રાગટ્યદિવસ, શરદપૂર્ણિમા-ગુણાતીતનો પ્રાગટ્ય દિવસ; આ દિવસો બહુ અગત્યના છે. ખરેખર, આ દિવસોમાં ગમે એવો કામધંધો, નોકરી હોય તોય રજા લઈને સમૈયા-ઉત્સવમાં હાજરી આપવી એ આપણી ભક્તિ છે ! ભગવાન અને સાધુ આપણા જીવનમાં અગત્યના છે, એમને રાખીને તમે વ્યવહાર કરો તો વ્યવહાર બંધનરૂપ નહીં થાય, યાદ રાખો ! જેમના જીવનમાં ભગવાન ને સાધુ સૅન્ટરમાં છે, એમને રાજી કરવાના ભાવથી જે જીવન જીવે છે એ પછી ગમે તેટલા વ્યવહારમાં રસબસ હશે તો પણ એને વ્યવહાર અડી નહીં શકે, યાદ રાખજો ! ભલે તમે ગૃહસ્થીઓ છો, વ્યાપાર, ખેતી, ધંધો બધું કરો છો, પણ ગુરુપૂર્ણિમા, શરદપૂર્ણિમા ને આવા બધા ઉત્સવો, અશ્વિનભાઈ ને સંતોનાં પ્રાગટ્યપર્વો વખતે હાજરી આપો છો એ ખરેખર જીવનમાં સાધુ ને ભગવાનની અગત્યનાં દર્શન કરાવે છે. તો એ પકડી રાખીએ ને એવું જીવન જીવીએ.

ચાતુર્માસના નિયમોનું નિયમિત પાલન કરીએ. ઘરે 'વચનામૃત', 'સ્વામીની વાતો' બધાં ભેગાં થઈને વાંચીએ, ધૂન કરીએ. આપણું અક્ષરધામ એ આપણું ઘર. આપણાં ઘરોમાં પણ એટલાં સરસ મંદિર થઈ ગયાં છે અને પાછાં સૌ જીવન એવાં જીવે છે. કોઈની ખટપટ, નિંદા, માથાકૂટમાં પડ્યા વગર ગુણગાન ને મહિમા ગવાય છે. ભક્તોની સેવા કરવામાં આનંદ આવે છે. સંતો-ભક્તો ઘરે આવે તો ઉત્સાહ-ઉમંગ વધી જાય છે. આ જે મહિમા વધ્યો છે એ જ આપણી આધ્યાત્મિક પ્રગતિ છે. અને વિશેષ કરીને ચાતુર્માસના નિયમો લઈને પાળીશું ને બધાને દિવ્ય માનવારૂપી ચાર મહિના પ્રાર્થના-ભજન કરીશું તો પછી ટેવ પડી જશે, આપણે બધા દિવ્ય થઈ જઈશું. અને સૌ દિવ્ય મનાય, દિવ્ય દેખાય-'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે...' તો માનજો કે આપણે દેહભાવથી પર થઈ ગયા. આપણે મંદિરરૂપ થઈ જઈશું. ઘર મંદિર બનાવીશું અને હવે દેહને મંદિરરૂપ બનાવવાની સાધના આપણે બધા ભક્તો કરી રહ્યા છીએ. એમાં આપણને ખૂબ બળ મળે, સરળતા રહે, આનંદપૂર્વક થાય એ માટે ગુરુદેવ યોગીજી મહારાજ ને ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને સંતોના ચરણોમાં પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

स्वामिश्रीजी





# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા



## હે પપ્પાજી !

આ બ્રહ્માંડે આપ પધાર્યા...
શ્રીજી સ્વામી રૂપ... યોગી સ્વરૂપે વિચર્યા
ઉપાસનાનાં ઉત્તુંગ શિખર સર કર્યાં
યોગીબાપામાં સંપૂર્ણ સમાઈ ગયા
સૌ યોગીનાં સંબંધી શ્રીજી સ્વરૂપ માન્યાં
માની તે અનુસાર વર્તન કર્યાં... ને સૌને સેવ્યાં
'યોગીની વાસના એ જ ઉપાસના' માની લીધું
આપના સંબંધમાં આવ્યાં તે સૌને સિદ્ધ કરાવ્યું
તે પ્રત્યક્ષ અને પ્રગટની ઉપાસના દૃઢ કરાવી
બ્રહ્મજ્ઞાન-ગુણાતીત જ્ઞાન સૌને દૃઢ કરાવતા રહ્યા
માહાત્મ્યેયુક્ત ભક્તિ કરો ને પ્રત્યક્ષને રાજી કરો
તે ભક્તિ આપે જીવનભર કરી ને સૌને શિખવાડી.
'અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોઽસ્મિ'
આ મંત્રના આકારે આપનું જીવન પ્રતિપળ જિવાયું.
અમે સૌ સાહેબજીના આશ્રિત આત્માઓ...
તે સૌને આપે જ આ જ્ઞાન શીખવ્યું ને આતમ ઊજળા કીધા
'સાહેબજી' તમ સૌનો આત્મા છે તે માનો ને જીવો
તેઓની આજ્ઞામાં મન બુદ્ધિ હોમી દો
તો યોગી પ્રસન્ન... સ્વામી ને શ્રીજી રાજી રાજી રાજી
આ પરમ જ્ઞાન આપે બોધ્યું... ને દૃઢ કરાવ્યું.
યોગીનાં પ્રગટ સ્વરૂપો કાકાજી-પ્રમુખજી-મહંતજી-હરિપ્રસાદજી !
તે સૌનું માહાત્મ્ય સમજો ને સાહેબજીને આત્મા માનો
આ સાધનાનાં અતિ ગહન સત્યો સમજાવ્યાં ને સિદ્ધ કરાવ્યાં
આપના આ અનંત ઉપકારો આજે ગૂંજે છે... શાશ્વત છે.



## હે દયાળુ પપ્પાજી !

આપના પ્રાગટ્યમંગલે આપને અનંત વંદન !
આપે જે દીધું તેનાં સ્મૃતિ સ્પંદન !
અમે સૌ... સાહેબજીની કૃપા ઝીલનારનાં હૃદયથી પ્રણામ !
આપ આજે પણ રાજી છો તે અનુભૂતિના આનંદ !
સૌને આશિષ દો ! દીધી છે તે માની જીવવા બળ દો ! ◆



સાધુ શાંતિદાસના જય સ્વામિનારાયણ.

*પ.પૂ. પપ્પાજી પ્રાગટ્યપર્વ, ૧ સપ્ટેમ્બર નિમિત્તે. (૮.૮.૨૦૨૦.)*



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

'શ્રી ગુરુઆજ્ઞા મહિમા પર્વ' અંતર્ગત ગુરુઆજ્ઞા પાલન મહિમાની ગોષ્ઠિ
'ઉપાસના ધામ', અમદાવાદ, ૩૦ જૂન ૨૦૨૫

**બ્રહ્મસ્વરૂપ** યોગીજી મહારાજ જેના ઉપર બહુ ભાર આપતા એવું ગઢડા પ્રથમનું ૬ઠ્ઠું : 'વિવેકી-અવિવેકીનું' અને ગઢડા પ્રથમનું ૧૬મું : 'વિવેકનું' વચનામૃત યુવકમંડળને મુખપાઠ કરવા માટે આપતા. એમાં મુખ્ય મુદ્દો આવે છે : 'સાર અને અસાર'નો વિવેક. એવો વિવેક જેને આવડી જાય કે, શું લેવાય-શું ના લેવાય, કેવું બોલાય-કેવું ના બોલાય, શું ખવાય-શું ના ખવાય; એનાં શુભ-અશુભ લક્ષણોની પરખ કરીને મારો વિકાસ તો થાય પણ સાથે સાથે સર્વનું શુભ અને મંગલ થાય એવા વિચારોનું વાવેતર થાય ત્યારે એ વ્યક્તિ સમાજમાં એક વ્યક્તિ તરીકે, પોતાના પરિવારમાં એક ગૃહસ્થ તરીકે સારું જીવન જીવી શકે છે.

શાસ્ત્રીજી મહારાજ સ્વધામ થયા પછી યોગીજી મહારાજે 'શ્રી બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થા'નું સુકાન સંભાળ્યું ત્યારે દેશ નવેનવો આઝાદ થયેલો. ૧૯૪૭માં આપણા દેશને અંગ્રેજોની હકૂમત હેઠળથી સ્વતંત્ર કરવામાં આવ્યો ત્યારે યોગીજી મહારાજે આ દેશનું યુવાધન એવા સંસ્કારો સાથે ઊછરે કે જેથી પોતાના પરિવારનું, પોતાના સમાજનું, પોતાના પ્રદેશનું અને પોતાના રાષ્ટ્રનું ગૌરવ વધારી શકે અને એમનામાં શુભ સંસ્કારોનું સિંચન થાય એવી સુંદર પ્રવૃત્તિ બાળમંડળ, યુવકમંડળ, અઠવાડિક સત્સંગસભાના માધ્યમ દ્વારા ચાલુ કરાવી. બધાને નિયમિત રીતે સત્સંગ કરતા કરવા માટે યોગીબાપાએ બહુ જબરજસ્ત દાખડો કર્યો છે. આઝાદીને ૧૦ વર્ષ થયાં છે. નવી હવા, નવી ફૅશન, નવા મોજશોખ અને નવી રીતભાત સમાજમાં ધીરેધીરે વિસ્તરી રહી છે. સુખી અને સંપન્ન પરિવારો કાંઈક ને કાંઈક નવું નવું દૃષ્ટાંતરૂપે સમાજ સમક્ષ મૂકે છે અને બાકીનો સમાજ એ જોઈને કાં તો મલકાય છે કાં તો આપણે પણ એવું કરીએ એવી નકલ કરવા માટે હોંશભેર તૈયાર થાય છે. એ સમયમાં યોગીજી મહારાજ આપણાં સૌનાંય પરિવાર-જીવન માટેની ચિંતા કરીને કૉલેજમાં અભ્યાસ કરવા આવેલા સત્સંગી પરિવારના દીકરા-જશભાઈને સત્સંગ સાથે જોડવા માટેની અઠવાડિક સત્સંગસભા કૉલેજ હૉસ્ટેલની રૂમમાં શરૂ કરવાની આજ્ઞા કરે છે.

ચાર સત્સંગી પરિવારના જુદી જુદી વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી મિત્રોને સ્વામિનારાયણના સત્સંગીની ઓળખાણે બોલાવીને અઠવાડિક સત્સંગસભા શરૂ કરે છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને હોંશભેર પત્ર લખે છે કે, 'બાપા ! આપની આજ્ઞા હતી તો અમે અઠવાડિક સત્સંગસભા શરૂ કરી છે, અને અમે ચાર સત્સંગી યુવાનો સભામાં ભેગા થયા છીએ.' યોગીબાપાની પ્રસન્નતાનો આશીર્વાદ પત્ર આવે છે; અને આજ્ઞા કરે છે કે, '૧૧ જણા ભેગા થાય એવી સભા કરો.'

આ આખું વર્ષ આપણે 'શ્રી ગુરુઆજ્ઞા મહિમાપર્વ' તરીકે ઊજવવાનું નક્કી કર્યું છે. કોઈ પણ નાનો-મોટો પ્રસંગ હોય, કોઈ પણ સત્સંગનો કાર્યક્રમ હોય એમાં ગુરુની આજ્ઞા, એમનો મહિમા, એમના વચનનો પ્રતાપ, પ્રભાવ અને એમની આજ્ઞાનું પાલન કર્યું તો એના કેવાં રૂડાં પરિણામ મળ્યાં એના અનુભવોની આપણે ગોષ્ઠિ કરવાની છે; એ છે 'ગુરુઆજ્ઞા પાલનનો મહિમા'.

એ સભા માટે ધીરે ધીરે જશુભાઈસાહેબ સાઈકલ પર નીકળતા. યોગીબાપા એમને એક પત્રમાં આજ્ઞા કરે છે કે, 'સભાનો દિવસ હોય તો આપણે વિદ્યાર્થીમિત્રોને-જેમ આપણા ઘરે કોઈ રૂડો પ્રસંગ હોય ને આપણે રૂબરૂ જઈને આમંત્રણ આપીએ એવી રીતે બધા યુવકોને જઈને

તમારે આમંત્રણ આપવું કે, આજે સભા છે અને સભામાં જરૂરથી પધારજો !' હું જ્યારે વલ્લભવિદ્યાનગરમાં અભ્યાસ કરવા માટે આવ્યો ત્યારે મેં જશુભાઈસાહેબને સાંજે કૉલેજથી છૂટે એટલે સાઇકલ લઈને મિત્રવર્તુળમાં, સાયન્સ, આર્ટ્સ, કૉમર્સ, ઍન્જિનિયરિંગ કૉલેજોની હૉસ્ટેલોમાં, ઓળખીતા-પારખીતા, સાથે હરતાફરતા, આછોપાતળો કાંઈ પણ પરિચય જેમની સાથે થયો હોય એ બધાને જઈને આમંત્રણ આપી આવતા જોયા છે. અને યોગીબાપા એનું ગણિત શિખવાડતા કે, આપણે ૫૦ જણને આમંત્રણ આપી આવીએ, દર સભા વખતે આમંત્રણ આપીએ તો એને એમ થાય કે, આ મને સામેથી કહેવા માટે આવે છે તો લાવો એને સારું લાગે એટલા માટે પણ જઈએ. આપણે સૌ સામાજિક પ્રસંગોમાં સગાં-વહાલાંઓને રાજી કરવા માટે આવી રીતે અનેક કાર્યક્રમોમાં જોડાઈએ છીએ અને જોડાવું જોઈએ. એ જ રીત યોગીબાપાએ જશુભાઈને શિખવાડી.

યોગીબાપાના પત્રો મેં વાંચ્યા છે. સભામાં ૧૧ની સંખ્યા થાય એટલે યોગીબાપા પ્રસન્નતાના આશીર્વાદનો પત્ર મોકલે અને એમ લખે કે, 'ગુરુ, ૨૫ થાય એવું કરો.' જશુભાઈસાહેબ તો કોઈ માને છે-કોઈ નથી માનતું, કોઈ આવે છે-કોઈ નથી આવતું, કોઈને આમાં રસ છે કે નહીં, એમ કાંઈ જુએ નહીં, બસ બાપાનું વચન છે ને ? અને પછી તો સાથીદાર મિત્ર વી. એસ. પટેલ મળ્યા કે જેમનું સ્ટુડન્ટ્સ ઍસોસિયેશનમાં વર્ચસ્ અને ભણવામાં પણ તેઓ તેજસ્વી. એમની સ્ટાઇલ હતી-ચપટી વગાડીને વિદ્યાર્થીને ઇશારો કરે એટલે પેલો વિદ્યાર્થી પણ એમ સમજે કે જો હૉસ્ટેલમાં સુખેથી રહેવું હોય અને સારી રીતે ભણવું હોય તો આ વિઠ્ઠલભાઈ કહે છે એમાં મને કે કમને પણ જોડાઈ જવું.

હૉસ્ટેલની રૂમ નાની પડવા માંડી તો કૉમન હૉલમાં સભા થવા માંડી. એ હૉલ નાનો પડ્યો તો તે સમયમાં વલ્લભવિદ્યાનગરમાં શ્રી રામકૃષ્ણ મિશનનું એક કેન્દ્ર હતું અને એનો સત્સંગહૉલ હતો. સાહેબદાદાએ ત્યાં જે સ્વામી હતા એમને મળીને વિનંતી કરી કે, 'અમારે આવી રીતે વિદ્યાર્થીઓને પ્રાર્થનાસભા, અઠવાડિક સભા કરવા માટે આ હૉલનો ઉપયોગ કરવો છે.' તો સ્વામીજી બહુ રાજી થયા. ત્યારે વલ્લભવિદ્યાનગર માત્ર વિદ્યાર્થીઓનું શહેર હતું. વૅકેશન પડે તો સ્ટાફ બધો વતનમાં જતો રહે અને વિદ્યાર્થીઓ પણ વૅકેશનમાં ગયા હોય. એટલે જીવન જરૂરિયાતની, મોજશોખની જેટલી દુકાનો હતી, એ દુકાનદારોને ઘરાકો જ ના હોય એટલે એમને પણ વૅકેશન. તાળું મારીને તેઓ વતનમાં જતા રહે. કારણ કે, વલ્લભવિદ્યાનગરના મૂળ વતની તો કોઈ હતા નહીં. આજુબાજુથી, ધંધો-વ્યાપાર-નોકરી-અભ્યાસને માટે બધા આવતા. એવા વાતાવરણમાં યોગીબાપા જશુભાઈને આજ્ઞા કરે છે કે, 'આપણે વૅકેશનમાં ઘરે ના જવું. સંસાર, વહેવાર કરનારા બધા ઘણા છે, વૅકેશનમાં તમારે વિદ્યાનગર જ રહેવું.' અને જશુભાઈ સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિથી જોડાયેલા વિઠ્ઠલભાઈને એમ થાય કે આ જશભાઈ એકલા રહેશે તો શું કરશે ? ક્યાં ખાશે ? તો એમની જોડ તરીકે, એમના સાથીદાર તરીકે વિઠ્ઠલભાઈ પણ રોકાતા. જશુભાઈએ યોગીબાપાની આજ્ઞા પાળી, તો જશુભાઈના સાથીદાર તરીકે અને જશુભાઈના વચને વિઠ્ઠલભાઈ, સનંદભાઈ, રતિભાઈ, પૂનમભાઈ, શાંતિદાદા ને હર્ષદદાદા જેવા વિદ્યાર્થીમિત્રોએ પણ યોગીબાપાની આજ્ઞા પાળી.

હમણાં ૧૦મી જુલાઈએ આપણે ગુરુપૂર્ણિમા ઊજવવાના છીએ. પૂર્ણિમા એટલે પૂર્ણ ચંદ્ર, સંપૂર્ણતા. મારા પ્રભુ પૂર્ણ છે, મારા ગુરુ પૂર્ણ છે ! આપણી વૈદિક સંસ્કૃતિનો મંત્ર છે-'ૐ पूर्णमदः पूर्णमिदं'- પરમેશ્વરનું પરમ તત્ત્વ, પરબ્રહ્મનું પરમ તત્ત્વ પૂર્ણ છે. એનો સાદો ને સરળ ગુજરાતી અર્થ છે કે, પૂર્ણમાંથી પૂર્ણ લઈ લઈએ તો પણ શેષ સ્વરૂપે પૂર્ણ જ વધે. જુદી જુદી સાધના પદ્ધતિઓ છે, ભક્તિના અનેક માર્ગ છે, એમાં વધારે સરળતા માટે સંતોએ જુદા જુદા સંપ્રદાયોના માધ્યમ દ્વારા આપણને ભગવાનની સાથે જોડ્યા છે. જેનામાં જેટલી સામર્થી, જેટલું દૈવત, જેટલી ઉત્સુકતા ને જેટલી તત્પરતા હોય તેટલું લે તો પણ ભગવાન તો ભગવાન જ રહે છે, એમાંથી કશું ઓછું થતું નથી. પરમેશ્વરના પરમ તત્ત્વની આ વાત ઋષિ-મુનિઓએ હજારો વર્ષ પહેલાં લખી. આપણી આખી હિન્દુ પરંપરા એમ કહે છે કે, પ્રભુ સંપૂર્ણ છે અને એટલે સંતોએ-ભક્તોએ પ્રભુને પુરુષોત્તમ કહ્યા છે-શ્રેષ્ઠ પુરુષ કે જે પુરુષોમાં પણ ઉત્તમ છે.

અર્જુને કહ્યું, 'नष्टो मोहः स्मृतिर्लब्धा'. આપણે મોહમાં ને મોહમાં જિંદગી પૂરી કરી દઈએ છીએ. અને આ શ્લોક આપણને એમ કહે છે કે, મોહનો નાશ થઈ ગયો છે. હું આત્મા છું અને તમે પરમાત્મા છો અને મારો ને તમારો મેળાપ થઈ ગયો એ મારા ઉપર બહુ મોટી કૃપા, મારા અહોભાગ્ય કહેવાય ! તો હવે મારે કરવાનું શું ? 'करिष्ये वचनं तव'- આપ જે કહેશો એમ જ હું કરીશ. તો આ ભાવ આપણા હૃદયને વિશે સ્થિર થાય, દૃઢ થાય. માફ કરતા, જતું કરતા, નમી દઈને મૂકી દેતા જો આપણે શીખી જઈએ તો આપણે ભગવાં વસ્ત્ર પહેર્યાં વગરના સાધુ બની જઈએ. કારણ કે, સાધુનો સ્વભાવ છે-સરળતા, સહજતા, સ્વાભાવિકતા. પછી એમણે કશુંય કરવું પડતું નથી, સહજપણે એમના દ્વારા થતું જાય છે, કારણ કે, એમણે એમનું સમગ્ર તંત્ર પ્રભુપ્રીત્યર્થે

અર્પણ કરી દીધું છે. અને એવી અર્પણ કરવાની ભૂમિકા ઉપર આપણે જો પહોંચવું હોય તો આપણે માફ કરી દેવાનું બહુ વહેલું શિખવાનું છે. 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' એવું સંસ્કૃતમાં કહેવામાં આવે છે. જ્યારે તમે વેર વાળી શકો, બદલો લઈ શકો, ઈંટનો જવાબ પત્થરથી આપી શકો એવા સામર્થ્યવાન હોવા છતાં પણ વળતું કશું કરવાને બદલે 'જેવી શ્રીહરિની ઈચ્છા' એમ માનીને જો જતું કરો, માત્ર જતું કરો એટલું જ નહીં, પણ પ્રભુ કર્તાહર્તા છે એમ માનીને એને સ્વીકારી લો તો જે શાંતિ, જે આનંદ જીવનમાં પ્રાપ્ત થાય છે એ અદ્ભુત અનુભૂતિ છે !

પૂજા, પ્રાર્થના, સેવા, અર્ચના-એ બધું વિધિવિધાન છે અને એનાથી આપણે પ્રભુમય-ગુરુમય થતા જઈએ છીએ, ટેવ પડતી જાય છે. ગુરુહરિ સાહેબદાદાએ આપણને ચાતુર્માસના કેટલાક વિશિષ્ટ નિયમો આપ્યા છે. નિયમથી આપણું જીવન નિયમિત બને છે. આપણા ગુરુજનોએ, આપણા પરિવારના વડીલોએ, આપણા સંતો-મહંતો ને આચાર્યોએ આપણને પ્રભુપ્રાપ્તિના જે માર્ગ બતાવ્યા છે એ આપણા જીવનને નિયંત્રિત કરવા માટે નહીં, પણ આપણા જીવનને શિસ્તબદ્ધ ને સંયમી બનાવવા માટેના નિયમો છે. અત્યારે આપણા દેશમાં કેટલા બધા કાયદા કર્યા છે. પોતાના જીવનના રક્ષણ માટે, પોતાના જીવનને શિસ્તમય અને સંયમયુક્ત બનાવવા માટેના ધાર્મિક અને સાંપ્રદાયિક નિયમો પણ છે; જે બહુ આવશ્યક છે. પણ આપણને જેટલું અનુકૂળ આવે, જેટલું થાય એટલું કરીએ છીએ.

સ્વામિનારાયણ સંપ્રદાયને પહેલાં ગુજરાતમાં હર કોઈ નહોતું ઓળખતું, તે આજે તો ભારતભરમાં ને વિશ્વના કેટલાય દેશોમાં સ્વામિનારાયણના સત્સંગીઓ ગૌરવપૂર્વક જીવી રહ્યા છે અને પોતાના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના જીવનસંદેશની સુવાસ ફેલાવી રહ્યા છે. સંપ્રદાયની શોભા એ સંપ્રદાયના અનુયાયીઓ છે. અમારા ભગવાન પુરુષોત્તમ જે અમને મળ્યા એ જ અમારા જીવનમાં સૌથી મોટા છે, એમ કહીએ છીએ પણ 'મોટા' માન્યા એટલે ? જેમ કાઠિયાવાડી ભાષામાં કહે છે એમ, 'તમારું વચન મારા આંખ-માથા પર.' એ માન્યા કહેવાય, એ સ્વીકાર્યા કહેવાય. તો આપણને આ ચાતુર્માસમાં કેટલીક આજ્ઞાઓ કરવામાં આવી છે તેનાં પાલન કરીએ. ને એમાંય બહુ મહત્ત્વની ને અગત્યની વાત આપણા જીવનના સર્વ પ્રકારના વ્યવહારમાં શ્રી ઠાકોરજી આપણી સાથે રહે. શ્રી ઠાકોરજીના સંબંધે આપણે સૌનોય સ્વીકાર કરતા થઈએ અને આપણા પરિવારના સભ્યોથી એને શરૂ કરીએ. પરિવાર-જીવન એ સત્સંગજીવનનો પહેલો પાયો છે.

નાનાં નાનાં બાળકોની પાછળ આપણે જે કંઈ સમય, શક્તિ અને નાણાં વાપરીએ છીએ એ આપણું બહુ મોટું ઈન્વૅસ્ટમૅન્ટ છે, એ ઊગી નીકળવાનું છે, એનાં રૂડાં ફળ આપણા પરિવારને, આપણા સમાજને મળવાનાં છે. અત્યારે એ નાના નાના રોપા છે. એમની આસપાસ ઘાસફૂસ કંઈ ઊગી નીકળે એટલે કે કુસંગ-વ્યસન એ ઘાસફૂસ છે, એનું નીંદામણ કરવાનું. અભાવ, અવગુણ, ખટપટ, માથાકૂટની વાતને ખોદીને બહાર ફેંકી દેવાની છે. ભગવાનની કૃપાથી સારા પરિવારમાં આપણને જન્મ મળ્યો, સારું શિક્ષણ મળ્યું, સારા સંસ્કારો સાથે આપણો ઉછેર થયો તો આ સત્સંગ આપણને ગમે છે. ભગવાનની કથા, સંતોની અમૃતવાણીનો આપણને જ્યાંથી લાભ મળે એ લેવાનું આપણે પસંદ કરીએ છીએ, ચૂકતા નથી. એ આપણને આપણા વડીલોએ, આપણાં માતા-પિતાએ આપેલા રૂડા સંસ્કારનું પરિણામ છે. અને પછી તો બીજરૂપ સંસ્કાર ઊછરે છે ને એને એનાં ફળ આવે છે.

ચાતુર્માસમાં આપણે થોડો સ્વાધ્યાય કરીએ. કોઈ પણ સારો ગ્રંથ, ભગવાનનું પુસ્તક કે જેમાં ભગવાનના મહિમાની વાતો આવતી હોય, વર્ણન આવતું હોય, લીલાચરિત્ર આવતું હોય એનું વાંચન કરવું. અને હ્યુમન સાયકોલૉજીમાં જો કોઈને રસ હોય તો 'રામાયણ' અને 'મહાભારત' શ્રેષ્ઠ ગ્રંથો છે. માણસને સમજવો હોય, પોતાની જાતને સમજવી હોય, પોતાના પરિવારનાં સભ્યો ને સમાજ કે જેમાં આપણે રહીએ છીએ એ સમાજને સાચી અને સારી રીતે ઓળખવો હોય તો આ બે બહુ અદ્ભુત ગ્રંથો છે! મહાભારતની કથામાં, રામાયણની કથામાં આવતાં બધાં પાત્રોને પોતપોતાની ક્વૉલિટી છે અને એમાં જે વિશિષ્ટ ભાવ અને તત્ત્વ છે એ ભક્તિનું છે. આપણે આત્મચિંતનની દૃષ્ટિએ એ ગ્રંથોનો પાઠ કરીએ. ઘણા દર શનિવારે 'શ્રી હનુમાન ચાલીસા'નો પાઠ કરે છે. દર મંગળવારે શ્રી ગણેશજીના મંદિરે જઈને દર્શન કરે છે. એ બધાની પાછળનું જે વિજ્ઞાન છે, જ્ઞાન છે, અધ્યાત્મ છે એનો આધાર લઈને આપણે એની ઉપર ડગલે ડગલે આગળ વધતા જઈએ.

દરેક સંપ્રદાયમાં ચાતુર્માસ દરમિયાન જુદી જુદી રીતે કાર્યક્રમો થતા હોય છે. આપણે શ્રાવણ માસને વિશેષ મહત્ત્વ આપ્યું છે એટલે કરવા પૂરતું કરીએ એમ નહીં, પણ એને જીવનનો એક ક્રમ બનાવી દઈએ, એની સહજ ટેવ પાડી દઈએ. અને મનુષ્ય શરીર એવું છે કે એની ટેવ પડી જાય પછી કર્યા વગર રહી ના શકાય. યોગીબાપા એના માટે શબ્દ વાપરતા કે, 'જેને કથા-વાર્તાનું વ્યસન પડી જાય એની આધ્યાત્મિક પ્રગતિ બહુ જ થાય.' કારણ કે, 'હંમેશાં સવળી, સત્ય અને બળભરી વાતો સત્સંગમાંથી જ મળે છે. સાચી, સવળી, સત્ય અને બળ પૂરનારી એવી જે કંઈ વાતો

હોય એનું શ્રાવણ મહિનામાં શ્રવણ કરવું એટલે કે સાંભળવું, મનન કરવું અને નિદિધ્યાસ કરવો તો એનો સાક્ષાત્કાર થઈ જાય, સહજ થઈ જાય, ટેવાઈ જાય, કર્યા વગર રહી જ ન શકાય એવું તંત્ર બની જાય. એના માટે આ ચાર માસ દરમિયાન આપણે એક નાનકડું ડગલું પણ આગળ ભરીએ. એનું અનુસંધાન રાખીને એવું જીવવાની થોડી પોતાની જાત ઉપર પણ ચાનક રાખીએ. આળસ, પ્રમાદ, ગાફલાઈ, જેમ-તેમ, કર્યું-ના કર્યું એવી જે ગાફલતા એમાંથી બહાર નીકળી જાગ્રતતા લાવીએ.

ગુરુહરિ સાહેબદાદાની આજ્ઞા છે કે ઓછામાં ઓછું ૩૦ મિનિટનું નામસ્મરણ કરવું. એ મંત્રશક્તિના બળનો પ્રયોગ કે જે આપણામાં ખૂબ ચેતના ને શક્તિ પ્રગટાવે છે. આપણે બધું કરીએ છીએ, પણ આપણને ખબર નથી કે આપણે શ્રી ઠાકોરજી આગળ ઊનનું, કંતાનનું કે દર્ભનું આસન પાથરીને, પલાંઠી વાળીને દરરોજ એક જ ઠેકાણે, એક જ સમયે ને નિયમિત રીતે એક જ મંત્રજાપ કરીએ તો એક ઍનર્જી આપણામાં પેદા થાય છે. અને એ ઍનર્જીનું અર્થિંગ ના થઈ જાય એટલે ઋષિ-મુનિઓએ નૉન-કન્ડક્ટર ઊનનું, શણનું કે ઘાસનું આસન વાપરવાનું કહ્યું છે. ‘સ્વાધ્યાય’ બહુ સુંદર શબ્દ છે. સ્વઅધ્યયન અને પોતાની જાતને પોતે પૂછવાનો પ્રશ્ન એને ‘સ્વાધ્યાય’ કહેવાય. ઋષિ-મુનિઓએ કહ્યું છે કે, સ્વાધ્યાય કરવામાં કદી પ્રમાદ કરશો નહીં. પ્રમાદમાં કેટલું બધું ચાલ્યું જાય છે. ‘સમજ સમજ નર મૂઢ અજ્ઞાની, કાળ નિકટ ચલી આત’ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ આપણને ટકોર કરી છે. આપણને ‘મૂઢ’ અને ‘અજ્ઞાની’નું બિરુદ આપ્યું છે. પણ આપણે આપણી જાતને ડાહ્યા ને સમજુ માનીએ છીએ.

શ્રી ગુરુનું પૂજન કરવા માટે ગુરુગાદીના સ્થાને ૧૦મી જુલાઈ, ગુરુવારે ગુરુપૂર્ણિમા મહોત્સવમાં જરૂરથી પધારશો ! હિન્દુ પરંપરામાં ગુરુપૂજન-ગુરુપાદુકા પૂજનનું માહાત્મ્ય છે. ગુરુની આજ્ઞાનું પાલન કરીએ અને ગુરુની રુચિ, અભિપ્રાય, સિદ્ધાંત અને રહસ્યને આત્મસાત્ કરવા માટે તેઓએ બતાવેલા માર્ગે તેઓની પાછળ પાછળ તેઓ જે માર્ગે ચાલ્યા એ માર્ગને અમે અનુસરીએ.

એના પછી તરત આવે છે બળેવનું-રક્ષાબંધનનું પર્વ. બહેનનો નિર્વ્યાજ પ્રેમ, ભાઈનું સર્વ પ્રકારે મંગલ થાય એવી હૃદયથી ઇચ્છા અને સામે ભાઈ પણ હર્ષ-ઉલ્લાસથી બહેનને કંઈક યથાશક્તિ ભેટ ધરે, આ જે આપણા સાંસારિક નાતા, આપણા દેહના સંબંધો; એને દિવ્ય બનાવવાનાં પર્વો આપણી ઋષિ સંસ્કૃતિએ આપણને આપ્યાં છે. એની કરવા ખાતર ઉજવણી ના કરીએ, કરવું પડે એવા કોઈ દબાણથી ના કરીએ, પણ હૃદયના સાચા ભાવથી, પ્રામાણિક થઈને ભગવાનની ભક્તિ કરીએ. એવી ભક્તિ આપણને સૌનેય ફળે અને ગુરુની આપણા ઉપર કૃપા થાય તેવી પ્રાર્થના કરીએ.

ચાતુર્માસના નિયમોમાં કહ્યું છે એમ અઠવાડિક સત્સંગસભા, અડધો કલાકની ધૂન, ‘વચનામૃત’ ને ‘શ્રી સ્વામીની વાતો’ સદ્‌ગ્રંથોનું વાંચન, અધ્યયન, સ્વાધ્યાયની નિયમિત ટેવ પાડી દઈએ. આદરણીય સદ્‌ગુરુ સાધુ પૂજ્ય રજનીભાઈને યાદ કરું તો, મેં એમને બહુ નજીકથી જોયા છે. એમની સાથે અમદાવાદનાં ઘરોમાં પધરામણીઓ કરી છે. રાત્રે ૧૦, ૧૧, ૧૨ વાગ્યે પધરામણીમાંથી પાછા આવે, પણ આજનું નિયમનું ‘વચનામૃત’ વાંચવાનું બાકી રહી ગયું હોય અને બીજા ભાઈભાંડુઓ બધા સૂઈ ગયા હોય તેથી જો લાઈટનું અજવાળું કરે તો જાગી જાય, બીજાને ખલેલ પડે. એટલે કબાટની અંદરની લાઈટ ચાલુ કરી, એની ઓથે બેસીને એ નિયમનું ‘વચનામૃત’ વાંચીને પછી જ આરામ કરવા માટે જાય. એવા સાધુ નિયમબદ્ધ અને સંયમપૂર્વક આપણી વચ્ચે જીવી ગયા. એમનો જન્મદિવસ ઊજવીએ, એમનાં મહિમા ને ગુણગાનની વાતો કરીએ, પણ એમાંથી એક છાંટો પણ જો આપણે આપણા જીવન માટે લઈએ નહીં તો એ બધું શિષ્ટાચાર ખાતર કરવાનું કર્યું એવું થાય.

આપણે થોડી ગંભીરતાથી સત્સંગ કરતા શીખીએ, એને સોશ્યલ ના બનાવી દઈએ. આ કોઈ સામાજિક મેળાવડો નથી, અહીં તો ભગવાનના મરજીવા બધા ભેગા થઈને રૂડા સંકલ્પ કરે છે. તો ધર્મની બાબતને થોડી ગંભીરતાથી લઈએ અને તો જ આપણાં સંતાનોમાં એના સંસ્કાર ઊતરશે. મંદિરે આવીએ ત્યારે ઇષ્ટદેવની મૂર્તિ સામે બે હાથ જોડીને પ્રાર્થના કરીએ કે, પ્રભુ મને પ્રામાણિક બનાવજો. ભક્તિમાં કોઈ પણ પ્રકારનો દંભ ના ભળે, હું સાચા ભાવથી ભક્તિ કરું. અને જ્યારે ખરેખરો પ્રેમ થાય છે ત્યારે પ્રેમ એ કોઈ પ્રદર્શનની ચીજ નથી-પ્રેમ એ તો એમના માટે જીવી જવાનું વ્રત છે. આપણે આ બધા શબ્દોને સારી રીતે સમજીએ.

પ્રભુભક્તિ માટે ‘તન, મન, ધન પ્રભુનાં ચરણોમાં...’ ભજન તો આપણે ગાઈએ છીએ. તનથી પ્રભુ આપણને તંદુરસ્ત રાખે, મનથી આપણને પ્રસન્ન રાખે, ધનથી ખૂબ સમૃદ્ધ બનાવે પણ સાથે સાથે સંતુષ્ટ રાખે અને સાધુ-સંતોના સમાગમથી, સત્સંગથી સત્કાર્યોમાં વાપરવાની આપણને સદાય પ્રેરણા મળતી રહે. અમે અમારા મનને ભગવદ્‌ભાવમાં નિમગ્ન રાખીએ, ભગવાન સાથે-ભગવદ્‌પ્રવૃત્તિ સાથે, સર્વનું ભલું થાય તેવી ભાવના સાથે જોડાયેલું રાખીએ એવી મંગલ પ્રાર્થના શ્રી ગુરુચરણે-શ્રી પ્રભુચરણે ધરીએ છીએ.

સર્વને ભાવભર્યા જય શ્રી સ્વામિનારાયણ ! ◆



The Mahima Box from childhood.

# Rising Above the Emotional Rollercoaster

~ Saheli Sheth (Peoria, USA)

**As** I stood outside the airport, two kids eagerly dashed past me. They delightedly cheered, "We get to see Daddy today!" as they ran inside the airport. I felt joyous witnessing such a sacred moment.

While the kids were running inside, an elderly man was exiting the airport doors. Carrying quite a load in his hands, he lost his balance, crashed into the door, and fell onto the concrete. Others rushed in to help him, and I assumed this was his family. After he got up, however, he turned to the right while the helpers turned to the left – and the elderly man walked toward his car, alone. I felt despair, sadness, and concern at what I had just witnessed.

Within less than a minute of each other, I had felt two strong, contrasting emotions: happiness from the kids' reunion with their dad, and sadness from the elderly man going home alone after his fall. My mind's two visitors – happiness and sadness – always come hand-in-hand, leaving me on an emotional rollercoaster as I swing uncontrollably between them both. My emotions were abruptly pushed to the side by an unmistakably clear thought: ***"This is exactly what satsang is trying to protect you from."***

Satsang protects us from the highs and lows of life by giving us mental composure. I think back to Sadguru Sant Param Pujya Manojdasji's word of choice: ***equanimity***, the ability to be stable during what we perceive as good and bad.

Our guru is so loving that he doesn't wish for us to experience these chaotic highs and lows; instead, he wishes for us to experience stability. Through his teachings, he highlights how to attain such a state.

My family was inspired by one such teaching of Guruhari Sant Bhagwant Sahebji - his signature slogan, ***"Think positive, rest will follow."*** My parents repurposed an empty shoe box, put a small slot in it, and renamed it the "Mahima Box." Once a day, each family member wrote something they appreciated about each other and slipped it into the slot. At the end of each month, we would gather to open the box and read the notes. Each of us left the monthly *mahima* gathering by feeling more appreciated, positive, and stable.

Sahebji's teachings to attain stability extend beyond *satsang*. Recently, one of my teenage clients shared with me, "My mom says that talking to me is exhausting!" Given that 75% of their interactions were arguments, their mother-daughter dynamic needed something to counteract the current negativity. They decided to become intentional about creating positive moments between the two of them. A box like the Mahima Box was suggested as a way to have more positive interactions. The mood in the room lightened, and the daughter couldn't wait to go home to decorate a box for the family!

Some prompts that may be helpful to consider for either a written or verbal positivity exchange within the family:

- What are you thankful to God for creating? *(Libraries, nature, sunshine, family)*
- What are we thankful to each other for? *(This is a chance to appreciate each other - "Thank you for taking care of the dishes," "Thank you for greeting me with excitement when I came home today")*
- What are you thankful to yourself for? *(This is a chance to appreciate personal accomplishments - size doesn't matter! Nothing is too small!)*

By seeing the positive within every circumstance, life's highs and lows have less of an impact on us, as we are able to tap into an eternal bliss. After all, this is all that **stability** is - **seeing the positive in every situation, knowing that God's divine hand scripted it.** ◆

# ॥ ગુરુઆજ્ઞા પાલન : મારો જીવન અનુભવ ॥

~ મંજુબહેન પટેલ (ફ્લૉરિડા, અમેરિકા)

હું જ્યારે પહેલી વખત શિબિરમાં ગઈ ત્યારે પૂ. સાહેબદાદાનાં દર્શન કરવા માટે લાઈનમાં ઊભી હતી. જ્યારે મને પૂ. સાહેબદાદાનાં દર્શન થયાં ત્યારે મારી આખમાં આંખ પરોવી તેઓ એટલું જ બોલ્યા કે, 'મારે તને ભગવાનની સેવા સોંપવી છે.' ત્યાર પછી મારી ખરી સાધનાની શરૂઆત થઈ અને તેના માટે હું પૂ. નીલેશ અને બાળકો (રાહુલ-ભૂમિ)નો ખૂબ ખૂબ આભાર માનું છું. ત્યાર પછીના મારા જીવનમાં પૂ. સાહેબદાદાનો અને સત્સંગનો ખૂબ જ મહત્ત્વનો ફાળો રહ્યો છે. અમારા પરિવારની દરેક વ્યક્તિના જીવનમાં પણ પૂ. સાહેબદાદાનો અગત્યનો ફાળો રહ્યો છે.

પહેલાં હું સત્સંગમાં નહોતી ત્યારે મનમુખી જીવન જીવતી હતી અને ભક્તિ પણ સમજણ વિનાની અને પરોક્ષની કરતી હતી. પણ હવે મારું અને અમારા પરિવારની દરેક વ્યક્તિનું જીવન એ ગુરુમય અને ગુરુમુખી બની ગયું છે. સત્સંગમાં આવ્યા પછી અંતરમાં ખૂબ જ શાંતિ રહે છે. ગમે તે થાય તો પણ કોઈ જ જાતની ચિંતા થતી નથી. કારણ કે, હવે આવા સમર્થ ગુરુ મળ્યા કે તેમના શરણે જવાથી, નિર્ભય બન્યાથી, તેમના બળે, તેમના આશરે જીવન જીવવાથી કોઈ જાતનો ડર રહેતો નથી અને અખંડ આનંદમાં રહેવાય છે તેની અનુભૂતિ થાય છે ! આવા સમર્થ ગુરુની પ્રભુએ આપણને ભેટ આપી છે તેનો અંતરે અખંડ આનંદ અને કેફ રહે છે. પૂ. સાહેબદાદાએ અમને ગ્રહણ કર્યાં ત્યાર પછીનું અમારું આખું જીવન બદલાઈ ગયું છે અને અત્યારે અમે જે કંઈ છીએ તે કેવળ અને કેવળ પૂ. સાહેબદાદાને આભારી છે.

પહેલાં જ્યારે અમે પૂ. સાહેબદાદાની આજ્ઞાથી ઘરમંદિરે સભા કરવાનું શરૂ કર્યું ત્યારે દરેક તહેવાર ઘરે જ ઊજવતાં. સત્સંગસભા પણ ઘરે જ કરતાં. અન્નકૂટ ઉત્સવ પણ ઘરે જ ઊજવતાં. એક વખત અન્નકૂટ ઉત્સવ કર્યા પછી તેનો અહેવાલ આપવા પૂ. સાહેબદાદાને ફોન કર્યો તો તેઓ ખૂબ જ રાજી થઈને બોલ્યા કે, 'મહારાજે અક્ષરધામથી આપણને સેવા કરવા માટે જ મોકલ્યાં છે. અને આપણો જન્મ પણ એટલા માટે જ થયો છે.' પછી તેઓએ મને આજ્ઞા કરી કે, 'બધાંને સાથે રાખીને સેવા કરજે.' આમ તે આજ્ઞાનું પાલન કરવા હોંશે હોંશે પ્રયત્ન કર્યો. અમે પૂ. સાહેબદાદાની જ આજ્ઞા અનુસાર ઘરમંદિરથી સભા ચાલુ કરી તો અત્યારે ખૂબ જ સરસ મંદિર પણ થઈ ગયું છે અને હવે બધા જ પ્રસંગો મંદિરમાં જ ઉજવાય છે અને પૂ. સાહેબદાદાના આશીર્વાદથી અન્નકૂટ પણ સરસ થાય છે. અને હવે તો પૂ. સાહેબદાદાના સંકલ્પ અને તેમના આશીર્વાદથી ફ્લૉરિડામાં શિખરબદ્ધ મંદિર પણ થવા જઈ રહ્યું છે અને મંડળમાં સર્વ અક્ષરમુક્તો સંપ, સુહૃદભાવ અને એકતાથી એકબીજાંની સાથે ઓતપ્રોત બની સર્વ સેવાઓ કરી રહ્યાં છે. હવે ફ્લૉરિડામાં સત્સંગ પણ ખૂબ ફૂલ્યો-ફાલ્યો છે તે પણ કેવળ અને કેવળ પૂ. સાહેબદાદાના આશીર્વાદ અને તેમના સંકલ્પે જ શક્ય બન્યું છે. સૌ ભક્તોને ગુરુઆજ્ઞા પાલનની અદ્‌ભુત તત્પરતા છે. સૌ ગુરુની આજ્ઞા પ્રમાણે જીવવા મંડ્યાં છે.

આજથી લગભગ આઠેક વર્ષ પહેલાં પૂ. સાહેબદાદા ઍલનટાઉન મંદિરે બિરાજમાન હતા અને તેઓ પાછા ભારત પધારી રહ્યા હતા. તેમનાં દર્શન કરવા અમે ઍલનટાઉન મંદિરે ગયાં હતાં. ત્યાં તેમણે મને કહ્યું કે, 'તું શું કરે છે ? જૉબ કરે છે ?' અને પછી મને કહ્યું કે, 'જ્યારે ટાઈમ મળે ત્યારે મહાપૂજા કરજે.' આ રીતે તેમણે મને મહાપૂજા કરવા માટેની આજ્ઞા કરી તેથી હું મહાપૂજા શીખી અને મેં મહાપૂજા કરવાની શરૂઆત કરી. અત્યારે પણ હું મહાપૂજા કરું છું અને મંદિરે પણ મહાપૂજા કરાવું છું. ઘણી વખત કોઈ કારણસર મહાપૂજા થતી નથી પરંતુ, દરરોજના કાર્યક્રમ પ્રમાણે હું હંમેશાં મહાપૂજા કરું છું. અને તેના કારણે અંતરમાં ખૂબ જ શાંતિ અનુભવાય છે. તેમજ સર્વે સંતો-અક્ષરમુક્તો માટે ધૂન થાય છે અને અંતરમાં ખૂબ જ શાંતિ અને બળ મળે છે. અને હવે તો મહાપૂજા કર્યા વગર રહેવાતું પણ નથી ! પૂ. સાહેબદાદાએ આપેલી આવી નાની અમથી આજ્ઞાથી અંતરમાં કેટલી શાંતિ મળે છે તેનો પણ અનુભવ થાય છે.

તો સાહેબદાદા ! આપના બળે આપના સંકલ્પે અને આપની પ્રાર્થનાથી પ્રત્યેક પળ અમને સેવા કરવાનું બળ મળે તેવી આપના શ્રી ચરણોમાં પ્રાર્થના છે ! ◆

# મારા ગુરુ, મારા પથદર્શક

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

**મારી** સાથે તમે પણ એક કલ્પના કરો : એક સૃષ્ટિ કે જ્યાં ભગવાનની ઊર્જા આપણાં સૌમાં વહી રહી છે. આ સૃષ્ટિમાં આપણે આપણા દેહ સાથે જોડાયેલી બધી લાગણીઓ જેવી કે, દુન્યવી આનંદ, મૂંઝવણ, ઉદાસીનતા, તણાવ, ક્રોધ વગેરેથી ઉપર ઊઠી રહ્યાં છીએ. આપણી આ કલ્પના સાકાર કરવી એ કંઈ હવે બહુ અઘરું નથી કારણ કે, આપણને રાહ બતાવવા માટે આપણા ગુરુ આપણી સાથે છે.

*જ્યારે ભગવાન આપણને મળ્યા જ છે તો પછી ગુરુની શી આવશ્યકતા છે ?*

ભગવાનની ભક્તિ તો આપણે કરતાં હોઈશું. પરંતુ આપણી અંદર ભગવાનની ચેતના પ્રગટાવવાનું કેવી રીતે શીખી શકીએ ? તે માટે આપણા ગુરુ આપણા પથદર્શક છે. આપણા મનમાં ભગવાનને પામવાનું લક્ષ્ય હોઈ શકે, **પરંતુ ગુરુ આપણને તે લક્ષ્ય સુધી પહોંચવાનો માર્ગ બતાવે છે.**

થોડાં વર્ષ પહેલાં મને મારા કામ બાબતે દ્વિધા થતાં મેં સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનો સંપર્ક કર્યો હતો. મારી જોબ માટે હું યોગ્ય નથી તેવું મને લાગતું હતું તે મેં તેઓને જણાવ્યું. મનોજદાસજીએ મને સ્પષ્ટ સમજ આપી કે, 'હું' કામ કરી રહી છું તેવું હું વિચારું છું તેના બદલે '**ભગવાન**'ને મારા દ્વારા કામ કરવા દેવું. **તેઓની** વાતનો સાર :

આપણે ભગવાનને આપણા દ્વારા કેવી રીતે કામ કરવા દઈ શકીએ ?

જ્યારે આપણને આપણો અહંકાર એવો વિચાર કરાવે કે, 'મારે આ કામ કરવું છે' અથવા 'હું આ કામ કરવા માટે સક્ષમ છું', ત્યારે ભગવાન ત્યાંથી ખસી જાય છે અને આપણા અહંકારને કામ કરવા દે છે. અને પછી ભગવાન માત્ર પ્રેક્ષક બની જાય છે !

*તેના બદલે, અહંકારને પ્રેક્ષક બનાવીએ અને ભગવાનને કામ કરવા દઈએ !*

મનોજદાસજીએ મને પ્રેરણા આપી કે, દરરોજ સવારનો પ્રારંભ અને ખરેખર તો દરેક પળનો પ્રારંભ એવી પ્રાર્થના સાથે કરો કે, 'હે પ્રભુ ! મારામાં રહીને તમે કાર્ય કરજો.' અને દરરોજ સાંજે ભગવાનની કૃપાનો આભાર માનવો.

મેં મારી સામે બેસતા દરદીઓની સાથે પરામર્શ કરતી વખતે મનમાં આવી પ્રાર્થનાનો પ્રયોગ કર્યો. 'હે પ્રભુ ! કૃપા કરીને તમે મારામાં રહીને કાર્ય કરો.' શરૂઆતમાં તો મને મારા આ શબ્દો નિરાશાજનક લાગતા હતા. તેમ છતાં મેં જબરજસ્ત બદલાવ નોંધ્યો. હું એવા વિચારો કરવા ટેવાયેલી હતી કે, 'મને ખબર નથી કે હું શું કરી રહી છું' અથવા 'મારા દરદીને લાગશે કે હું આ કામ માટે સક્ષમ નથી.' પણ હું વિચારશૂન્ય થઈ જતી, કારણ કે, હું એક સાથે બે વિચારો કરી શકતી નહિ. પરંતુ સતત પ્રાર્થનાએ મારા આવા નકારાત્મક વિચારોને શાંત કરી દીધા.

સમય જતાં, 'ભગવાન તમે મારામાં રહીને કામ કરો' એ શબ્દો મને અપાર શાંતિ આપનારા તો બન્યા જ, પણ સાથે સાથે ભગવાન મારી સાથે રહે તેવી અભ્યર્થના પણ બની રહ્યા. અને તેથીય વિશેષ, આ શબ્દો મને મારા પ્રભુ અને ગુરુને યાદ રાખવા અને તેઓ મારી સાથે છે તે યાદ અપાવવાનું નિમિત્ત બની રહ્યા.

આવા અભ્યાસ દ્વારા મનોજદાસજીએ મને મારી શારીરિક ક્ષમતા પર નિર્ભર રહેવાને બદલે ભગવાન પર નિર્ભર રહેતાં શિખવાડ્યું. જ્યાં સુધી 'હું કરું છું' તેવું હું માનતી હતી ત્યાં સુધી જો મારી કામગીરી યોગ્ય ના થઈ હોય તો મને હતાશાની લાગણી અનુભવાતી. જો કે, જ્યારે મેં ભગવાનને મારા દ્વારા કાર્ય કરવા દીધું, ત્યારે જે પણ પરિણામ આવે તેને તેઓની મરજી તરીકે સ્વીકારવાનું સરળ થઈ ગયું.

આપણે ઘણીવાર 'આત્મવિશ્વાસ રાખવો' અથવા આપણે 'આપણી પોતાની ક્ષમતા પર વિશ્વાસ રાખવો' એવી સલાહ સાંભળીએ છીએ, પરંતુ આપણને આપણા ગુરુ શીખવે છે કે, પ્રભુમાં વિશ્વાસ રાખવો–પ્રભુની ક્ષમતા પર વિશ્વાસ રાખવો.

બહુ સામાન્ય જણાતી આવી પ્રયુક્તિ દ્વારા પણ મનોજભાઈએ આપણને ભગવાનની નજીક જવાનો માર્ગ બતાવ્યો છે. હમણાં કેટલાંક સંત્સંગીઓ અને હું ટેકો બેલ ગયાં હતાં. એક સત્સંગીની કારકિર્દી અંગે માર્ગદર્શન મેળવવા મનોજદાસજીને ફોન કરતાં પહેલાં અમે ટેકો બેલમાં ઝડપથી ભોજન પતાવ્યું અને ત્યાંની મેન્ગો ટી પણ અજમાવી જોઈ. ફોન ઉપાડતાં જ મનોજદાસજીએ કહ્યું, 'ઓહો, તમે ટેકો બેલમાં છો ! આજે તમે બધાંએ નવું પીણું ચાખ્યું, ખરું ને ?'

અમે એકબીજાંની સામે આશ્ચર્યની નજરે જોવા લાગ્યાં. તેઓને કેવી રીતે ખબર પડી ? મનોજદાસજીએ આગળ કહ્યું, 'ઠાકોરજીએ ખરેખર પ્રસાદરૂપે ભોજનને માણ્યું, પણ તમારાંમાંથી કોઈએ ઠાકોરજીને પૂછ્યું નહિ કે, તેમને કયું પીણું પીવું છે ?' આ પ્રસંગથી અમે ભોજનને પણ ભગવાન સાથેના નિત્ય સંવાદનો એક ભાગ બનાવવાનો પાઠ શીખ્યાં કે, હંમેશાં ભગવાનને પણ ભોજનમાં તેઓની પસંદગી બાબતે પૂછવું અને દરેક ભોજન પહેલાં ભગવાનને યાદ કરવા.

આપણા ગુરુ આ જ તો કાર્ય કરે છે. તેઓ આપણા જીવનને ભગવાન સાથેના સતત સંવાદમાં રૂપાંતરિત કરવાનું આપણને શીખવે છે. પ્રત્યેક સવાર, એ ભગવાનને આપણી સાથે આખો દિવસ રહેવા માટેનું નિમંત્રણ છે, પ્રત્યેક ભોજન, એ આપણા દ્વારા ભગવાનને શું જમવું ગમશે તે અંગેનો સંવાદ છે, અને પ્રત્યેક રાત્રિ, એ ભગવાનનો આભાર માનવા માટેની પ્રાર્થના છે.

ગુરુ વગર પણ આપણે ભગવાનને પ્રાર્થના અને ભક્તિ તો કરી શકીશું, પરંતુ પથદર્શક તરીકે આપણી સાથે જો આપણા ગુરુ હોય તો ભગવાનને આપણા ઉત્તમ મિત્ર બનાવતા શીખવાનો, ભગવાનને આખો દિવસ અને છેવટે તો જીવનભર આપણી સાથે રાખવાનો અલભ્ય અવસર આપણને પ્રાપ્ત થશે.

આપણાં જીવનનાં દરેક પાસાં – પછી ભલે આપણે કામ કરતાં હોઈએ, સેવા કરતાં હોઈએ, વાલી તરીકે ફરજ નિભાવતાં હોઈએ, અભ્યાસ કરતાં હોઈએ કે અન્યો સાથે વ્યવહાર કરતાં હોઈએ – ત્યારે આપણે પ્રાર્થના કરીએ કે, 'હે પ્રભુ, આપ મારા દ્વારા કાર્ય કરો, મારા જીવનનો ધબકાર બની જાવ.' ◆

(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'–ઑગસ્ટ, ૨૦૨૫ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ ઑગસ્ટ, શુક્રવાર...** ડેન્હમ-યુ.કે. સ્થિત મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. પ્રદીપભાઈ ધામેચાને મુલાકાત આપી સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. સંધ્યા આરતી અર્પણ કરી મંદિરજીમાં બિરાજી ધૂન-પ્રાર્થના કર્યાં. રાત્રિસભામાં પધારેલા ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૨ ઑગસ્ટ, શનિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. મંદિરજીમાં પધારેલ સલીમભાઈ અને પાટીદાર સમાજના આગેવાન સુરેશભાઈ કણસાગરાને આશીર્વાદ પાઠવ્યા.

**૩ ઑગસ્ટ, રવિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. જાણીતા ઉદ્યોગપતિ-દાનેશ્વરી વિજયભાઈ-સ્મિતાબહેન, ભીખુભાઈ-શશીબહેનને સપરિવાર સત્કારી આશીર્વાદ પાઠવ્યા.

**૪ ઑગસ્ટ, સોમવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. સાંજે અમરદાસ ગુરુદ્વારા સાઉથહૉલના બાબા અનહદરાજ સિંઘ અને સેવકોને સત્કાર્યા, પૂજન-સન્માન કર્યાં. સભામાં તેઓના આશીર્વાદનું શ્રવણ કર્યું. સભા બાદ બાબા અનહદરાજ સિંઘ સાથે ગોષ્ઠિ કરી. રાત્રે નવીનભાઈ, દિનેશભાઈ સંઘરાજકાના ઘરે પધરામણી કરી. ધૂન-પ્રાર્થના કરી, કીર્તન-ભક્તિનો લાભ અપાવી, પરિવારજનોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ આપ્યા.

**૫ ઑગસ્ટ, મંગળવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. પ્રખ્યાત શિવકથાકાર પૂ. ગિરિબાપુનાં સ્વાગત-સન્માન કરી, સભામાં ગોષ્ઠિ કરી. દશાબ્દી મહોત્સવ નિમિત્તે સેવા કરતા સંતો-ભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી સૌને પ્રસાદ આપ્યો.

**૬ ઑગસ્ટ, બુધવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. પ્રદીપભાઈ ધામેચાના આમંત્રણને માન આપી ‘રઘુવંશી કૉમ્યુનિટી હૉલ’માં સભામાં પધારી સમાજના વરિષ્ઠ સભ્યોને દશાબ્દી મહોત્સવ પ્રસંગે પધારવા આમંત્રણ આપ્યું તથા ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. સૌ વતી ચૅરમૅનશ્રીને ત્યાંના મંદિરજીમાં પધરાવવા શ્રી ઠાકોરજીની મૂર્તિ અર્પણ કરી અભિવાદન કર્યાં.

**૭ ઑગસ્ટ, ગુરુવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. E.N.T. સ્પેશ્યાલિસ્ટ ડૉ. ધીલોનની ક્લિનિક પર ચૅકઅપ માટે પધાર્યા. સાંજે તુષારભાઈ મોરજરિયાને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. ત્યારબાદ બ્ર.સ્વ. પ.પૂ. કાકાજી મહારાજના સ્મૃતિદિન નિમિત્તે યોજેલ કીર્તનસંધ્યામાં પધારી ચિરાગભાઈ, અમિતભાઈ, દીપ્તિબહેન અને ટીમ દ્વારા અર્પણ થયેલ અદ્‌ભુત કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. દશાબ્દી મહોત્સવ પ્રસંગે વિદેશથી પધારેલા ભક્તોનાં સ્વાગત કરી આશીર્વાદ આપ્યા.

**૮ ઑગસ્ટ, શુક્રવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. અમેરિકાથી સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતો પધાર્યા, તેઓનાં સ્વાગત કરી આશીર્વાદ આપ્યા. જાણીતા બિલ્ડર્સ શ્રી શશીભાઈ વેકરિયાને દર્શન-આશીર્વાદ-ગોષ્ઠિનો લાભ આપ્યો. રાજશ્રીબહેન (દુબઈ)નાં સ્વાગત કરી આશીર્વાદ આપ્યા. રાત્રિસભામાં પધારેલા ભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો.

**૯ ઑગસ્ટ, શનિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. ઈન્ટરનેશનલ યૂથ કન્વેન્શનમાં સૌ યુવક-યુવતીઓ દ્વારા અર્પણ થયેલ વિશિષ્ટ સ્વાગતભાવનો સ્વીકાર કર્યો. વડીલ સંતો-યુવકો સાથે દીપપ્રાગટ્ય કરી ઈન્ટરનેશનલ યૂથ કન્વેન્શનનો પ્રારંભ કરાવ્યો. પ્રથમ સત્રમાં પધારેલ સૌને આશીર્વાદ આપ્યા. સત્રના અંતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી, ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને રક્ષા બાંધી. દ્વિતીય સત્રમાં યોજાયેલ પોડકાસ્ટમાં પધારી આશીર્વાદ આપ્યા. રાત્રે તૃતીય સત્રમાં લાભ લઈ આશીર્વાદ આપ્યા.

**૧૦ ઑગસ્ટ, રવિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. ઈન્ટરનેશનલ યૂથ કન્વેન્શનના દ્વિતીય દિવસે વિવિધ સત્રોમાં પધારી આશીર્વાદ આપ્યા. પૂર્ણાહુતિ સભામાં સૌ યુવકોના અનુભવ-પ્રસંગોને સાંભળ્યા અને સૌને આશીર્વાદ આપ્યા.

**૧૧ ઑગસ્ટ, સોમવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. સેવા કરતા સૌ સેવકોને પ્રસાદ આપી, પ્રસન્નતા વરસાવી. સાંજે સતીશભાઈ-હંસાબહેન દ્વારા આયોજિત કીર્તન આરાધનામાં પધારી ચિરાગભાઈ અને સૌ ગાયકો દ્વારા ગવાયેલ કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો.

**૧૨ ઑગસ્ટ, મંગળવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. સેવા કરતા સૌ સેવકોને પ્રસાદ આપી આશીર્વાદ પાઠવ્યા. મંદિરજીમાં સંતોની મીટિંગમાં ગોષ્ઠિનો લાભ આપ્યો. પ્રવીણભાઈ (ડૉ. જિતુભાઈના મિત્ર)ના ઘરે સંતો-ભક્તો સાથે પધરામણી કરી, ધૂન-આરતી-પ્રાર્થના કરી પરિવારજનોને આશીર્વાદ આપ્યા.

**૧૩ ઑગસ્ટ, બુધવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. યુ.એસ.એ., કૅનેડા, યુ.કે., ઑસ્ટ્રેલિયા અને ભારતના યુવાનો સાથે ગોષ્ઠિ કરી જીવન જીવવાનું માર્ગદર્શન આપી આશીર્વાદ આપ્યા. સાંજે મંદિરજી દશાબ્દી મહોત્સવના ઉદ્‌ઘાટનના પ્રારંભે કલાત્મક રથમાં બિરાજમાન થઈ, સંતો-ભક્તોના સ્વાગતના ભાવનો સ્વીકાર કરી, સૌને દર્શનનું સુખ આપ્યું. સભા પ્રારંભે અનુપમ મિશનનાં દેશ-વિદેશનાં કેન્દ્રોના પ્રમુખો સાથે પ્રદીપભાઈ ધામેચા અને મંચસ્થ મહાનુભાવો, સંતો-યુવાનોએ દીપપ્રાગટ્ય કર્યું. ત્યારબાદ ઈંગ્લૅન્ડના મહંતશ્રી સાધુ પૂ. હિંમત સ્વામીજીએ મંદિરજી દશાબ્દી મહોત્સવને વિધિવત્ ખુલ્લો મૂક્યો. મહોત્સવમાં પધારેલા સૌ મહેમાનો અને ભક્તોને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ વેચાણ કેન્દ્રનું લોકાર્પણ કરી ત્યાં સેવા આપતા સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ આપ્યા. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી કાર્યક્રમમાં ભાગ લેનારાં દીકરા-દીકરીઓની ભક્તિસભર કલાને બિરદાવી આશીર્વાદ આપ્યા.

**૧૪ ઑગસ્ટ, ગુરુવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. મંદિરજી દશાબ્દી મહોત્સવમાં પધારેલ સ્વામિનારાયણ મંદિર (કુમકુમ મણિનગર)ના સંતો શાસ્ત્રી પૂ. હરિકૃષ્ણસ્વરૂપદાસજી સ્વામી, પૂ. પ્રેમવત્સલદાસજી સ્વામીનાં મંદિરજીમાં સ્વાગત-પૂજન કર્યાં. સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા. સભા બાદ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરી, પ્રદર્શન નિહાળી સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા.

**૧૫ ઑગસ્ટ, શુક્રવાર...** સવારે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. ત્યારબાદ મંદિરજી દશાબ્દી મહોત્સવ મહાયજ્ઞમાં પધારી ૪૫૦ જેટલા યજમાન ભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં. યજ્ઞના અંતે મુખ્ય વેદીમાં પૂર્ણાહુતિનું શ્રીફળ હોમી સૌનાં સર્વાંગી સુખદ જીવન માટે પ્રાર્થના-સંકલ્પ કર્યાં. સાંજે ભારતના સ્વાતંત્ર્યદિન નિમિત્તે યોજાયેલ સભામાં શ્રી રામદાસ આઠવલેજી (સામાજિક ન્યાય અને સશક્તિકરણ રાજ્યમંત્રીશ્રી)ને સત્કાર્યા. દેશભક્તિનાં ગીતો માણી સૌને ભારતના સ્વાતંત્ર્યદિન પ્રસંગે અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. મંદિરજીના પ્રાંગણમાં ઈંગ્લૅન્ડ તથા ભારતના ધ્વજ લહેરાવી વંદન સાથે રાષ્ટ્રગીતનાં શ્રવણ કર્યાં. રાત્રે કીર્તન-આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો.

**૧૬ ઑગસ્ટ, શનિવાર...** શ્રી મંદિરજીની દશમી પાટોત્સવવિધિમાં પધાર્યા. શ્રી ઠાકોરજી મહારાજનાં પૂજન કરી, પાટોત્સવવિધિ સંપન્ન કરી. યજમાનપદે બેઠેલા સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા. શ્રી ઠાકોરજી મહારાજને અન્નકૂટ થાળ-આરતી અર્પણ કર્યાં. પાટોત્સવ પર્વ નિમિત્તે ઉત્સવસભામાં પધારેલ વિશેષ મહાનુભાવોનાં સન્માન કર્યાં તેમજ ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'ગુરુઆજ્ઞા મહિમાપર્વ'ની સભામાં પધારી આશીર્વાદ આપ્યા. 'અનુપમ રોનક ધ્યાનમંડપ'ના ઉદ્‌ઘાટન પ્રસંગે પધારી ત્યાં પધરાવેલ શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓનાં પૂજન કરી વિજયભાઈ-દર્શનાબહેન અને પરિવારજનોને આશીર્વાદ આપ્યા. રાત્રે જન્માષ્ટમી-શ્રી કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે યોજાયેલ કીર્તન-ભક્તિનો લાભ લીધો.

**૧૭ ઑગસ્ટ, રવિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. સવારે સાધુ પૂ. હિંમત સ્વામીજીના પ્રાગટ્યદિનની સભામાં પધારી તેઓનાં જીવન અને કાર્યો દર્શાવતી વિડીયો ક્લિપ નિહાળી. ત્યારબાદ તેઓનાં જીવન-માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી. દશાબ્દી મહોત્સવની પૂર્ણાહુતિ સભામાં આશીર્વાદ પાઠવ્યા તથા સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૧૮ ઑગસ્ટ, સોમવાર...** વિદેશ પરત પધારતા ભક્તોને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં.

**૧૯ ઑગસ્ટ, મંગળવાર...** સવારે મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, ઑસ્ટ્રેલિયા મંડળના ભક્તોને વિદાયવેળાએ આશીર્વાદ આપ્યા. રાત્રિસભામાં ભારત પરત પધારતા સાધુ પૂ. રાજુદાસજી, પૂ. રમેશદાસજી-દયાળુ, પૂ. સંદીપદાસજી અને યુ.એસ.એ. પધારતા સાધુ પૂ. જયેશદાસજી, પૂ. પીટરદાસજી, પૂ અશોકદાસજી-બાબુ અને યુવકોને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં.

**૨૦ ઑગસ્ટ, બુધવાર...** સવારે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કરી, કીર્તન-ભક્તિનો લાભ લીધો. સ્વદેશ પરત પધારતા સૌ ભક્તોને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. રાત્રિસભામાં પધારી દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૨૧ ઑગસ્ટ, ગુરુવાર...** સવારે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કરી કીર્તન-ભકિતનો આનંદ માણ્યો. રાત્રિસભામાં પધારી સૌને બ્રહ્માનંદ કરાવ્યો અને સ્વદેશ પરત પધારતા સૌ ભક્તોને વિદાય આપી આશીર્વાદ પાઠવ્યા.

**૨૨ ઑગસ્ટ, શુક્રવાર...** સવારે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કરી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો. સાંજે સતીશભાઈ ચતવાણીની હૉટલ પર સૌ સંતો-ભક્તોને લઈ પધરામણી કરી બ્રહ્માનંદ કરાવ્યો અને આશીર્વાદ પાઠવ્યા.

**૨૩ ઑગસ્ટ, શનિવાર...** સવારે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. વિનુભાઈ નકારજાના જન્મદિવસ નિમિત્તે આશીર્વાદ પાઠવ્યા. મુંબઈથી પધારેલ બેચરભાઈ અને મિત્રમંડળને સત્કારી, ગોષ્ઠિ-આશીર્વાદનો લાભ આપ્યો. સાંજે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્મૃતિદિન નિમિત્તે યોજેલ કીર્તન-આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. કીર્તન-આરાધનામાં અનુપમ સૂરવૃંદના અક્ષરમુક્તોની સાથે માયાબહેન પંચાલ, અમિતભાઈ ઠક્કર, દીપ્તિબહેન દેસાઈ આદિ દિગ્ગજ કલાકારોએ સેવા અર્પણ કરી.

**૨૪ ઑગસ્ટ, રવિવાર...** સવારે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. સૌની વિદાય લઈ લંડનથી ટ્રેનમાં ફ્રાન્સ પધાર્યા ત્યારે સ્ટૅશન ઉપર બકુલભાઈ-રીનાબહેન અને પરિવારે ભાવથી સ્વાગત કર્યાં. સાંજે યુરોપયાત્રામાં ત્રણ બસમાં પધારેલ ભક્તોનાં સ્વાગત કર્યાં. સ્વાગતસભામાં ટૂર ઑપરેટર અને સહાયકોનાં અભિવાદન કર્યાં. પૅરિસના ભક્તો-મહેમાનોને આશીર્વાદ આપી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૫ ઑગસ્ટ, સોમવાર...** યુરોપયાત્રાના છેલ્લા દિવસે સંતો-ભક્તોને યુ.કે. જવા વિદાય આપી. પૅરિસમાં જાસ્મિનભાઈ રતનપરાના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના-ગોષ્ઠિ કરી આશીર્વાદ આપ્યા. બકુલભાઈના ઘરે અને હૉટલમાં પધરામણી કરી પરિવારજનોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ આપ્યા.

**૨૬ ઑગસ્ટ, મંગળવાર...** બકુલભાઈની બીજી હૉટલ પર પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કર્યાં. સંતો-ભક્તોને લઈ આઈફિલ ટાવર પધાર્યા. ત્યાંથી પૅરિસ રૅલવે સ્ટૅશન પધાર્યા. ત્યાં બકુલભાઈના પરિવાર સાથે દિશાબહેન, સુરભીબહેન આદિ મુક્તોને આશીર્વાદ આપી ટ્રૅનમાં લંડન જવા માટે પ્રસ્થાન કર્યું. લંડન સ્ટૅશને સતીશભાઈ ને મુક્તોએ સત્કાર્યા. સ્ટૅશનથી બ્રહ્મજ્યોતિ પધાર્યા, ત્યાં સંતો-ભક્તોના સ્વાગતના ભાવ ઝીલી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૭ ઑગસ્ટ, બુધવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના પ્રાગટ્યદિન નિમિત્તે સંતો સાથે ગોષ્ઠિ કરી આશીર્વાદ આપ્યા. ભારત પરત પધારતા સંતો-ભક્તોને વિદાયની શુભેચ્છાઓ અને આશીર્વાદ આપ્યાં. સાંજે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના પ્રાગટ્યદિન નિમિત્તે યોજેલ સભામાં પધારી સૌ સંતો-ભક્તોએ મહિમાગાન કર્યાં તેનાં શ્રવણ કરી આશીર્વાદ આપ્યા.

**૨૮ ઑગસ્ટ, ગુરુવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. ભારત, અમૅરિકા, કૅનેડા આદિ દેશોમાં પરત પધારતા ભક્તોનાં પૂજન કરી વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં.

**૨૯ ઑગસ્ટ, શુક્રવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. રાત્રિસભામાં વડીલ સાધુ પૂ. દિલીપદાસજીના ૭૫મા પ્રાગટ્યદિનની ઊજવણી કરી, ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન-સમાગમ-આશીર્વાદનું સુખ આપ્યું.

**૩૦ ઑગસ્ટ, શનિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કર્યાં. ભારત પરત પધારતા ભક્તોનાં પૂજન કરી વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. યુવાનોના રિ-યુનિયન સભામાં પધારી સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૩૧ ઑગસ્ટ, રવિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કર્યાં. ભારત પરત પધારતા ભક્તોનાં પૂજન કરી, વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. સાંજે રવિવારની અઠવાડિક સત્સંગસભામાં પધારી સૌને સત્સંગનો અદ્‌ભુત લાભ આપ્યો. અનુપમ સ્વજન અશ્વિનભાઈ પોપટ-ભાનુબહેનના ઘરે સૌ સંતો-મુક્તો સાથે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી તથા પરિવારજનો સાથે ગોષ્ઠિ કરી બ્રહ્માનંદ કરાવ્યો. ◆

## 'થ્રેડ્સ ઑફ લવ એન્ડ ફ્લૂટ્સ ઑફ જૉય' કૅમ્પ

કૅલિફૉર્નિયા-અમૅરિકાના ફ્રિમૉન્ટ ખાતે ઑગસ્ટ માસનો હૅપ્પી હાર્ટ્સ કૅમ્પ રક્ષાબંધન અને જન્માષ્ટમી પર્વને અનુસંધાને ''થ્રેડ્સ ઑફ લવ એન્ડ ફ્લૂટ્સ ઑફ જૉય' થીમ પર યોજાયો. શરૂઆત પ્રાર્થનાથી થઈ અને પછી બાળકોએ ભગવાન શ્રી કૃષ્ણ જન્મકથા, શ્રી કૃષ્ણ-સુદામાની મિત્રતા અંગે રસપ્રદ વાર્તાઓ સાંભળી બોધ મેળવ્યો. તેમજ બાળકોએ અનેક પ્રકારની સર્જનાત્મક રાખડીઓ જાતે જ બનાવી આનંદ કર્યો. અંતે પારંપરિક 'મટકી ફોડ' અને 'માખણ ચોરી'ની સૌએ મોજ માણી. અમૅરિકામાં ઊછરતી પેઢીમાં ભારતીય સંસ્કૃતિનાં સંસ્કારબીજ વવાય અને સાંસ્કૃતિક પરંપરાઓનાં ગૌરવને જાણે તે હેતુથી યોજાતા આવા કૅમ્પ દ્વારા અદ્‌ભુત કાર્ય કરનાર સૌ સેવકોને સાહેબજીએ બિરદાવ્યા. ◆

## કૅનેડા મંદિરનો દ્વિતિય પાટોત્સવ

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. જયેશદાસજી, પૂ. પરેશદાસજી અને પૂ. રવિદાસજીની પુણ્યવંતી ઉપસ્થિતિમાં કૅનેડાના ટોરન્ટો સ્થિત અનુપમ મિશનનાં મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજ અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓનો દ્વિતિય પાટોત્સવ ૫ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ સંપન્ન થયો. સંતોનાં માર્ગદર્શને યુવાનો દ્વારા પાટોત્સવ પૂજાવિધિ કરાવાઈ. સંતોએ પાટોત્સવ પૂજન કર્યાં તથા મોટી સંખ્યામાં યજમાન ભક્તોએ શ્રદ્ધાપૂર્વક પૂજનવિધિ કરી. માહાત્મ્યદર્શનસભામાં ભક્તોએ પ્રભુપ્રત્યેના ભક્તિભાવને વર્ણવ્યો તેમજ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આશીર્વાદ વરસાવ્યા. ◆

## ભારત સ્વતંત્રતા પર્વ

*** પ્રજ્ઞાનતીર્થ, મોગરી :** સંતભગવંત સાહેબજીની દિવ્ય પ્રેરણાથી સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા, પૂ. હર્ષદદાદાની પાવન નિશ્રામાં અનુપમ મિશન સંચાલિત મોગરી સ્થિત યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓ 'આનંદ બાલવાડી', 'મિત્ર પુનર્વસન કેન્દ્ર', 'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય', 'ઈન્ફર્મેશન ટૅકનોલૉજી સૅન્ટર', 'અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ' અને 'સહજાનંદ કલાસાધના તીર્થ' દ્વારા પ્રજ્ઞાનતીર્થ-સર્વાંગી શિક્ષણ સંસ્થાન ખાતે ભારતનો ૭૯મો સ્વતંત્રતા પર્વ શાનદાર રીતે ઊજવવામાં આવ્યો.

અનુપમ મિશનના વ્રતધારી સંતો, અતિથિવિશેષશ્રી વૈદ્યરાજ પૂ. રુદ્રાંશજી મહારાજ, વિવિધ વિદ્યાસંસ્થાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં મુખ્ય અતિથિશ્રી શૈલેશભાઈ પટેલ ('કમ્ફી ફર્નિચર', વલ્લભવિદ્યાનગર) દ્વારા તિરંગાને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવ્યો ત્યારે સૌએ રાષ્ટ્રગીતનાં ગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી. ચરોતરના સમાજસેવક અને ઉદ્યોગસાહસિક શ્રી શૈલેશભાઈએ સૌને સ્વતંત્રતા પર્વની શુભકામનાઓ પાઠવી દેશભક્તિનો માર્મિક સંદેશ આપ્યો. વૈદ્યરાજ પૂ. રુદ્રાંશજી મહારાજે પ્રસંગોચિત વક્તવ્ય દ્વારા આંતરિક શક્તિઓ ખીલવી આંતર-બાહ્ય દૂષણોથી આઝાદ થવાની સુંદર સમજ આપી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. રતિકાકાએ પ્રાસંગિક આશીર્વાદ વરસાવી દેશના વિકાસમાં સહભાગી બનવા પ્રેરણા પૂરી પાડી.

'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય'ના સૂરવૃંદે 'વંદે માતરમ્' ગાન કરી રાષ્ટ્રવંદના ધરી. ધોરણ ૬ની વિદ્યાર્થિની મિષ્ટી ઝાલાએ રાષ્ટ્રભક્તિસભર ચોટદાર



સંતોનાં સાંનિધ્યે અનુપમ મિશન કૅનેડાના મંદિરજીનો દ્વિતીય પાટોત્સવ



પ્રજ્ઞાનતીર્થ-મોગરી ખાતે સ્વતંત્રતા પર્વની ઉજવણી

પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું તેમજ ધોરણ ૪-૫ના વિદ્યાર્થીઓ દ્વારા 'ભારત પ્યારા દેશ હમારા' અદ્‌ભુત રાષ્ટ્રગૌરવ ગીતગાન પ્રસ્તુત કરવામાં આવ્યું. આ ખાસ અવસર પર ધોરણ ૩-૫ના વિદ્યાર્થીઓએ પ્રસ્તુત કરેલ 'લહરા કે ઝૂમે તિરંગા' અને 'મિત્ર' શાળાનાં દિવ્યાંગ ભૂલકાંઓની અનન્ય રજૂઆત 'હમ રાહી હૈ, હમ સાથી હૈ, હમ વીર સિપાહી હૈ' પ્રાસંગિક નૃત્યસંયોજન નિહાળી સૌ પ્રશંસામુગ્ધ થઈ ગયાં. ધોરણ ૭ની વિદ્યાર્થિનીઓ સ્વરા પંચાલ તેમજ રાહી ગઢવીએ સુંદર સભાસંચાલન કર્યું. આ પ્રસંગે અતિથિશ્રીઓ અને મહેમાનોનું સ્મૃતિચિહ્ન અર્પી સદ્‌ગુરુ પૂ. રતિકાકાએ અભિવાદન કર્યું. 'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય' પ્રાથમિક વિભાગનાં આચાર્યા શ્રીમતી ઊર્જાબહેન પટેલે કાર્યક્રમની સફળતામાં સહભાગી સૌ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી. ◆

*** શારદા મંદિર, નડિયાદ :** અનુપમ મિશન સંલગ્ન નડીઆદ વિદ્યોત્તેજક મંડળ સંચાલિત 'શારદા મંદિર: અનિતાબહેન દેવાંગભાઈ પટેલ (ઇપ્કોવાળા) ડે સ્કૂલ,' નડીઆદ ખાતે ભારતના ૭૯મા સ્વાતંત્ર્યદિનની ભવ્ય ઉજવણી મુખ્ય અતિથિ ડૉ. જિજ્ઞેશભાઈ પુરોહિત (ચાઇલ્ડ સ્પેશિયાલિસ્ટ, સદ્‌ગુરુ ચિલ્ડ્રન હૉસ્પિટલ, નડીઆદ) તથા સમારંભ પ્રમુખ સાધુ પૂ. સુનીલદાસજીની ઉપસ્થિતિમાં કરવામાં આવી. કાર્યક્રમનો શુભારંભ ધોરણ ૧થી ૫ના વિદ્યાર્થીઓએ પ્રાસંગિક નૃત્યસંયોજન 'તીસ લાખ સૈનિક કે પીછે' દ્વારા સૌને રોમાંચિત કર્યાં.

ડૉ. જિજ્ઞેશભાઈ પુરોહિતના વરદ હસ્તે રાષ્ટ્રગીતનાં ગાન સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું. શાળામાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને જ અગ્રિમતા આપવામાં આવે છે જે સંદર્ભે જુદી જુદી સ્પર્ધાઓ અંતર્ગત વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરાયા. ડૉ. જિજ્ઞેશભાઈએ પ્રાસંગિક પ્રતિભાવ આપી સ્વદેશી અપનાવી આર્થિક વિકાસ થકી દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ દેશદાઝભર્યાં પ્રાસંગિક ઉદ્‌બોધન કરનાર ધોરણ ૮નાં વિદ્યાર્થિની શ્રેયા પટેલ તથા ધોરણ ૯નાં તૃષ્ટિ શાહે સૌમાં રાષ્ટ્રપ્રેમ છલકાવી દીધો. ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા 'ભીડેલાં સૌ દ્વાર ઉઘાડો'નું સુંદર સમૂહગાન પ્રસ્તુત કરવામાં આવ્યું.

ઉપસ્થિત મહેમાનશ્રીને આચાર્યા પૂ. સરોજબહેન દ્વારા શુભકામનાઓ સાથે સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી. સાધુ પૂ. સુનીલદાસજીએ ભારતના ૭૯મા સ્વાતંત્ર્યદિનનો શુભેચ્છાસંદેશ આપી પુસ્તકોમાં સરકારશ્રી દ્વારા પ્રકાશિત નાગરિકોની પ્રતિજ્ઞાનું પાલન કરવા પ્રેરણા આપી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધોરણ ૧૧નાં પ્રીતિ શર્મા તથા સહઉદ્‌ઘોષક તરીકે ધોરણ ૯ના હર્ષિલ પ્રજાપતિએ કર્યું. ◆

*** ઉપાસના ધામ, અમદાવાદ :** ૧૫ ઑગસ્ટ ૨૦૨૫ના રોજ ભારતના ૭૯મા સ્વાતંત્ર્યદિનની ભવ્ય ઉજવણી ઉપાસના ધામ, અમદાવાદ ખાતે અપાર દેશભક્તિ સાથે કરવામાં આવી. યુવાનો દ્વારા દેશભક્તિની વિશિષ્ટ થીમ આધારિત સુશોભન કરવામાં આવ્યું. સાધુ પૂ. જગદીશદાસજીએ ધ્વજ ફરકાવ્યો. ધ્વજવંદન કાર્યક્રમનું સંચાલન યુવા સ્વયંસેવક એન.સી.સી. કૅડેટ અભિલાષ સથવારાએ કર્યું. યુવાનેતા ઘનશ્યામભાઈ પાઠકે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું અને સભાસંચાલન પરિતોષભાઈએ સંભાળ્યું. સંતો પૂ. સતીશદાસજી, પૂ. ઉત્પલદાસજી તથા પૂ. ચંદ્રેશદાસજી અને નરસીદાદા ઉપરાંત અનેક વડીલો અને યુવાન ભાઈઓ-બહેનો, બાળકો સહિત ખૂબ મોટી સંખ્યામાં ભકતોએ ધ્વજવંદન કાર્યક્રમમાં હાજર રહી દેશભક્તિ અદા કરી. ◆

*** યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી :** ભારતના ૭૯મા સ્વતંત્રતા પર્વની ઉજવણી સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણદાદાના દિવ્ય સાંનિધ્યમાં



શારદા મંદિર, નડિયાદ ખાતે સ્વતંત્રતા પર્વ



યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી ખાતે સ્વાતંત્ર્યદિનની ઉજવણી

યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારીના પ્રાંગણમાં કરવામાં આવી. યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારીના આચાર્યશ્રી ડૉ. આર. કે. દવેસાહેબ દ્વારા ધ્વજ ફરકાવી ધ્વજને સલામી આપી રાષ્ટ્રગીતનાં ગાન કરવામાં આવ્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અરુણદાદાએ આશીર્વાદ પાઠવી સૌને કૃતાર્થ કર્યા. ડૉ. દવેસાહબે પ્રેરક પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થિનીઓને દેશભક્તિની સુંદર સમજ આપી. કાર્યક્રમનું સંચાલન પ્રૉ. ભાવેશ ઉનડકટ દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થી બહેનોએ હાજર રહી દેશભક્તિ અદા કરી. ◆

## જન્માષ્ટમી ઉત્સવ

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** ભગવાન શ્રી કૃષ્ણ પ્રાગટ્યોત્સવ-જન્માષ્ટમીની ભક્તિભરી ઉજવણી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા, પૂ. હર્ષદદાદાની પુનિત નિશ્રામાં ૧૬ ઑગસ્ટ ૨૦૨૫ના રોજ કરવામાં આવી. આ પ્રસંગે ભચાઉથી પધારેલ ગવ્યસિદ્ધ યોગાચાર્ય વૈદ્યરાજ શ્રી રુદ્રાંશજી મહારાજ પણ ઉપસ્થિતિ રહ્યા. અનુપમ સૂરવૃંદના સેવકો અને 'સહજાનંદ કલાસાધના તીર્થ'ના કલાસાધકોએ અદ્‌ભુત કીર્તનોની રમઝટ બોલાવી. શ્રી રુદ્રાંશજી મહારાજે શ્રી કૃષ્ણ માહાત્મ્યને વર્ણવી પ્રાસંગિક ઉપદેશ આપ્યો. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવી ભગવાનના પ્રગટ સ્વરૂપ એવા ગુરુહરિ સાહેબજીમાં નિર્દોષભાવ રાખી તેઓની સાથે જીવની પ્રીતિ કરી, આત્માનું કલ્યાણ કરી લેવાની સમજ આપી. શ્રી કૃષ્ણ પ્રાગટ્યની આરતી અર્પણ કરી, પંચાજીરીના પ્રસાદનો સૌએ આનંદ માણ્યો. આ પ્રસંગે આણંદ, વલ્લભવિદ્યાનગર, મોગરી, કરમસદ આદિ મંડળોના ભક્તોએ હાજર રહી ઉજવણીની ધન્યતા અનુભવી. ◆

*** માણાવદર :** શ્રાવણ માસ અને જન્માષ્ટમી ઉત્સવના પાવન પ્રસંગે માણાવદર મંદિરે શ્રાવણ માસની પારાયણ, સમૂહ મહાપૂજા અને શ્રી કૃષ્ણ જન્મોત્સવનું ત્રિદિવસીય આયોજન ૧૪થી ૧૬ ઑગસ્ટ ૨૦૨૫ દરમિયાન કરવામાં આવ્યું. પ્રથમ દિવસે સાધુ પૂ. હરેશદાસજીએ 'વચનામૃત'નું નિરૂપણ કરીને શ્રીજી મહારાજના સમયના માણાવદરના સંતો-ભક્તોના ભક્તિસભર પ્રસંગો તથા 'સ્વામીની વાતો' સમજાવી અદ્‌ભુત લાભ આપ્યો. સાધુ પૂ. અશોકદાસજીએ ભગતજી મહારાજ અને જાગા સ્વામીના મહિમાના પ્રસંગો વર્ણવ્યા તેમજ સાધુ પૂ. ભરતદાસજીએ સંતભગવંત સાહેબજીનો રાજીપો પ્રાપ્ત થાય તેવી ભક્તિ કરવા અંગે સમજ આપી. બીજા અને ત્રીજા દિવસે રાજકોટથી પધારેલ અક્ષરમુક્ત ડૉ. મુકુંદભાઈ સરવૈયાએ પારાયણનો લાભ આપ્યો અને વચનામૃત 'ગઢડા પ્રથમ ૭૮-જીવનદોરીનું' તથા 'વંદું...'ના પદનાં ગાન કરી, તેની સમજ આપી. હરિધામ, સોખડાથી પધારેલ પૂ. હરિપ્રકાશદાસ સ્વામીએ બીજા દિવસની રાતની સભામાં આશીર્વાદ પાઠવ્યા. ૧૬ ઑગસ્ટે સાંજે શ્રાવણ માસની સમૂહ મહાપૂજા સંપન્ન થઈ અને રાત્રે શ્રી કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ભજનો ગાઈ આનંદ ને ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી. મોટી સંખ્યામાં ભક્તોએ આ આધ્યાત્મિક આનંદનો લાભ લીધો. ◆

*** ઉપાસના ધામ, સુરત :** ૧૬ ઑગસ્ટના રોજ સુરત સ્થિત ઉપાસના ધામ મંદિરે ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવની ઉજવણી ભક્તિભાવે કરવામાં આવી. આ પ્રસંગે અનુપમ મિશન, મોગરીથી સાધુ પૂ. ભરતદાસજી પંડ્યા, પૂ. દિવ્યેશદાસજી, પૂ. મૂકેશદાસજી અને પૂ. સરજુદાસજીએ પધારીને ભક્તોને લાભ આપ્યો. સુરત યુવતીમંડળ દ્વારા ભગવાન શ્રી કૃષ્ણ પ્રતિની ભક્તિરૂપી કીર્તન આરાધના અર્પણ કરવામાં



તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં જન્માષ્ટમી પર્વની ભક્તિભાવે ઉજવણી



માણાવદર મંદિરે શ્રાવણી સમૂહ મહાપૂજા ને જન્માષ્ટમી ઉત્સવની ભક્તિભાવે ઉજવણી

આવી. ભાવિક અક્ષરમુક્ત ગીતાબહેન સુહાગિયાએ પણ અદ્‌ભુત ભજન ગાઈને ભક્તિ અદા કરી. રાત્રે ૧૨:૦૦ વાગ્યે અનંત ડોબરિયા બાલકૃષ્ણનું રૂપ ધારણ કરી, વાસુદેવ, યશોદા મૈયા, બહેન સુભદ્રા સ્વરૂપે પોતાનાં માતા-પિતા અને બહેન સાથે પધાર્યા અને સર્વત્ર આનંદ છવાઈ ગયો. બાલકૃષ્ણને સંતો-ભક્તો દ્વારા પારણે ઝુલાવવામાં આવ્યા. સંતોએ આ પ્રસંગે આશીર્વાદ વરસાવી મંડળના ભક્તોની ભક્તિને બિરદાવી. ત્યારબાદ આરતી અર્પણ કરવામાં આવી. બધા જ ભક્તો પંચાજીરીનો પ્રસાદ ગ્રહણ કરી વિસર્જિત થયા.

## સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા પ્રાગટ્યપર્વ

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** ૨૭ ઑગસ્ટ-સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના ૮૪મા પ્રાગટ્યદિનની ભક્તિસંપન્ન ઉજવણી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સદ્‌ગુરુ સંતોની દિવ્ય નિશ્રામાં અત્યંત ભક્તિભાવપૂર્વક કરવામાં આવી. વહેલી સવારે પૂ. શાંતિદાદાના સમાધિસ્થાને મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરી, તેઓની પુનિત સ્મૃતિમાં યોજાયેલ પ્રભાતફેરીમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા. સાંજે યોગીપ્રસાદના સભાહૉલમાં માહાત્મ્યદર્શન સભા યોજાઈ, જેના આરંભે સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા અને પૂ. હર્ષદદાદા એક કલાત્મક યંત્રચાલિત સુશોભિત કારમાં પૂ. શાંતિદાદાની મૂર્તિને બિરાજમાન કરીને મંચ સુધી દોરી લાવ્યા. આ અદ્‌ભુત સ્વાગતયાત્રા બાદ સાધુ પૂ. ઘનશ્યામદાસજી બિરલા, મનીષભાઈ, દિવ્યેશભાઈ ચપલા, ઉર્મિફોઈએ અદ્‌ભુત મહિમાગાન કરી સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા સાથેના પોતાના અનુભવો, તેઓ તરફથી મળેલ પ્રેમ અને તેઓની પ્રાર્થના દ્વારા થયેલ અદ્‌ભુત કાર્યોની હૃદયસ્પર્શી ઝાંખી કરાવી. પૂ. રતિકાકા અને પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યાં. આ પ્રસંગે



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં પૂ. શાંતિદાદા પ્રાગટ્યપર્વે પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન

આણંદ, વલ્લભવિદ્યાનગર, મોગરી, કરમસદ સહિત નડિયાદ, વડોદરા, વેમાર, અમદાવાદ, રાજકોટ આદિ મંડળના મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહીને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા પ્રત્યેનાં પ્રેમ અને ભક્તિને વ્યક્ત કર્યાં. ◆

*** ઉપાસના ધામ, સુરત :** ૭ ઑગસ્ટના રોજ સરદાર પટેલ સમાજની વાડી ખાતે સુરત પ્રદેશના ભક્તોએ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના ૮૪મા પ્રાગટ્યપર્વની ઉજવણી અને શ્રાવણ માસની સમૂહ મહાપૂજારૂપી ભક્તિ અદા કરી. આ પ્રસંગે અનુપમ મિશન, મોગરીથી સાધુ પૂ. ભરતદાસજી, પૂ. દિવ્યેશદાસજી, પૂ. મૂકેશદાસજી, પૂ. સરજુદાસજી ભક્તોને લાભ આપવા માટે પધાર્યા. મહાપૂજાના આરંભે ઋષિકન્યાઓનાં પૂજન તથા કંકણબંધન સંતો દ્વારા કરવામાં આવ્યાં. ત્યારબાદ આચાર્યપદે બિરાજમાન પૂ. સરજુદાસજીનાં માર્ગદર્શન મુજબ સ્થાનિક યુગલ યજમાનોએ સમૂહ મહાપૂજાનો લાભ લીધો.

સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા પ્રાગટ્યપર્વની સભામાં સાધુ પૂ. કાનજીદાસજી, પૂ. સરજુદાસજી અને પૂનમભાઈ શર્માએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં. પૂ. મૂકેશદાસજી અને પૂ. દિવ્યેશદાસજીએ આશીર્વાદ વરસાવી પૂ. શાંતિદાદાના માહાત્મ્યને વર્ણવી ગુરુઆજ્ઞા પાલન દ્વારા ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની સમજ આપી.

આ પ્રસંગે શ્રાવણ માસ દરમિયાન સુરત પ્રદેશના ભક્તોના ઘરે પધારી નિયમિત રીતે મહાપૂજા કરાવનાર એવાં મહેશભાઈ-નીતાબહેન દુધાત, રોહિતભાઈ-મીનાક્ષીબહેન દુધાત, પ્રફુલ્લભાઈ-હર્ષાબહેન વાડદોરિયા, મૌલિકભાઈ-શિલ્પાબહેન ડોબરિયાનાં સંતો દ્વારા પૂજન અને ખેસ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યાં. ◆

*** ઉપાસના ધામ, અમદાવાદ :** સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાનો ૮૪મો પ્રાગટ્યદિન ૩૧ ઑગસ્ટ, રવિવારના રોજ ઉપાસના ધામ, અમદાવાદ ખાતે સાધુ પૂ. પ્રિયકાન્તદાસજી, પૂ. સતીશદાસજી અને પૂ. ઉત્પલદાસજીનાં સાંનિધ્યે ભક્તિભાવે ઉજવાયો. સુશોભન ટીમે શ્રી ઠાકોરજીના ગર્ભગૃહ અને સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાના આસન અને મંદિરનાં સુંદર સુશોભન કર્યાં હતાં. સભા પ્રારંભે કીર્તનભક્તિ અદા થઈ, જેમાં પૂ. શાંતિદાદાને ગમતાં અને પૂ. શાંતિદાદા પર રચાયેલાં કીર્તનો ગવાયાં. બાળમંડળ દ્વારા ગુરુઆજ્ઞા મહિમા પર આધારિત નાટક પ્રસ્તુત થયું. ત્યારબાદ નેતિ વ્યાસ, ચંદનબહેન ઝાલાવાડિયા, ડૉ. પાર્થિવભાઈ મહેતા, ચુનીભાઈ અને ચેતનભાઈ વ્યાસે મહિમાગાન કર્યાં. સાધુ પૂ. સતીશદાસજીએ સૌને આશીર્વાદ આપ્યા. ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ

આ દિવ્ય ઉત્સવનો લાભ લીધો અને પૂ. શાંતિદાદા પ્રત્યેની ભક્તિના ભાવ વહાવ્યા. યુવાઓએ સઘળી સેવાઓ કરી અને માહાત્મ્યમાં તરબોળ બની ધન્યતા અનુભવી. ◆

## દક્ષિણ ભારતમાં સંતોનાં વિચરણ

દર વર્ષે શ્રાવણ માસ દરમિયાન સંતોની દક્ષિણ ભારતની યાત્રા યોજાય છે તે મુજબ આ વર્ષે ૧થી ૨૩ ઑગસ્ટ દરમિયાન સાધુ પૂ. પંકજદાસજી, પૂ. નિખિલદાસજી અને પૂ. કીર્તનદાસજી દક્ષિણ ભારતની યાત્રાએ પધાર્યા. આ યાત્રા દરમિયાન સંતોએ ચેન્નાઈ, હૈદરાબાદ, બૅન્ગ્લોર, સેલમ, કોઈમ્બતુર, કાલિકટ આદિ સ્થળોએ પધારી અનેક હરિભક્તોના ઘરે પધરામણી કરી, મહાપૂજા કરી. ઘણા સ્થાને સામૂહિક સભાઓ યોજી સંતોએ સત્સંગ-સમાગમનો લાભ આપ્યો. છેલ્લાં ૬૦થી વધુ વર્ષોથી સંતભગવંત સાહેબજીની કૃપાશિષ, સદ્‌ગુરુ સંતોની પ્રાર્થના અને સંતોના અથાક દાખડાને પરિણામે સૌ ભક્તોએ પોતાનાં જીવનમાં આધ્યાત્મિક પ્રગતિ કરી છે તેના દિવ્ય અનુભવ થયા, જેનો આત્મસંતોષ સૌ ભક્તોનાં હૈયે પણ છલકાતો હતો. સંતોએ પણ ભગવાનનાં કાર્યના વાહક બની સૌનાં જતન અને આધ્યાત્મિક વિકાસ અર્થે ખૂબ ભીડો વેઠ્યો. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના આશીર્વાદથી સંતોની આ દક્ષિણ ભારતની યાત્રા સર્વાંગે ફળદાયી સુફળ રહી. ◆

## ઉપાસના ધામ, પિયોરિયાનો પ્રથમ પાટોત્સવ

૨૭ ઑગસ્ટ ૨૦૨૫ના રોજ ઉપાસના ધામ, પિયોરિયા-યુ.એસ.એ.માં બિરાજમાન શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓનો પ્રથમ પાટોત્સવ, સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાનો ૮૪મો પ્રાગટ્યદિન અને ગણેશ ચતુર્થીનો મહામંગલકારી પર્વ - આ ત્રિવેણી પવિત્ર પ્રસંગોની અદ્‌ભુત ઉજવણી પિયોરિયા ખાતે સૌ ભક્તો દ્વારા કરવામાં આવી. આ પ્રસંગે સાધુ પૂ. કૌશિકદાસજી, પૂ. પીટરદાસજી, પૂ. અશોકદાસજી આદિ સંતો પધાર્યા. સંતો દ્વારા ખૂબ ભાવથી પાટોત્સવ પૂજન કરવામાં આવ્યાં. ભક્તોએ પણ પરમ ભક્તિભાવે યજમાનપદે બિરાજી પાટોત્સવવિધિનો લાભ લીધો.

આ પાવન પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ ફોન દ્વારા આશીર્વચન પાઠવી અનુપમ પ્રેરણા આપી. સંતભગવંત સાહેબજીએ પાટોત્સવ પ્રસંગના આશીર્વાદ ફોન દ્વારા પાઠવ્યા અને સૌ સેવક ભક્તો તન, મન અને ધનથી સુખી થાય તેવી પ્રાર્થનાઓ શ્રી પ્રભુચરણે અને શ્રી ગુરુચરણે ધરી. વિશેષ તો મંદિરના પુજારી સેવક બિમલભાઈ શેઠ અને પરિવારજનોની ભક્તિને બિરદાવી.

સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા પ્રાગટ્યપર્વ નિમિત્તે સાધુ પૂ. અશોકદાસજીએ હૃદયસ્પર્શી મહિમા ગાયો. સાધુ પૂ. પીટરદાસજી અને પૂ. કૌશિકદાસજીએ પ્રાસંગિક આશીર્વાદ વરસાવી સૌને પ્રભુભક્તિ અને ગુરુશક્તિનાં માહાત્મ્યની સુંદર પ્રેરણા આપી. ઉપસ્થિત સૌ ભક્તોએ સંતોનાં સાંનિધ્ય તથા ભક્તિનાં પરમ આનંદ, શાંતિ અને સુખ અનુભવ્યાં. ◆

## જળઝીલણી ઉત્સવ

**ઉપાસના ધામ, વેમાર :** ૩ સપ્ટેમ્બર ૨૦૨૫, બુધવારે ઉપાસના ધામ, વેમાર મુકામે ભારતીય સંસ્કૃતિમાં જેનું ખૂબ જ મહત્ત્વ છે તે જળઝીલણી એકાદશીના ઉત્સવનું વડોદરા, વેમાર અને અંકલેશ્વર મંડળના ભક્તો દ્વારા આ ઉત્સવનું અદ્‌ભુત આયોજન કરી ઊજવવામાં આવ્યો. ઉત્સવની થીમ હતી-'સંત સાથે દૃઢ પ્રીતિ !' તેમજ આ દિવ્ય



સંતોની દક્ષિણ ભારતની યાત્રા દરમિયાન સત્સંગસભા અને મહાપૂજા



પિયોરિયા-યુ.એસ.એ. મંદિરજી મૂર્તિઓનો પ્રથમ પાટોત્સવ

અવસરે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિદાદાનો ૮૬મો અને વડીલ સાધુ પૂ. દિલીપદાદાનો અમૃત પ્રાગટ્યોત્સવ પણ ઊજવાયો. વિશેષ, વડોદરા મંડળના નિષ્ઠાવાન ભક્તરાજ જે. કે. પટેલનું અમૃતપર્વ પણ ઊજવાયું. આ પ્રસંગે અનુપમ મિશન, મોગરીથી સંતો પધાર્યા અને ચરોતર, અમદાવાદ, દક્ષિણ ગુજરાત પ્રદેશમાંથી મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા. સંતોનાં પ્રાગટ્યપર્વ નિમિત્તે ભક્તો દ્વારા બનાવાયેલ વિશિષ્ટ કલાત્મક હાર તેઓને અર્પણ કરાયા.

આ ઉજવણીમાં વડોદરાના મેહુલભાઈ, શંકરકાકા, મનુભાઈ, કૌશલભાઈ, અવાખલનાં રક્ષાબહેન, રોહનભાઈ (અંકલેશ્વર) આદિએ મહિમાગાન કર્યાં. વળી, જ્ઞાનગોષ્ઠિ રૂપે સંવાદ યોજાયો, જેમાં પરમ, જય, હેમચંદ્ર, સાત્વી, ત્રિશા, તન્વી, હેતાંશી, મુક્તિ આદિ બાળકોએ ભાગ લીધો. આ સંવાદમાં ઉત્સવ થીમ 'દૃઢ પ્રીતિ'ને સમજાવવા માટે સંતો-હરિભક્તોના પ્રસંગોનો તલસ્પર્શી ઉલ્લેખ કરવામાં આવ્યો.

આશીર્વાદ આપતાં સદ્‌ગુરુ સાધુ પૂ. રતિદાદા અને પૂ. દિલીપદાદાએ ગુરુ અને સાચા સંત સાથે જીવની પ્રીતિ કરી આત્માનાં ઉત્થાન કરી લેવા સમજ આપી. ધૂન-ભજન-પ્રાર્થના-સ્વાધ્યાય કરવાથી આવી પડેલ દુઃખ, દુઃખ નહીં લાગે ને જીવન સરળ બની જશે તેવી અદ્‌ભુત વાત સમજાવી.

ત્યાર બાદ ઉપસ્થિત સંતો દ્વારા સુંદર કમળ આકારમાં સજાવેલ જળાશયમાં ભગવાનને વિહાર કરાવવામાં આવ્યો અને મહાઆરતી અર્પણ કરવામાં આવી. અંતે આશિષભાઈ (વડોદરા)એ આભારવિધિ કરી. સૌએ સંતોનાં સાંનિધ્યમાં અદ્‌ભુત આનંદ માણ્યો. ◆

**ઉપાસના ધામ, સુરત :** સુરત સ્થિત ઉપાસના ધામ મંદિર ખાતે ૩ સપ્ટેમ્બરના રોજ જળઝીલણી એકાદશીની ભક્તિસંપન્ન ઉજવણી થઈ. આ નિમિત્તે બ્રહ્મજ્યોતિ, મોગરીથી સાધુ પૂ. ઉમેશદાસજી, પૂ. દિવ્યેશદાસજી તથા પૂ. મૂકેશદાસજી લાભ આપવા પધાર્યા. સુરત મંદિરના પૂજારી સાધુ પૂ. કાનજીદાસજીએ જળઝીલણી એકાદશીનો મહિમા સમજાવ્યો. સાધુ પૂ. ઉમેશદાસજીએ ગુરુઆજ્ઞા પાલનનો મહિમા સમજાવ્યો. ત્યાર બાદ સાધુ પૂ. દિવ્યેશદાસજીએ આશીર્વાદ આપ્યા.

સાધુ પૂ. મૂકેશદાસજીએ શ્રી ઠાકોરજી મહારાજનાં પૂજન કર્યાં અને સૌ સંતો -હરિભક્તોએ શ્રી ઠાકોરજી મહારાજને કલાત્મક જળકુંડમાં નૌકાવિહાર કરાવ્યો. આરતી અર્પણ કરી સૌએ ભક્તિ અદા કરી. રોહિતભાઈએ સૌની સેવાનાં વર્ણન કરી, સંતોની પધરામણી બદલ આભાર વ્યક્ત કર્યો. ◆

**ઉપાસના ધામ, અમદાવાદ :** ૩ સપ્ટેમ્બર, બુધવારના રોજ ઉપાસના ધામ, અમદાવાદ ખાતે જળઝીલણી એકાદશી નિમિત્તે અઠવાડિક સભામાં સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. ચંદ્રેશદાસજીનાં સાંનિધ્યે જળઝીલણી ઉત્સવ ભવ્ય રીતે ઊજવવામાં આવ્યો. સભા પ્રારંભે સૂરવૃંદ દ્વારા જળઝીલણી ઉત્સવનાં કીર્તન અર્પણ થયાં.

સાધુ પૂ. ગૌતમદાસજીએ પ્રાસંગિક આશીર્વાદ આપ્યા. સભા બાદ મંદિરજીના ગ્રાઉન્ડ ફ્લૉર પર વિશાળ જળકુંડમાં શ્રી ઠાકોરજીને જળવિહાર માટે સુંદર નૌકામાં બિરાજમાન કરવામાં આવ્યા હતા, ત્યાં સૌ એકત્ર થયા. સાધુ પૂ. ગૌતમદાસજી અને પૂ. ચંદ્રેશદાસજીએ શ્રી ઠાકોરજી અને નૌકાનાં પૂજન કર્યાં. સંતો અને વડીલોએ શ્રી ઠાકોરજીની મૂર્તિ પર જળ અભિષેક કર્યો અને સંતો-અક્ષરમુક્તોએ સમૂહ આરતીનો લાભ લીધો. ખૂબ મોટી સંખ્યામાં અબાલવૃદ્ધ, સંતો-અક્ષરમુક્તોએ શ્રી ઠાકોરજીને નૌકામાં જળવિહાર કરાવવાનો લાભ લીધો. ◆



ઉપાસના ધામ, વેમાર મંદિરે જળઝીલણી ઉત્સવ



ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે જળઝીલણી ઉત્સવ

**ભીંગરાડ :** શ્રાવણી વરસાદનાં નીરથી નદી, નાળાં, તળાવ અને જળાશયો છલકાઈ જાય છે, ને તેમાં જે કાંઈ કચરો પડ્યો હોય તે ઉલેચાઈને બહાર જતો રહે છે; પરિણામે જ્યારે ભાદરવા સુદ એકાદશીનું પર્વ આવે ત્યાં સુધીમાં નદી, તળાવમાં ચોખ્ખું પાણી આવી ગયું હોય છે. તે ચોખ્ખાં નીરમાં પહેલાં શ્રી ઠાકોરજી વિહાર કરે અને સ્નાન કરે એટલે તેઓના સ્પર્શમાત્રથી જળાશયોમાંનું પાણી વધુ પવિત્ર, ચોખ્ખું અને પ્રસાદતુલ્ય બની જતું હોય છે. જ્યારે આપણે જળાશયનાં નીર વડે શ્રી ઠાકોરજીના ભાવ સાથે અભિષેક કરીએ તો તેના ફળસ્વરૂપે ઠાકોરજી આપણાં અંતર ચોખ્ખાં કરી દે છે. આવા ભાવ સાથે ગુરુદેવ યોગીજી મહારાજના પ્રાગટ્યના અમરેલી પ્રદેશના ભીંગરાડ ગામના ભક્તોએ ૩ સપ્ટેમ્બર ૨૦૨૫-જળઝીલણી એકાદશીના પાવન દિવસે ભક્તિ ઉત્સવનું આયોજન કર્યું. પ્રારંભમાં કીર્તનોની રમઝટ બોલાવી. શ્રી ઠાકોરજીને થાળ, આરતી અર્પણ કર્યાં. ત્યાર બાદ ઉપસ્થિત સૌ ભક્તોએ શ્રી ઠાકોરજીની નાવને કૃત્રિમ જળાશયમાં વિહાર કરાવી ભક્તિ અદા કરી. આ પ્રસંગે ઉપસ્થિત સૌ ભક્તોએ અત્યંત આનંદની અનુભૂતિ કરી. કૃત્રિમ હોજને અમિષાબહેનનાં માર્ગદર્શન મુજબ ફળિયાની બહાર શેરીના રોડ મધ્યે ગોઠવ્યો, જ્યાં સૌએ અપાર ભક્તિભાવથી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો. ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ આ ઉત્સવમાં ભાગ લઈ અનહદ સુખની અનુભૂતિ કરી. ◆

**ગુરુસભા :** ૪ સપ્ટેમ્બરના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે યુવાનોની અઠવાડિક સત્સંગસભા-ગુરુસભામાં જળઝીલણી ઉત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું. આ ઉત્સવમાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા, પૂ. હર્ષદદાદા, પૂ. મનોજદાસજી અને સંતોનું દિવ્ય સાંનિધ્ય પ્રાપ્ત થયું. આ પ્રસંગે પરદેશની ધર્મયાત્રા સંપન્ન કરી પરત પધારેલા સંતો સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, પૂ. પરેશદાસજી અને પૂ. રવિદાસજીનું સ્વાગત કરવામાં આવ્યું. શ્રી ઠાકોરજી મહારાજનાં પૂજન અને સંતોનાં પુષ્પાદિથી સ્વાગત કર્યા બાદ સૂરવૃંદના યુવાનોએ ઉત્સવ અનુરૂપ મહિમાનાં અદ્‌ભુત કીર્તનો રેલાવ્યાં. પરદેશથી પધારેલા સૌ સંતો વતી સાધુ પૂ. પરેશદાસજીએ પરદેશમાં સંતભગવંત સાહેબજીનાં આધ્યાત્મિક કાર્ય, યુવાનોનાં સમર્પણ અને ભક્તિ સત્સંગ પ્રવૃત્તિ તથા પરદેશમાં યોજાયેલા સમૈયા-ઉત્સવની સ્મૃતિઓ વાગોળી અને વિસ્તારથી જણાવી. ત્યાર બાદ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી ઉત્સવ-મહિમા સમજાવ્યો અને સત્સંગપ્રધાન અર્થાત્ પ્રભુ અને ગુરુમુખી જીવન જીવવાનો મર્મ દૃઢ કરાવ્યો. યુવાનો દ્વારા તૈયાર કરાયેલ સુશોભિત વિશાળ જળકુંડમાં કલાત્મક નૌકામાં બિરાજમાન શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીનાં પૂજન કરાયાં. મંત્રપુષ્પાંજલિ અને આરતી અર્પણ કરવામાં આવી. ત્યાર બાદ સંતો અને અક્ષરમુક્તોએ શ્રી ઠાકોરજીના અભિષેક અને જળવિહારનો લાભ લીધો. આ પ્રસંગે મોગરી, આણંદ, વલ્લભવિદ્યાનગર અને કરમસદ મંડળના ભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સવનો આનંદ માણ્યો. ◆

**ડૅન્હમ, યુ.કે. :** સંતભગવંત સાહેબજીની પાવન નિશ્રામાં ઈંગ્લૅન્ડ ખાતે જળઝીલણી ઉત્સવની ભક્તિસંપન્ન ઉજવણી ૩ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી દિવ્ય આનંદ માણ્યો. સતીશભાઈ ચતવાણી અને સાધુ પૂ. હિંમત સ્વામીજીએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પાઠવી આધ્યાત્મિક સમજણ પૂરી પાડી. વિશાળ જળકુંડમાં કલાત્મક નૌકામાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજનાં પૂજન-અભિષેક-આરતી સંતો-ભક્તો દ્વારા કરવામાં આવી. ◆



તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર ગુરુસભામાં જળઝીલણી ઉત્સવ



ડૅન્હમ-ઈંગ્લૅન્ડ મંદિરજીમાં સંતભગવંત સાહેબજીની નિશ્રામાં જળઝીલણી ઉત્સવ



શિવકથાકાર શ્રી ગિરિબાપુ સાથે મુલાકાત



ઈંગ્લૅન્ડ સ્થિત શીખગુરુ બાબા અનહદરાજ સિંઘ સાથે મુલાકાત-અભિવાદન



મહોત્સવ સ્મૃતિકેન્દ્ર (ગિફ્ટ શૉપ)ની મુલાકાત અને સેવકોને આશીર્દાન



આંતરરાષ્ટ્રિય યુવાસંમેલનમાં યુવાઓને સંતભગવંત સાહેબજી સાથે ગોષ્ઠિનો લાભ



‘સંતસમાગમ ભાગ-૯’ ઑડિયો આલ્બમનાં મુક્તાર્પણ



‘સંતસમાગમ ભાગ-૧૦’ ઑડિયો આલ્બમનાં મુક્તાર્પણ



‘છે માહાત્મ્યસભર વાણી સદા ભાગ-૯’ ઑડિયો આલ્બમનાં મુક્તાર્પણ



ઈંગ્લૅન્ડ મંદિરે શ્રી નીલકંઠવર્ણીજી મૂર્તિના અભિષેક



સાધુ પૂ. હિંમત સ્વામીજી પ્રાગટ્યદિનની દિવ્ય સ્મૃતિ




વડીલ સાધુ પૂ. દિલીપદાસજીના અમૃતપર્વની સભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



હાઉસ ઑફ લૉર્ડ્સમાં લલિતભાઈ અને લૉર્ડ ગઢિયા દ્વારા વિશિષ્ટ સન્માન

॥ સ્વામિશ્રીજી ॥

# ભાવભર્યું નિમંત્રણ !

શ્રી ઠાકોરજીમહારાજ અને સંતભગવંત સાહેબજીની સંનિધિમાં
આ દીપોત્સવીએ આતમ આંગણું દિવ્ય પ્રકાશે અજવાળીએ !
નૂતનવર્ષને દિવ્ય સંકલ્પ-પ્રાર્થનાથી આવકારીએ !
સંતો અને દિવ્ય અક્ષરમુક્તોનાં દર્શને આનંદીએ !
બ્રહ્મજ્યોતિમાં બ્રહ્મસ્પર્શ માણી ધન્ય થઈએ !

## તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં પ્રકાશપર્વો !



**૧૮ ઑક્ટોબર ૨૦૨૫, શનિવાર**
આસો વદ તેરશ, ધનતેરશ
સાંજે ૦૬.૩૦ વાગ્યે : **શ્રી લક્ષ્મીપૂજન**



**૨૦ ઑક્ટોબર ૨૦૨૫, સોમવાર**
આસો વદ અમાસ, દીપાવલી
સાંજે ૦૬.૩૦ વાગ્યે : **શ્રી શારદાપૂજન**



**૨૨ ઑક્ટોબર ૨૦૨૫, બુધવાર**
કારતક સુદ પડવો, નૂતનવર્ષ ૨૦૮૨
સવારે ૦૮.૩૦ વાગ્યે : **નૂતનવર્ષ મંગલ મિલન સભા**
સવારે ૧૧.૦૦ વાગ્યે : **અન્નકૂટોત્સવ, થાળ, આરતી**

**નમ્ર નિવેદન :**

૧. શ્રી સરસ્વતીપૂજન માટે ચોપડા સવેળા બ્રહ્મજ્યોતિ પહોંચાડશો તેવી વિનંતી !
૨. દીપોત્સવી દરમિયાન આપ બ્રહ્મજ્યોતિમાં રોકાણ કરવા ઈચ્છતા હો તો આપ આપના મંડળસંચાલકશ્રી દ્વારા આપના આગમન તેમજ પ્રસ્થાનની વિગત અમને ૧૨ ઑક્ટોબર, ૨૦૨૫ સુધીમાં જણાવશો તેવી નમ્ર વિનંતી !

ROUTE MAP

**Regd. News Paper / Air Mail / Book Post**

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26
* Date of Publication : 14th of each Month
* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office
"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 23-09-2025 * Office of Origin : Vallabh vidhyanagar
Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah
Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat
Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

To,

**If Undelivered Please return to :**
**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand, Gujarat, India * Phone : (02692) 230483, 230544**
**email : amindia@anoopam.org * website: www.anoopam.org**